પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

26 JANUARY, 2020
HAPPY REPUBLIC DAY

FRIDAY, 24 January, 2020 Vol. 16, No. 04 Pages 24+8 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### મકાઉ અને અમેરિકામાં પણ કોરોના વાયરસનો એક-એક કેસ જોવા મળતા સ્ટાફને માસ્ક પહેરવાના નિર્દેશ

# ચીનમાં કોરોના વાયરસથી ૧૭નાં મોતઃ ૬૫૦ને અસર

## વુહાન, હુઆંગગેંગ અને એઝોઉ શહેરની તાળાબંધી, ૩૦૦૦ શાળા બંધ રહેશે

વોશિંગ્ટન : ચીનમાં કોરોના વાયરસે ખતરનાક સ્વરૂપ ધારણ કરી લીધું છે. આ વાયરસને કારણે અત્યાર સુધીમાં ૧૭ લોકોનાં મોત થયા છે અને ૫૦૦થી વધુ લોકોને ઈન્ફેકશન લાગ્યું છે. અમેરિકામાં પણ આ વાયરસ જોવા મળ્યો છે. ત્યાં કોરોના વાયરસનો પ્રથમ કેસ નોંધવામાં આવ્યો છે. અમેરિકાના આરોગ્ય વિભાગે ગઈકાલે પોતાની ધરતી પર આ નવા ખતરનાક વાયરસનો પ્રથમ કેસ સપાટી પર આવ્યો હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું. અમેરિકાના આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે વોશિંગ્ટનની નજીક રહેતા ૩૦ વર્ષના પુરુષમાં આ વાયરસ જોવા મળ્યો છે. હાલમાં આ વાયરસની વેક્સિન તૈયાર કરવામાં આવી રહી છે. ચીનના હુબેઈ પ્રાંતના વુહાન શહેરમાં નોવેલ કોરોના વાયરસ દ્વારા ન્યૂમોનિયાના પ્રકોપ પછી અનેક દેશોમાં દહેશતની સ્થિતિ છે. ચીનના તાબા હેઠળના મકાઉમાં પણ કોરોના વાયરસનો પ્રથમ કેસ સપાટી પર આવ્યો છે. આ કેસ સપાટી પર આવ્યા પછી સત્તાવાળાઓએ કેસિનોના સ્ટાફમે માસ્ક પહેરવાના નિર્દેશ આપ્યા છે. ગુરુવારે ચીની સત્તાવાળાઓએ કોરોના વાઈરસના રોગચાળાના એપી સેન્ટર વુહાન, હુઆંગગેંગ અને એઝોઉ શહેરોની તાળાબંધી કરી દીધી હતી. ગુરુવારે સવારથી જ ચીની સત્તાવાળાઓએ ૧ કરોડ ૧૦ લાખની વસતી ધરાવતા વુહાન શહેરમાં હવાઈ, રેલ અને માર્ગ પરિવહન પર પ્રતિબંધ મૂકી દીધો હતો. ગુરુવાર બપોર સુધીમાં હુઆંગગેંગ અને એઝોઉ શહેરોમાં પણ ટ્રાવેલ બાન લાદી દેવાયો હતો. આ ત્રણે શહેરની કુલ વસતી અંદાજિત બે કરોડ જેટલી છે. ચીની સત્તાવાળાઓએ ગુરુવાર સવારથી જ વુહાન શહેરમાં વિમાનોની અવરજવર અટકાવી દેવાઈ હતી. શહેરમાં આવતી અને રવાના થનારી તમામ ફ્લાઈટ પર પ્રતિબંધ મૂકી દેવાયો હતો. શહેરમાં આવતી અને રવાના થતી તમામ રેલવે સેવા પર રોક લગાવી દેવાઈ હતી. શહેરમાં પ્રવેશતા તમામ ધોરીમાર્ગ બંધ કરી દેવાયા હતા. વુહાનમાં લોકોને શહેરની બહાર નહીં જવાનો આદેશ જારી કરાયો છે.



### ૭ એરપોર્ટ પર તપાસ થશે

બેઈજિંગ : ભારતમાં કુલ સાત મોટા એરપોર્ટ પર સ્ક્રિનિગની વ્યવસ્થા કરી રહીં છે. દિલ્હી, કોલકાતા,ચેન્નઇ, બેંગલુરૂ, હૈદરાબાદ, અને કોચીન એરપોર્ટ પર ચીનથી આવનારા પ્રવાસીઓની થર્મલ સ્ક્રિનિગ કરવામાં આવી રહી છે. ભારતમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવવાર મંત્રાલયની એડવાઇઝરી બાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તમામ એરપોર્ટસને ચીનથી આવનારા પ્રવાસીઓની તપાસ કરવાનાં આદેશ આપવામાં આવ્યા છે.

### સાઉદીમાં ભારતીય નર્સને કોરોનાનો ચેપ, કેરળની 30 નર્સને ગોંધી દેવાઈ

સાઉદી અરબની એક હોસ્પિટલમાં એક ભારતીય નર્સનો કોરોના વાઇરસનો ટેસ્ટ પોઝિટિવ આવતાં કેરળની 30 નર્સને એકાંતવાસમાં અલગ રખાઇ છે. એક નર્સે મલયાલમ ચેનલને ફોન પર જણાવ્યું હતું કે, અમને હોસ્પિટલના બે અલગ રૂમમાં ગોંધી રખાયા છે. અમારા કોઇ ટેસ્ટ કરાતા નથી અને અમને યોગ્ય સારવાર પણ અપાઇ રહી નથી. કેરળના સીએમ પી. વિજયને કેન્દ્ર સરકારના હસ્તક્ષેપની માગ કરી છે. આ ઉપરાંત વુહાનથી રવાના થઈ ગયેલા સેંકડો ભારતીય વિદ્યાર્થીઓ આ ચેપી રોગના વાહક બને તેવી ચિંતા ઘેરી બની છે.

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

એકવાર પધારો, દિલ ખશ ના થઈ જાય તો કહેજો
Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ,
લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જ્વેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com
www.ashokjewellers.ca

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# આર્થિક મંદીમાંથી બહાર આવી રહેલું કેનેડાનું અર્થતંત્ર : અહેવાલ

## ૨૭થી ૩૯ અર્થશાસ્ત્રીઓએ પોતાની સમીક્ષાઓ જાહેર કરી, બેંક ઓફ કેનેડાની બેઠક પહેલા વ્યાજ દરમાં વધારો નહીં થવાના સંકેતો

ટોરન્ટો : કેનેડાનું અર્થતંત્ર છેલ્લા ઘણા સમયથી મંદીમાંથી બહાર આવવા માંડયું છે એમ રોઈટર્સના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. આશરે ૭૦ ટકા અથવા ૨૭થી ૩૯ અર્થશાસ્ત્રીઓએ પોતાની સમીક્ષાઓ જાહેર કરી છે.

તેમાં જણાવાયું છે કે, સેન્ટ્રલ બેંક આ વર્ષે પણ ૧.૭૫ ટકાનો વ્યાજદર જાળવી રાખશે. ડીસેમ્બરની શરૂઆતમાં હાથ ધરાયેલા અભ્યાસમાં આ સંખ્યા ૧૬ થી ૩૧ની હતી. બધા જ ભાગ લેનારાઓમાંથી એક અર્થશાસ્ત્રીએ અનુમાન વ્યકત કર્યુ હતું કે, બેંક ઓફ કેનેડાને જાન્યુઆરીની ૨૨મીએ બેઠક મળે એ પહેલા વ્યાજદરોમાં કોઈ ફેરફાર નહીં થાય. ચાઈના અને અમેરિકા વચ્ચે ૧૮ મહિનાના વ્યાપારી સંઘર્ષ બાદ આ સપ્તાહે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર સહી કરવામાં આવતા અર્થશાસ્ત્રીઓમાં આશા જાગી છે.

સીટી બેંકના પ્રખ્યાત અર્થશાસ્ત્રી વેરોનિકા કલાર્કે એક વિશેષ અહેવાલમાં જણાવ્યું હતું કે, બેંક ઓફ કેનેડાએ વર્ષ ૨૦૨૦માં કાપ મુકવાને બદલે નોકરીઓમાં વધારો થાય એવું પ્રોત્સાહન આપવું જોઈએ.હાલમાં જે આંકડા બહાર પાડવામાં આવ્યા છે તે મુજબ ચોથા ત્રિમાસિક ગાળા બાદ જે નબળાઈ જણાય છે, તે કામચલાઉ છે અને ડીસેમ્બર મહિનાથી નોકરીઓ વધવાનું પ્રમાણ વધ્યું છે. જાન્યુઆરી ૧૩ થી ૧૬ સુધી ચાલેલા આ અભ્યાસમાં ૪૦ અર્થશાસ્ત્રીઓએ અનુમાન વ્યકત કર્યુ હતું કે, કેનેડાના વાર્ષિક અર્થતંત્રનો વિકાસ ૧.૬ ટકા રહેશે અને છેલ્લા ત્રિમાસિક ગાળાને અંતે તેમાં ૦.૮ ટકાનો ઉમેરો થશે. આગામી વર્ષના બીજા ત્રિમાસિક ગાળા સુધી કેનેડાનો વાર્ષિક આર્થિક વિકાસ દર ૧.૭ ટકા જળવાઈ રહેવાની આશા વ્યકત કરવામાં આવી છે.

૨૧માંથી ૧૮ એટલે કે, ૮૫ ટકા અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, હાલ કેનેડાની જે આર્થિક મંદી છે તે કામચલાઉ છે. મોટાભાગના અર્થર્શાત્રીઓએ જણાવ્યું હતું કે, કેનેડાનું અર્થતંત્ર બેઠું થઈ રહ્યું છે.

બીએમઓ કેપીટલ માર્કેટના અર્થશાસ્ત્રી બેન્જામીન રીડસે જણાવ્યું હતું કે, આપણે હજુપણ વિશ્વમાં ચાલતા પ્રવાહો પર આધારીત છીએ. જેથી જો વૈશ્વિક અર્થતંત્ર કોઈપણ કારણોસર ચાલુ વર્ષમાં સ્થગિત થઈ જશે તો આપણે ત્યાં પણ એવું જ થશે. મને નથી લાગતું કે, ખાસ કરીને કેનેડામાં મજબૂત આર્થિક વિકાસ થાય. અને જો વિશ્વના અર્થતંત્રનો સારો વિકાસ થશે તો આપણે ત્યાં પણ એમ જ થશે.

આગામી વાર્ષિક ત્રિમાસિક ગાળાથી ૨૦૨૧ની મધ્યઅવધિ સુધીમાં બેકારીનું પ્રમાણ ૫.૮ ટકા અને ઓકટોબર સુધીમાં આ પ્રમાણ ૫.૯ ટકાથી નીચે જશે એવું અનુમાન જાહેર કરવામાં આવ્યું છે.

એટલે કે, છેલ્લા ત્રિમાસિક ગાળામાં બેકારીનું પ્રમાણ સરેરાશ પાંચ ટકા રહેશે. જયારે ફુગાવાનો દર કેન્દ્રીય બેંકના લક્ષયાંક મુજબ આ વર્ષના અંત અને આગામી વર્ષ દરમિયાન ૨ ટકાની આસપાસ અથવા ૧.૯ ટકા રહેશે.

# ગુણવત્તાભર્યા જીવનમાં કેનેડા અવ્વલ

## ૮૦ દેશોમાં જુદાં જુદાં ૭૫ માપદંડોને આધારે સરવે કરાયો

ઓન્ટેરિયો : કેનેડાએ એક પ્રતિષ્ઠિત દેશ તરીકે વિશ્વમાં બીજું સ્થાન મેળવ્યા બાદ ૨૦૨૦માં સૌથી વધુ ગુણવત્તાસભર જીવાવાળા દેશ તરીકે પ્રથમ સ્થાન મેળવી પોતાની યશકલગીમાં એક વધારાનું પીંછુ ઉમેર્યુ છે.

યુ.એ.ન્યૂઝ એન્ડ વર્લ્ડ રીપોર્ટ અને વાયએન્ડ આરની બેવ એન્ડ મોર્ટન દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં વિશ્વના ૮૦ દેશોનો સમાવેશ કરાયો હતો. ૭૫ જુદાં જુદાં માપદંડોના આધારે આ ક્રમાંક નક્કી કરવામાં આવ્યો હતો.

આ દરેક માપદંડને નવ પેટા હિસ્સામાં વહેંચવામાં આવ્યા હતા. જેમાં નોકરીની સારી તકો, પોષણ ક્ષમતા, આર્થિક સ્થિરતા, પરિવારને અનુકૂળ વાતાવરણ, આવકની સમાનતા, રાજકીય સ્થિરતા, સલામતી, સુવિકસિત જાહેર આરોગ્ય વ્યવસ્થા અને સુવિકસિત જાહેર શિક્ષણ વ્યવસ્થા બાબતે છણાવટ થઈ હતી.

કેનેડાએ અનુક્રમે ડેન્માર્ક, સ્વીડન, નોર્વે અને ઓસ્ટ્રેલિયાને પાછળ રાખી દીધા હતા. આ દેશો વિશ્વના સૌથી વધુ ગુણવત્તાયુકત જીવન ધરાવતા દેશોમાં પાંચમું સ્થાન ધરાવે છે. કેનેડાને રાજકીય સ્થિરતા, નોકરીની સારી તકો, સલામતીનું વાતાવરણ તથા સારી શિક્ષણ વ્યવસ્થાને મુદ્દે પ્રથમ સ્થાન મળ્યું હતું.

વર્ષ ૨૦૨૦ના ગુણવત્તાયુકત જીવન ધરાવતા ટોચના વીસ દેશોમાં પહેલુ કેનેડા, બીજુ ડેન્માર્ક, ત્રીજુ સ્વીડન, ચોથુ નોર્વે, પાંચમું ઓસ્ટ્રેલિયા અને છઠ્ઠુ નેધરલેન્ડ, સાતમું સ્વીત્ઝર્લેન્ડ, આઠમું ન્યુઝીલેન્ડ,નવમું ફિનલેન્ડ, દશમું જર્મની, અગિયારમું ઓસ્ટ્રીયા, બારમું યુનાઈટેડ કિંગડમ, તેરમું લકઝમ્બર્ગ, ૧૪મુ જાપાન, પંદરમું યુનાઈટેડ સ્ટેટસ, સોળમુ ફ્રાન્સ, સત્તરમું પોર્ટુગલ, અઢારમું સ્પેન, ઓગણીસમું ચાઈના અને વીસમું સ્થાન સિંગાપોરને મળ્યું છે.

# ૩ વાયરલ ન્યુમોનિયાના કેસ:કોરોના વાઈરસ હોવાની સંભાવનાનો ઈન્કાર

### • કોરોના વાઈરસનુ ઉત્પત્તિ સ્થાન મુખ્યત્વે સી ફૂડ હોવાનુ તારણ

ઓન્ટોરિયો : કેનેડામાં ત્રણ વાઈરલ ન્યુમોનિયાના કેસનું પરિક્ષણ કરવામાં આવ્યું હતુ અને પરિક્ષણ દરમિયાન કોરોના વાઈરસ મળી આવ્યા હોવા અંગેના અહેવાલનો સોમવારે આરોગ્ય અધિકારીએ ઈન્કાર કર્યો હતો.

ડો. થેરેસા ટેમે વાઈરલ ન્યુમોનિયાના કેસ કયાં થયા હતા તે જણાવવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ તેણે કહ્યું હતું કે, આ ત્રણ મૃતકો ચાઈનીસ રાજય બુહાનથી કેનેડામાં આવ્યા હતા અને એવું માનવામાં આવે છે કે, બુહાનથી જ કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હતો. કોરોના વાઈરસનુ ઉત્પત્તિ સ્થાન મુખ્યત્વે સી ફૂડ હોવાનું માનવામાં આવે છે અને સેન્ટ ઝેન, બેઈજીંગ, જાપાન, થાઈલેન્ડ અને દ. કોરિયાના સી ફુડ માર્કેટ બંધ કરી દેવામાં આવ્યા છે.

ટેમે સ્પષ્ટતા કરી હતી કે, હું તમને એટલું જ કહી શકું કે, મેં જુદાં જુદાં રાજયો અને પ્રદેશોના મારા સમકક્ષા ચીફ મેડિકલ ઓફિસરોનો સંપર્ક સાધ્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે, અમે અમારી રીતે આ વાઈરસની સંભાવનાની તપાસ કરી રહ્યા છીએ. જો કે આ વાઈરસ હોવાની શકયતા તદન નહીંવત હોવાનું અમે માની રહ્યા છે.

# ઈરાને તોડી પાડેલા વિમાનના મૃતકોના પરિવારોને ૨૫ હજાર ડોલર અપાશે

### • મૃતક સ્વજનોની અસ્થિ કેનેડામાં દફન માટે લવાય તેવી ૨૦ પરિવાજની માંગ

વિનીપેગ ઓટાવા : વડાપ્રધાન જસ્ટી ટ્રુડોએ જણાવ્યું હતું કે, ઈરાન દ્વારા ગયા સપ્તાહે તોડી પડાયેલા યુક્રેનિયન વિમાનમાં માર્યા ગયેલા ૫૭ કેનેડીયન નાગરિકો અને ૨૯ કાયમી રહેવાસીઓના પરિવારોને ૨૫ હજાર ડોલર આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, મૃતકોની અંતિમવિધિ અને પ્રવાસના ખર્ચ માટેની વ્યવસ્થા કરવા આ નાણાં આપવામાં આવશે. આ પહેલા એવી જાહેરાત કરવામાં આવી હતી કે, વિમાન તોડી પાડવામાં આવ્યાથી જેમને અસર થઈ છે તેવા પરિવારોને વીઝા ફીમાંથી મુકિત તથા વીઝા ઝડપથી આપવામાં આવશે. ઈરાન પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવાથી મૃતકોના પરિવાર માટે વિચિત્ર અને અણધારી પરીસ્થિતિ ઉભી થઈ છે. ટ્રુડો શુક્રવારના રોજ ઓટાવા ખાતે યોજાયેલી પત્રકાર પરીષદને સંબોધી રહ્યા હતા. તેમણે સ્પષ્ટ કહ્યું હતુ કે, મૃતકોના પરિવારોને ઈરાને વળતર આપવું જોઈએ. જો કે, તેમાં સમય જશે એમ તેમણે જણાવ્યું હતું. હું મૃતકોના પરિવારજનોને મળ્યો હતો. તેઓ આટલા સપ્તાહો સુધી રાહ જોઈ શકે નહીં, આ પરિવારોને અત્યારે જ ટેકાની જરૂર છે. ટ્રુડોએ કહ્યુ હતુ કે, ૨૦ મૃતકોના પરિવારોએ વિનંતી કરી છે કે, તેમના લાડલાઓના અસ્થિ કેનેડામાં દફનાવવા માટે લાવવામાં આવે. મારા અનુમાન મુજબ મૃતદેહો અહીં લાવવામાં આવશે. તેમાનો પ્રથમ મૃતદેહ અહીં દફનાવવામાં આવશે. જો બધા જ પરિવારો મદદ માંગશે તો સરકારને બે મિલીયન ડોલરથી વધુનો ખર્ચ ઉઠાવવો પડશે.






# મેનીટોબામાં સર્જાયેલા બરફના વિશાળ ઢગલાએ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો



## • બે ફુટ પહોળી અને ૬ ફુટ ઉંચી બરફની દિવાલ સર્જાઈ

સેન્ટ એડોલ્ફ : માણસ કયારેક કલ્પી ન શકે તેવું સર્જન પ્રકૃતિ દ્વારા થતું હોય છે. આવો જ એક બનાવ દક્ષિણ વિનીપેગના મેદાનોમાં બન્યો હતો. જેમાં બરફની એક ચળકતી દિવાલ ભારે બરફ પડવાને કારણે સર્જાઈ હતી. જે વિશ્વમાં બરફથી રચાયેલા સૌથી મોટા ઢગલા તરીકે વિક્રમમાં ફેરવાઈ ગયો હતો. ૨૦૭૮૯ ચો.મી.નો આ ઢગલો મેનીટોબાની રાજધાની સેન્ટ એડોલ્ફથી ૩૦ કિ.મી. દૂર દક્ષિણમાં જોવા મળ્યો હતો. બરફનો આ ઢગલો કહો કે માર્ગ કહો તેણે મેનીટોબાને વિશ્વમાં સૌથી મોટા બરફના ઢગલા તરીકે ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન અપાવ્યું હતું.

ઠંડીની ઉઘડતી સિઝનમાં આ રેકોર્ડ નોંધાયો હતો. બરફના આ ઢગલાના માલિક કલીન્ટ મેસી કહે છે કે, બરફની આ દિવાલ રચાઈ હતી તે બે ફૂટ પહોળી અને છ ફૂટ ઉંચી હતી. જે મધ્યયુગના કોઈ કિલ્લાની આજુબાજુ બાંધવામાં આવી હોય તેવી દિવાલ જેવી લાગતી હતી.

મેસી કહે છે કે, આ ઘટના ખરેખર રોમાંચક છે. કારણ કે, આઠ ફૂટ લાંબી દિવાલ બનાવવી હોય તો એમાં આશરે ચાર ઘનફૂટ બરફની જરૂર પડે છે. ઘરની આજુબાજુ રચાયેલી આ દિવાલ લોકોને ઠંડીની સામે રક્ષણ આપે છે.

લોકો આ સૌથી મોટી બરફની દિવાલની મોજ માણવા સ્નોપેડ, બૂટ, ટોકસ અને મિટન્સ પહેરી માર્ગો પર નીકળ્યા હતા. આશરે ૨૦ હજાર લોકો ઠંડીની શરૂઆતમાં બનેલા વિશ્વના સૌથી મોટા ઢગલાની મોજ માણવા નીકળી પડયા હતા.

કેનેડામાં જયાં વધુ બરફ પડે છે તેવા રાજયોમાં લોકો આવી બરફની કલાકૃતિઓ બનાવવાની પ્રવૃત્તિમાં વ્યસ્ત થઈ જાય છે અને બરફની આવી અનેક માનવ સર્જર્તિકૃતિઓની સ્પર્ધા પણ યોજાય છે અને કયારેક તે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બુકમાં સ્થાન મેળવે છે. મેસીએ ૧૦ કલાક મહેનત કરી એક ઉત્તમકલાકૃતિ તૈયાર કરી હતી.










# જીવલેણ કોરોના વાઇરસ : નવી આફતથી આખું વિશ્વ ચિંતાતૂર

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ચીનના વુહાન શહેર બાદ વિશ્વભરમાં ફેલાઈ રહેલા રહસ્યમય કોરોના વાઈરસથી સમગ્ર જગત ચિંતામાં મુકાયું છે. હવે આ વાયરસે અમેરિકામાં પણ પગપેસારો કર્યો છે. યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શનએ મંગળવારે અમેરિકામાં વુહાન વાઈરસનો પહેલો દર્દી નોંધાયો હોવાની જાહેરાત કરી હતી. દુનિયાભરમાં હાલ નોવેલ કોરોના વાઈરસ ચિંતાનો વિષય બન્યો છે. આ વાઈરસ ભારે તેજીથી ફેલાઈ રહ્યો છે.

કોરોના વાઈરસનો પ્રકોપ હાલ તો એશિયાના દેશોમાં વધારે છે. ખાસ કરીને ચીનમાં આ રોગ વધારે પ્રમાણમાં ફેલાયો છે. હકીકતમાં ચીનના હુવેઈ પ્રાંતમાં આવેલા વુહાન શહેરમાં આ રોગના કેસ સૌપ્રથમ જોવા મળ્યાં. જેના કારણે આ વાઈરસને વુહાન વાઈરસ તરીકે પણ ઓળખાવામાં આવી રહ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અનુમાન પ્રમાણે આ વાઈરસ સી-ફૂડ સાથે જોડાયેલો છે અને એની શરૂઆત વુહાનના સી-ફૂડ માર્કેટથી થઇ હોવાનું અનુમાન છે. આ વાઈરસ માણસો ઉપરાંત પ્રાણીઓમાં પણ ફેલાઈ રહ્યો છે. અગાઉ આ વાઈરસ વિશે એવી જાણકારી હતી કે તે સી-ફૂડ ખાવાથી ફેલાય છે. પરંતુ હાલમાં હૂએ સંભાવના વ્યક્ત કરી છે કે, આ વાઈરસ પરિવારના લોકોમાં પણ ફેલાઈ શકે છે. કોરોના વાઈરસથી પીડિત દર્દીઓમાં તાવ, ખાંસી અને કફ જેવા લક્ષણો જોવા મળે છે. કેટલાક દર્દીઓમાં ન્યુમોનિયાના લક્ષણો પણ જણાયા છે. કારણ કે, તેનાથી ફેફસાંમાં બળતરા જેવી અસર વર્તાય છે. તે ઉપરાંત શ્વાસનળીમાં સોજો આવવો કે શ્વાસ લેવામાં તકલીફ પડવા જેવી પણ સ્થિતિ આવી શકે છે. કોરોનાવાઈરસથી સંક્રમિત થનારી વ્યક્તિને શરૂઆતમાં શ્વાસ લેવામાં તકલીફ પડે છે. એ પછી ગળામાં દુઃખાવો, ખાંસી અને તાવ આવે છે. એ પછી આ તાવ ન્યૂમોનિયાનું સ્વરૂપ લઈ શકે છે. ન્યૂમોનિયાના કારણે કિડની સાથે સંબંધિત તકલીફ થઈ શકે છે.

ચીનમાં કુલ ૫૧૮ લોકો આ વાઈરસને ચપેટમાં આવ્યાં હોવાની પુષ્ટિ થઈ છે. ૧૧ મિલિયન લોકોની વસતી ધરાવતા ચીનના સૌથી વ્યસ્ત શહેર વુહાનમાં અત્યાર સુધી ૧૭ લોકોનાં મોત થયા છે. વુહાનની ઉપરાંત ચીનના બીજા શહેરો બેઈજિંગ અને શાંઘાઈમાં પણ આ વાઈરસે દેખા દીધી છે. ૧૦ હજાર કરતા વધારે લોકો વાઈરસથી સંક્રમિત થયા છે.

ચીનના વુહાન શહેરથી ફેલાયેલો આ વાઈરસ ચીનની રાજધાની બીજિંગ સુધી પહોંચી ગયો છે. તવારીખ પર નજર કરીએ તો ડીસેમ્બર માસમાં ૩૧મીએ વુહાનમાં આ કેસનો દર્દી મળતા તરત જ ડબલ્યુએચઓને જાણ કરાઈ હતી. જે બાદ જાન્યુઆરીમાં તે શહેરનું સી ફુડ બંધ કરી દેવાયું હતુ. ૯મી જાન્યુઆરીએ આ કેસના ૬૧ વર્ષીય દર્દીનું મોત થયા બાદ ૧૪મીએ સમગ્ર વિશ્વ આરોગ્ય સંગઠને હોસ્પિટલોને ચેતવણી જારી કરી હતી. દરમિયાન ૧૬ જાન્યુઆરીએ વુહાનમાં આવેલા જાપાની નાગરિકમાં આ કેસના પોઝિટિવ ટેસ્ટ જણાયા હતા. જે પછી તરત જ એટલે કે ચાર દિવસમાં ત્યાં શહેરમાં આ કેસના દર્દીઓની સંખ્યા ૫૦૦ને આંબી ગઈ હતી.

એમાંયે હવે ચીની નવું વર્ષ આવી રહ્યું હોવાના કારણે દુનિયાભરમાં ચિંતા વધી ગઈ છે. કારણ કે આ ઉત્સવ દરમિયાન દુનિયાભરમાં વસતા લાખો ચીની લોકો પોતાના વતન ઉજવણી કરવા માટે જાય છે. આ લોકો ફરી પાછા પોતપોતાના વસવાટવાળા દેશોમાં પરત ફરે ત્યારે ત્યાં પણ આ રોગ લઈ જાય એવો ભય છે. ભારતની સમીપ હોવાના કારણે આ વાઈરસ દેશમાં પણ ફેલાવાની શક્યતા જણાઈ રહી છે. જેથી ભારત પણ સાવચેત બની ગયું છે. રાજધાની દિલ્હી ઉપરાંત મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, બેંગાલુરુ, કોચિ, હૈદરાબાદના હવાઈમથકો ઉપર થર્મલ સ્ક્રીનિંગની વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે. ખાસ કરીને ચીન અને હોંગકોંગથી આવતા મુસાફરોની તપાસ કરવામાં આવી રહી છે. ચીનમાં કોરોનાવાઈરસના કારણે અત્યાર સુધી નવ જણાના મૃત્યુ નીપજ્યાં છે જ્યારે વાઈરસનો ભોગ બનેલા લોકોની સંખ્યા વધીને ૪૪૦ સુધી પહોંચી ગઈ છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આ વાઈરસના સંદર્ભમાં ઈમરજન્સી બેઠક બોલાવી છે અને હવે એ નક્કી કરવામાં આવશે કે, આ બીમારીને મેડિકલ ઈમરજન્સી જાહેર કરવી કે નહીં? ખાસ કરીને આજે હવાઈ મુસાફરીના કારણે દુનિયાભરના દેશો વચ્ચેનું અંતર ઘટી ગયું છે એ સંજોગોમાં આખી દુનિયામાં આ બીમારી ફેલાવાનો ભય સેવાઈ રહ્યો છે. ચીન બાદ જાપાન, થાઈલેન્ડ અને દક્ષિણ કોરિયામાં પણ આ વાઈરસનો ભોગ બનેલા લોકોના કેસ સામે આવ્યાં છે. દર્દીઓમાંથી લેવામાં આવેલા આ વાઈરસના સેમ્પલની પ્રયોગશાળામાં તપાસ કરવામાં આવી છે જે પછી ચીનના વિશેષજ્ઞો અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આ કોરોનાવાઈરસ હોવાની પુષ્ટિ કરી છે. કોરોનાવાઈરસ અનેક પ્રકારના હોય છે. પરંતુ એમાંના છ વાઈરસ માણસોમાં ફેલાતા હોવાની જાણકારી હતી. હવે નવા વાઈરસની ભાળ મળ્યા બાદ આવા જીવલેણ વાઈરસની સંખ્યા વધીને સાત થઈ ગઈ છે. નવા વાઈરસના જિનેટિક કોડના વિશ્લેષણથી સામે આવ્યું છે કે, માણસોમાં ફેલાતા અન્ય કોરોનાવાઈરસની સરખામણીમાં આ નવો વાઈરસ સાર્સના વાઈરસને મળતો આવે છે.

સાર્સ નામનો કોરોનાવાઈરસ અત્યંત ખતરનાક મનાય છે. આ વાઈરસ પણ અગાઉ ચીનમાં જ ફેલાયો હતો. વર્ષ ૨૦૦૨માં ચીનમાં આ સાર્સ વાઈરસનો આશરે નવ હજાર જણાને ચેપ લાગ્યો હતો. જેમાંના ૭૭૪ જણાના મૃત્યુ નીપજ્યાં હતાં. વૈજ્ઞાનિકોની શોધખોળમાં બહાર આવ્યું હતું કે, સાર્સનો વાઈરસ ચામાચિડીયા મારફતે માણસોમાં ફેલાયો હતો. વર્ષ ૨૦૧૨માં સાઉદી અરેબિયામાં પણ મિડલઈસ્ટ રેસ્પિટરી સિન્ડ્રોમ નામનો વાઈરસ ફેલાયો હતો. ત્યારથી લઈને અત્યાર સુધી આ વાઈરસના કારણે મધ્યપૂર્વના દેશોમાં ૮૦૦થી વધારે લોકોના મૃત્યુ નીપજ્યાં છે. આ વાઈરસ ઊંટો દ્વારા માણસોમાં ફેલાયો છે. ઓસ્ટ્રેલિયામાં પણ વાઈરસનો પહેલો કિસ્સો નોંધાયો છે. ચીનમાંથી ઓસ્ટ્રેલિયા આવેલા એક પ્રવાસીમાં આ વાઈરસનાં લક્ષણો દેખા દેતાં ઓસ્ટ્રેલિયાએ તેની પર જાપ્તો વધારી દીધો છે. આ સંદિગ્ધને બ્રેસબેન મેડિકલ સેન્ટરના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાયો છે અને તેની પર બાજનજર રાખવામાં આવી રહી છે.

એક જાણકારી મુજબ એશિયામાં ૨૦ હેલ્થકેર કામદારો સહિત કુલ ૩૨૨ લોકો આ વાઈરસનો ભોગ બન્યાં છે. થોડા દિવસોમાં આ રોગચાળાનું જોખમ છ ગણું વધ્યું છે. ૧૭ જાન્યુઆરીએ ૪૮ કેસોની પુષ્ટિ કરાઈ હતી. ઓસ્ટ્રેલિયા અને ફિલિપાઈન્સ કોરોના વાઈરસના સંદિગ્ધ કેસોની તપાસ કરી રહ્યું છે. જ્યારે નોર્થ કોરિયાએ બહારથી આવનાર તમામ પ્રવાસીઓ પર પ્રતિબંધ મૂકી દીધો છે. એ જ રીતે સાઉથ કોરિયાની બજેટ એરલાઈન ટીવે એરે વુહાન સુધીની તમામ સસ્તી ફ્લાઈટોને હાલ પૂરતી બંધ કરી દીધી છે. તો બ્રિટનમાં પબ્લિક હેલ્થ અધિકારીઓએ એનએચએસ હોસ્પિટલોને

અનુસંધાન પેજ નં. ૧૫

મનોજ ગાંધી
manoj1968@yahoo.ca

ThermEnergy
Heating & Cooling
WWW.THERMENERGY.CA
Need New Furnace ?
With free 10 years protection ( Parts + Labor)
1 year free supply of filters.
Up to $850 rebate from government
Starts from only.
$2650 + Tax

CALL US FOR
FREE
CONSULATION
647-785-9255
IS YOUR HEATING SYSTEM READY FOR WINTER??
Get your furnace tune up for only $89.99
Unit#26, 151 Nashdene Rd, Scarborough, ON M1V4C4
416-335-9255 I 647-785-9255
info@thermenergy.ca Website : www.thermenergy.ca

"Let Me Make Your Dream Home Into A Reality"
Residential, Commercial & Investment in Real Estate

JAY PATEL
SALES REPRESENTATIVE
Dir : 647-241-3818
jaypatel1323@gmail.com

$649,000

2240 Lakeshore Blvd
Live By The Lake! This Spacious One Bedroom Plus Den W/Gorgeous Views Of The Lake, T.O. Skyline & Manicured Rooftop Gardens! Unit Features A Great Open Layout With No Wasted Space. Highlighted By Hardwood Floors, Granite Counters, Freshly Painted, New Carpet, Stainless Steel Appliances, Two Walk-Outs To Balcony, A Master W/I Closet & Breakfast Bar, Parking And Locker Included. Extras : Luxury Amenities Incl: Indoor Pool, Gym, Sauna, Party Rooms, Bbqs, Roof Lounge & More! Just Steps From Ttc, Metro. Shoppers Drug Mart, Lcbo, Humber Bay Park/Trails.
TORONTO

$649,000

23 Solway Ave
Welcome To The Absolutely Show Stopper 3+1 Bedroom Link Home Attached By Garage And Chimney With Separate Living And Family Room With Fireplace,New Ceramic Tiles On Main Floor,Laminate In Living And Family,Laminate In All Bedrooms,No Carpet In The House.Newly Renovated Washrooms,Spacious Partially Finished Basement With Huge Bedroom And Washroom. Located In A Quiet Neighborhood, Close To Park, Schools, Shops, Restaurants,Grocery Shp, Hwy 410..Must See....
BRAMPTON

HOMELIFE MAPLE LEAF REALTY LTD.
Each Office Independently Owned & Operated
Office Address- 80 Eastern Avenue, Unit #3, Brampton, Ontario,L6W 1X9
Ph. No. : 905-456-9090

# SkyRoute

## TRAVEL SERVICES INC.



AIR CANADA · QATAR AIRWAYS القطرية · Lufthansa · Emirates · ETIHAD AIRWAYS الاتحاد

| | | |
|---|---|---|
| AHMEDABAD | → | $1159 |
| DELHI | ← | $999 |
| VADODARA | → | $1199 |
| MUMBAI | ← | $989 |

24 24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી
બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC · IATA · tico.ca

Travel Industry Council of Ontario
Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

### OFFICE IN AHMEDABAD

SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

### SPECIAL FARES FROM

Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# મેકમરેમાં વિશ્વનું સૌથી સસ્તુ મકાન બજાર : સરવેનું તારણ

## કેનેડા ઉપરાંત ઓસ્ટ્રેલિયા, હોંગકોંગ, આયરલેન્ડ, જાપાન, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, અમેરીકા અને યુ.કે.માં સરવે કરાયો



મોન્ટ્રીયલ : ડેમોગ્રાફિયાના ૨૦૨૦ના આર્થિક સર્વેમાં જણાવાયું છે કે, ફોર્ટ મેકમરે કે જે તૈલી રેતી માટે જાણીતું છે ત્યાં વિશ્વનું સૌથી સસ્તુ મકાન બજાર બની રહ્યું છે. ગયા વર્ષે તેનો ક્રમાંક ચોથો હતો. વર્ષ ૨૦૧૪માં પ્રાયેરી શહેરોની પહેલી જમીનને કારણે અહીં મકાનના ભાવ ગગડી ગયા હતા. તેને પરિણામે અન્ય શહેરો કરતા અહીં મકાનો ૧.૮ ગણા સસ્તા હતા અને તેનો લાભ મધ્યમ અને ઓછી આવકવાળા લોકોને મળ્યો હતો. આ ઉપરાંત વર્ષ ૨૦૧૬માં ઈન્સ્યોરન્સ કોસ્ટ તથા જંગલમાં વારંવાર લાગતી આગને કારણે મકાનની કિંમતોમાં ભારે ઘટાડો થયો હતો.

વેનકુંવરની સરખામણીમાં ફોટસ્ મેકમરે ખાતે ૧૨.૬ ગણા લોકોએ મકાન ખરીદ્યા હતા. આમ આ શહેરને બીજી વખત વિશ્વના સૌથી સસ્તા હાઉસિંગ માર્કેટ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ૩૦૯ શહેરોનો સર્વે કરવામાં આવ્યો હતો તેમાં ફોર્ટ મેકમરે ૩૦૮મા ક્રમે હતું. ફકત હોંગકોગમાં આ સરેરાશ ૨૦.૯ની રહી હતી. જે સૌથી ખરાબ હોવાનું ગણાયું હતું.

આ અભ્યાસમાં કેનેડા સિવાય ઓસ્ટ્રેલિયા, હોંગકોંગ, આયરલેન્ડ, જાપાન, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, અમેરીકા અને યુ.કે.ને આવરી લેવાયા હતા. અભ્યાસ નોંધે છે કે, કેનેડા અને અમેરીકાના દેશોમાં મકાનના ભાવોમાં ભારે વૈવિધ્ય જોવા મળે છે. શહેરોને જે અનુક્રમ આપવામાં આવ્યા છે તેમાં મધ્યમ આવક ધરાવનાર જુથે ૪.૪ ગણી વખત મકાન ખરીદ્યા છે અને તેને કારણે સૌથી વધુ સસ્તા મકાન માટે કેનેડાના ફોર્ટ મેકમરેને બીજો ક્રમ મળ્યો હતો.

# ૨૦૧૯માં ૧૬ હજાર ઘુસણખોરને કેનેડામાં પ્રવેશતા અટકાવી દેવાયા

- **કેનેડામાં આશરો માંગનારાઓની સંખ્યામાં વધારો થયો**

ઓટાવા : વર્ષ ૨૦૧૯માં અધિકૃત સરહદી કેન્દ્રો અને આજુબાજુની સરહદોમાંથી કેનેડામાં ઘુસણખોરી કરનારાઓને આંતરવાની ઘટનાઓમાં ઘટાડો થયો છે એમ કેન્દ્ર તરફથી જાહેર કરવામાં આંકડાઓ દર્શાવે છે. પરંતુ કેનેડામાં આશ્રય માંગનારાઓની સંખ્યામાં વધારો થયો છે. ઈમીગ્રેશન, રેફયુજીસ એન્ડ સીટીઝનશીપ કેનેડાના આંકડા જણાવે છે તેમ વર્ષ ૨૦૧૯માં આરસીએમપીએ અમેરિકામાંથી કેનેડામાં પ્રવેશ માટે અવિધિસરના એન્ટ્રી પોઈન્ટ પરથી ૧૬૫૦૩ ઘુસણખોરોને અટકાવ્યા હતા. આ કેન્દ્રોમાં ન્યુયોર્ક અને કયૂબેક વચ્ચે આવેલા રોકસ હેમરોડ ક્રોસીંગનો સમાવેશ થાય છે. આ અગાઉ ૨૦૫૯૩ અને ત્યાર બાદના વર્ષમાં ૧૯૪૧૯ ઘુસણખોરોને અટકાવવામાં આવ્યા હતા. જો કે, કેનેડામાં આશરો માંગનારાઓની સંખ્યામાં વધારો થયો છે. ૨૦૧૮ના અગાઉના વર્ષમાં ૫૦૩૯૦, વર્ષ ૨૦૧૮માં ૫૫૦૪૦ અને ૨૦૧૯માં આ સંખ્યામાં વધારો થઈને ૬૩૮૩૦ સુધી પહોંચી ગયો છે. સરહદ પરથી ઘુસણખોરી અટકાવવા માટે લિબરલની સરકારે વિવિધ પ્રયાસો કર્યા હતા. જેમાં જુદા જુદા રાજકારણીઓ તથા અધિકારીઓને જુદા જુદા દેશોમાં લોકોને સમજાવવા માટે મોકલવામાં આવ્યા હતા. આમ છતાં પણ મોટાપાયે લોકોનો ધસારો વધી રહ્યો છે. આ ઘુસણખોરી અટકાવવા માટે કેનેડા અને અમેરિકા વચ્ચે કોઈ કરાર થયા નથી. પરંતુ સેફ થર્ડ કન્ટ્રી એગ્રીમેન્ટ માટે વાટાઘાટ ચાલી રહી છે.






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ
સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ-વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# સાવલીના MLA ઈનામદારનો રાજીનામાંનો હાઈવોલ્ટેજ ડ્રામા

વડોદરા : વડોદરા સાવલીના ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદારે ધારાસભ્યપદેથી રાજીનામુ આપી દેતાં બુધવારે ગુજરાત ભાજપમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ હતી. એમએલએ ઈનામદારે આક્ષેપ કર્યા કે, ખુદ મંત્રીઓ જ પ્રજાના કામો કરતાં નથી. ધારાસભ્યોના પ્રશ્નો અંગે મંત્રીઓ-અધિકારીઓ દરકાર લેતા નથી. મતવિસ્તારોમાં વિકાસના કામો થતા નથી. આ કારણો ધરીને કેતન ઈનામદારે વિધાનસભા અધ્યક્ષને રાજીનામાનો પત્ર આપ્યો છે. કેતન ઈનામદારના રાજીનામાને પગલે ભાજપમાં ખળભળાટ મચી ગયો છે કેમ કે,પહેલીવાર ગુજરાતમાં ભાજપ તૂટી



**અધિકારીઓ મનમાની કરતા હોવાનો આક્ષેપઃ સરકારની કાર્યશૈલી સામે પણ સવાલો ઉઠતા રાજકીય ગરમાવો**

ગયાના સંકેતો મળ્યા હતા. છેલ્લા કેટલાંય વખતથી ભાજપના ધારાસભ્યોનો એક જ સૂર રહ્યો છેકે, મત વિસ્તારમાં વિકાસના કામો થતાં નથી. અધિકારીઓ જ ધારાસભ્યોને ગાંઠતા નથી. ધારાસભ્યોનુ કોઈ સાંભળનાર જ નથી. પણ શિસ્તબધ્ધ પાર્ટીના ધારાસભ્યો અંદરોઅંદર જ ઘુંટાઈ રહ્યાં હતાં ત્યારે જ સાવલીના ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદારે અચાનક જ રાજીનામું ધરીને ભાજપને ઝટકો આપ્યો હતો.

ધારાસભ્ય કેતન ઈનામદારે વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીને રાજીનામુ સોપ્યું હતું. ઈનામદારે રાજીનામા પત્રમાં એવો આક્ષેપ કર્યો કે, સરકાર અને વહીવટી તંત્ર વચ્ચે સંકલનના અભાવે મારા મત વિસ્તારના પ્રશ્નોના મુદ્દે ખુદ સરકારના મંત્રીઓ અને અધિકારી ધ્યાન જ આપતાં નથી. પ્રજાના પ્રતિનીધી એવા ધારાસભ્યોનુ માન સન્માન પણ જળવાતુ નથી. જોકે, આ ઘટના બાદ ગુરુવારે કેતન ઈનામદારને મનાવા માટે આજે વડોદરામાં સર્કિટ હાઉસ ખાસે બે કલાક લાંબી મેરેથોન બેઠક ચાલી હતી. બેઠક બાદ જીતુ વાઘાણી અને કેતન ઈનામદારની સંયુક્ત પ્રેસકોન્ફરન્સમાં વાઘાણીએ જાહેરાત કરી કે, કેતનભાઈની નારાજગી દૂર કરવામાં આવશે. પક્ષ પ્રમુખ જીતુ વાઘાણી સાથે બેઠક કર્યા બાદ કેતન ઈનામદારે રાજીનામું પરત ખેંચવાની જાહેરાત કરી હતી.

## ઇનામદારના સમર્થનમાં ૩૦૦થી વધુ હોદ્દેદારોના રાજીનામા

અમદાવાદ: ભાજપના કેતન ઇનામદારે ધારાસભ્યપદેથી રાજીનામું આપ્યા બાદ તેમના સમર્થનમાં સાવલી અને ડેસરના ૩૦૦થી વધુ હોદ્દેદારોએ રાજીનામા આપ્યા છે. સાવલી નગરપાલિકાના પ્રમુખ–ઉપપ્રમુખ સહિત ભાજપના ૨૩ સભ્યોએ રાજીનામા આપ્યા છે. સાવલી તાલુકા પંચાયતના પ્રમુખ–ઉપપ્રમુખ સહિત ૧૭ સભ્યોએ તથા વડોદરા જિલ્લા પંચાયતના ૪ સભ્યોએ પણ રાજીનામા આપ્યા છે. સાવલી એપીએમસીના પ્રમુખ સહિત ૧૪ ડાયરક્ટરે ઉપરાંત બરોડા ડેરીના ડિરેક્ટરે પણ રાજીનામા આપી દીધું છે.

# કરમસદને આણંદ નગરપાલિકામાં સમાવવાના વિરોધમાં વિશાળ રેલી

- કરમસદ બચાવો આંદોલનના શ્રી ગણેશ : રાષ્ટ્રીય દરજ્જો નહીં મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે

આણંદ- કરમસદને બૃહદ આણંદ નગરપાલિકામાં ભેળવી દેવાની સરકારની હિલચાલના પગલે નગરજનો ભારે નારાજગી જોવા મળી રહી છે. સરકારે માત્ર સરદારના નામનો ઉપયોગ કર્યો છે. પરંતુ તેમના વતનને રાષ્ટ્રીય દરજ્જો આપવાની જગ્યાએ સરકાર દ્વારા કરમસદને આણંદ નગરપાલિકામાં સમાવિષ્ટ કરવાની હિલચાલ અંગે નગરજનોમાં વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે.

જેને લઈને રવિવારના રોજ કરમસદ શહેરના આગેવાનો, વિવિધ સમિતિઓ તથા ગામના એનઆરઆઈ ભેગા મળીને કરમસદ બચાવો આંદોલનના શ્રી ગણેશ કરી કરમસદના બસ સ્ટેશનેથી રેલી કાઢી વિરોધ નોંધાવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

આણંદ પાસેના કરમસદ ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ સરદાર સાહેબની પ્રતિમા પાસે રવિવારના રોજ ગ્રામજનો તથા શહેરની વિવિધ સમિતિઓના સભ્યો, એનઆરઆઈ, ભૂતપૂર્વ કાઉન્સિલરો વગેરે એકત્ર થયા હતા. સૌપ્રથમ સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર કરીને રેલીને પ્રસ્થાન કરમસદ સંતરામ મંદિરના મોરારીદાસજી અને બાપેશ્વર મહાદેવ મંદિરના જયરામગીરી મહારાજે કરાવ્યું હતું.

કરમસદ બચાવો અંતર્ગત શરૂ કરવામાં આવેલ આંદોલનમાં મોટી સંખ્યામાં જોડાયેલ નગરજનોએ નગરના વિવિધ વિસ્તારોમાં ઝંડારોપણ કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. સરદાર પટેલના વતન કરમસદ ગામને બચાવવાના નારા સાથે રેલી સ્વરૂપે સરદાર પટેલના નિવાસસ્થાને પહોંચી હતી. જ્યાં મહાનુભાવોએ સરદાર પટેલની પ્રતિમાને વંદન કરીને ફુલહાર કરી સૂત્રોચ્ચાર કર્યા હતા.

કરમસદના આગેવાન મિથિલેશભાઈ સહિતના આગેવાનોએ આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમો આપીને આંદોલન ચાલુ રાખવામાં આવશે તેમ જણાવ્યું હતું. ભારતીય કિશન યુનિયન(અ)ના પ્રમુખે સરદાર પટેલના ગામને અન્યાય થાય તે શાંખી લેવામાં નહીં આવે જ્યાં સુધી કરમસદને વિશેષ દરજ્જો ન અપાય ત્યાં સુધી લડત ચાલુ રાખવા ગ્રામજનોને જણાવ્યું હતું.

# વિદ્યાનગરમાં બે રાઉન્ડ ફાયરિંગ, એકને ઈજા

આણંદ- સાક્ષરનગરી ગણાતા વિદ્યાનગરના જનતા ચોકડી પાસે ચાર શખ્સોએ બે રાઉન્ડ હવામાં અને બે રાઉન્ડ એક વ્યકિત પર ફાયરિંગ કરાતા ચકચાર મચી ગઈ છે. પૈસાની લેતી-દેતીમાં ફાયરિંગ કરાયું હોવાની આશંકા સેવાઈ રહી છે.

વિદ્યાનગરની જનતા ચોકડી પાસે સોમવારે સાંજના સમયે પ્રમુખ ડાઈનિંગ હોલ નજીક ચાર શખ્સોએ ૨ રાઉન્ડ હવામાં ફાયરિંગ કર્યા બાદ બે રાઉન્ડ હરિભાઈ ભરવાડ પર ફાયરિંગ કરાતા ગંભીર ઈજા પહોંચી હતી. ગોળીબારમાં ઘવાયેલા શખ્સને સારવાર માટે કરમસદ મેડિકલ હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પૈસાની લેતી દેતીમાં મેહુલ, ગોવિંદ સહિતના ચાર શખ્સોએ હરિભાઈ પર જીવલેણ હુમલો કર્યો છે.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com


# પુલ વિવાદ:આસોદર બંધના એલાનને વ્યાપક પ્રતિસાદ, યાર્ડ, વેપાર-ધંધા બંધ

- વેપારીઓએ વેપાર-ધંધા બંધ રાખી વિરોધ પ્રદર્શન કરી ચોકડી ખાતે ધરણાં યોજી આવેદન આપ્યું

આણંદ- આણંદ જિલ્લાના વાસદ-તારાપુર હાઈવેના સીક્સલેનના નિર્માણને લઈને આંકલાવ તાલુકાના આસોદર ચોકડી નજીક બોક્સટાઈપ બ્રીજ બનાવવામાં આવનાર છે. જો કે આસોદર ચોકડી ખાતે મોટુ શાકમાર્કેટ, ગંજબજાર સહિતના અન્ય વેપાર-ધંધા ધમધોખાર ચાલી રહ્યા છે. જો આસોદર ચોકડી ખાતે બોક્સ ટાઈમ બ્રીજ બનાવવામાં આવે તો આસોદર ચોકડી ઉપરના તમામ વેપાર-ધંધા ઠપ્પ થઈ જવાની સંભાવના છે. જેને લઈ વેપાર-રોજગાર બચાવો સંઘર્ષ સમિતિ આસોદર દ્વારા આસોદર ચોકડી વિસ્તારમાં બોક્સ ટાઈપ બ્રીજના બદલે કોલમ બીમ્બવાળો ૮૦૦ મીટરની લંબાઈનો ઓવરબ્રીજ બનાવવામાં આવે તેવી સરકાર સમક્ષ માંગણી કરાઈ છે.

જે અંતર્ગત વેપારી સમિતિ દ્વારા આસોદર બંધનું એલાન આપવામાં આવ્યું હતું. સોમવારે તેને સારો પ્રતિસાદ સાંપડતા આસોદર ગામ, માર્કેટયાર્ડ તથા આસોદર ચોકડી વિસ્તારના તમામ વેપારીઓએ સજ્જડ બંધ પાળી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. વેપારીઓએ આસોદર ચોકડી ખાતે ધરણાં યોજ્યા બાદ વેપારીઓના કેટલાક આગેવાનોએ આણંદ ખાતે આવી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

આસોદર ચોકડી તથા આસપાસના વિસ્તારના લોકોએ સ્વયંભૂ બંધ પાળ્યો હતો અને આસોદર ગામ તથા ચોકડી વિસ્તારના તમામ બજારો બંધ રહ્યા હતા.


સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# બેચરાજી ડબલ મર્ડર કેસમાં ૧૧ આરોપીને આજીવન કેદ

## પોણા ત્રણ વર્ષ પૂર્વે જમીનનો દાવો જીતી જતા તારની ફેન્સીંગ કરવા જતા હૂમલો કરાયો હતો

મહેસાણા : બેચરાજીમાં પિતા-પુત્રની હત્યા અને ત્રણને ગંભીર ઈજા કરવાના ગુનામાં ૧૧ આરોપીઓને મહેસાણા મુખ્ય એડિશનલ સેસન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. જ્યારે ચાર આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે. ચુકાદામાં દોષીત આરોપીઓને રૂ.૧૧૫૦૦ દંડ અને આ ગુનામાં મોત થનાર પરિવારની દંડની રકમમાંથી રૂ.૫૦ હજાર ચુકવવા આદેશ કર્યો હતો.

બહુચરાજીમાં ફીંચડી રોડ પર રહેતા જીવણ નાનુભાઈ ભરવાડ અને તેમના પરિવારનો બહુચરાજી ફીંચડી રોડ પર બેચર ગામની સીમ પથુજી ઠાકોરની ખેતી લાયક પોણા પાંચ વિઘા જમીનનો દાવો ચાલુ હતો. તે દાવો ફરિયાદપક્ષ જીતી જતા ૧૫ માર્ચ ૨૦૧૮ના રોજ જીવણભાઈ ભરવાડ અને તેમના મોટા બાપા કાનજીભાઈ ધુળાભાઈ ભરવાડ કારમાં ઉક્ત વિવાદી જમીન પર તારની ફેન્સીંગ કરવા પહોંચ્યા ત્યારે તે સમયે આ જમીનના વિવાદને લઈ બહુચરાજીના ડેડાણાના મણાભાઈ હરજીભાઈ ભરવાડ, પ્રકાશ ઉર્ફે પકો અજમલભાઈ ભરવાડ, ટીના રામાભાઈ ભરવાડ, સોમા મણાભાઈ ભરવાડ, કરશન મણાભાઈ ભરવાડ, જકશી હીરાભાઈ ભરવાડ, સકતા રઘુભાઈ ભરવાડ, વિક્રમ સકતાભાઈ ભરવાડ, વિષ્ણુ જકસીભાઈ ભરવાડ, ચંપા લક્ષ્મણભાઈ ભરવાડ અને જેણાજી નારસંગજી ઝાલા તેમજ બેચર ગામના લાલા હાથીભાઈ ભરવાડ, વિષ્ણુ ગોકળભાઈ ભરવાડ, કનુ ઉર્ફે સરતાન લક્ષ્મણભાઈ ભરવાડ અને બહુચરાજીના દિનેશ ગોકળભાઈ ભરવાડ ટ્રેક્ટરમાં ઉક્ત બનાવની જગ્યાએ પહોંચી તકરાર કરી હતી. અને તકરાર દરમિયાન તલવાર, ધારીયા, લાકડીથી હૂમલો કરતા નાસભાગ મચી હતી. જોકે આ હૂમલામાં જીવણભાઈ ભરવાડના મોટાબાપા ૫૬ વર્ષીય કાનજી ધુળાભાઈ ભરવાડને ગાળો બોલી જમીન છોડી જવાનું કહી ધારીયાથી હૂમલો કરી ગંભીર ઈજા કરતા તે નીચે ફશડાઈ પડયા હતા.

આ બનાવમાં તેમને છોડાવવા વચ્ચે પડતા કાનજીભાઈ ભરવાડના દિકરા રમેશ કાનજીભાઈ ભરવાડ પર પણ હથિયારોથી હૂમલો કરતા ગંભીર ઈજાના કારણે બન્ને પિતા-પુત્ર નીચે ફસડાઈ ગયા હતા અને બન્નેના મોત નિપજ્યા હતા. જ્યારે આ હૂમલામાં વચ્ચે પડેલા મફા ધુળાભાઈ ભરવાડ, માતમ ધુળાભાઈ ભરવાડ અને રામા હરજીભાઈ ભરવાડને પણ ગંભીર ઈજા પહોંચતા મહેસાણા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ બનાવમાં૧૫ આરોપી સામે ગુનો નોંધાયો હતો. આ કેસ મહેસાણાના મુખ્ય એડીશનલ સેસન્સ જજ એન.ડી.પાન્ડે સમક્ષ ચાલી જતા સરકારી વકીલ ભરત જી.પટેલની દલીલો અને પુરાવા આધારે કોર્ટે ૧૫ પૈકી ૧૧ આરોપીને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા તેમજ પ્રત્યેક આરોપીને રૂ.૧૧,૫૦૦ દંડની સજા ફટકારી આ ગુનામાં મૃત્યુ પામનાર પરિવારને દંડની રકમમાંથી રૂ.૫૦ હજાર વળતર પેટે ચુકવવા હુકમ કર્યો હતો.

# મહેસાણાની દૂધસાગર ડેરીને દેશની સૌથી મોટી ઈન્ડિયન ડેરીનો એવોર્ડ

મહેસાણા : વૈશ્વિક લેવલનાં એગ્રિકલ્ચર ટુડે ગ્રૃપ દ્વારા મહેસાણાની દૂધસાગર ડેરીને લાર્જ કંપની તરીકેનો ઈન્ડિયન ડેરીનો ૨૦૨૦નો એવોર્ડ પ્રાપ્ત થતાં ઉત્તર ગુજરાતનાં ૬ લાખ દૂધ ઉત્પાદકોમાં ગૌરવ સાથે આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી ખાતે વડું મથક ધરાવતાં આ ગ્રૃપ દ્વારા અલગ અલગ નવ જેટલાં વિભાગોમાં એવોર્ડ અપાયા છે.




આજથી ૬૦ વર્ષ પૂર્વે ૧૯૬૦માં મહેસાણા ખાતે દૂધસાગર ડેરીની સ્થાપના બાદ મહેસાણા જ નહીં, પરંતુ સમગ્ર ઉત્તર ગુજરાતમાં દૂધની શ્વેતક્રાંતિ શરૂઆત થઈ હતી. ત્યારબાદ ધીમે ધીમે સમય જતાં અત્યારે ૧૩૪૧ દૂધ મંડળીઓ અને ૬ લાખ ૧૧ હજાર કરતાં વધારે દૂધ ઉત્પાદકો ધરાવતી અને સમગ્ર ઉત્તર ગુજરાત સહિત દિલ્હીમાં ફેલાવો ધરાવતી દૂધસાગર ડેરીને વૈશ્વિક લેવલે આંતરરાષ્ટ્રીય કક્ષાના સંબંધિત મુદ્દાઓ અને નવીન સમાચારો પ્રસિદ્ધ કરતાં એગ્રિકલ્ચર ગ્રૃપ દ્વારા સમગ્ર દેશની મોટા કદની કંપની તરીકે ઈન્ડિયન ડેકી૨૦૨૦નો એવોર્ડ પ્રાપ્ત થયો છે. સમગ્ર દેશમાં સિમેન સ્ટેશનમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતી દૂધસાગર ડેરી દેશ લેવલે આ એવોર્ડ મળતાં ડેરીના ૬ લાખથી પણ વધુ દૂધ ઉત્પાદકોમાં ગૌરવ સાથે આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

Dry Cleaning Plant For Sale

Dry Cleaning Plant for sale
Near Tampa Florida.
US - E2 VISA Eligible.
Asking price 275K. Earning
75K plus owners benefits.

Call for more details- 941 284 0325






# સુરતની માર્કેટમાં ભીષણ આગ : ૩૦૦ કરોડનું નુકસાન

**• ૪૦ કલાક બાદ પણ આગ કાબૂમાં, સુરત સહિત દક્ષિણ ગુજરાતના ૯૦ બંબા, ૨૫૦ લાશ્કરો પણ ઓછા પડયા : ૧ ફાયર જવાનને ઈજા**

સુરત : કડોદરા રોડ ઉપર કુંભારીયા ગામ સ્થિત રઘુવીર સિલીયમ ટેક્સટાઈલ માર્કેટમાં સોમવારે મોડીરાતે એક કાપડની દુકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરીને તબક્કાવાર ૧૪ માળની આખી માર્કેટને લપેટમાં લઈ લેતા ફાયર બ્રિગેડે બ્રીગેડ કોલ જાહેર કર્યો હતો. આગ એટલી વિકરાળ હતી કે ૪૦ કલાક બાદ પણ કાબુમાં લેવાઈ હતી. આગ બુઝાવવાની કામગીરી દરમિયાન એક ફાયરજવાનને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. પૂણા - સારોલી જકાતનાકા રોડ પર આવેલી રઘુવીર માર્કેટમાં સોમવારે મોડીરાતે ત્રણથી સાડાત્રણ વાગ્યાના અરસામાં એક દુકાનમાં આગ લાગી હોવાનો કોલ ફાયર બ્રિગેડને મળ્યો હતો. પણ ધીરે ધીરે આગ ફેલાતા આખી ૧૪ માળની (ડબલ ફ્લોરના ૭ માળ) માર્કેટ આગની ઝપેટમાં આવી ગઈ હતી. એક માળ પર આગ બુઝાવ્યા બાદ અન્ય માળ ઉપર ફરી ભડકતી હતી. માર્કેટ બિલ્ડીંગના એલીવેશનને કારણે પાણીનો છંટકાવ કરવામાં મુશ્કેલી તો ઠીક પાણી યોગ્ય રીતે આગ પર ફેંકી શકાતું જ નહોતું. આગ લાગ્યા બાદ ૪૦ કલાકે તે કાબૂમાં આવી હતી. સુરત શહેરના ૧૭ ફાયર સ્ટેશન ઉપરાંત બારડોલી, નવસારી અને હજીરાની કંપનીઓના ૯૦ જેટલા ફાયર ફાઈટર સાથે૨૫૦થી વધુ લાશ્કરો આગ બુઝાવવાની કામગીરીમાં જોતરાયા હતા.



# નવસારીમાં ખંડણીખોર વસીમ બિલ્લાની ફાયરિંગ કરી હત્યા

નવસારી : સુરતના કુખ્યાત ખંડણીખોર વસીમ મિર્ઝા ઉર્ફે વસીમ બિલ્લા પર અજાણ્યા શખ્સોએ ફાયરિંગ કરીને મોતને ઘાટ ઉતારી દીધો છે. ઘણા સમયથી નવસારીમાં રહેતો વસીમ કારમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે બાઈત પર આવેલાં અજાણ્યા શખ્સોએ તેને અટકાવીને ધડાધડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

સુરત ઝાંપા બજાર ખાતે રહેતા વસીમ મિર્ઝા ઉર્ફે વસીમ બિલ્લા સુરત ખાતે કુખ્યાત નાસિર સુરતી અને તેના ભાઈની ગેંગમાં સામેલ થઈ ભાઈગીરી અને ખંડણી ઉઘરાવતો હતો. તડીપાર હોય વસીમ બિલ્લા નવસારીમાં રિંગરોડ ખાતે આવેલ એપાર્ટમેન્ટમાં તેના પિતા સાથે રહેતો હતો. બુધવારે રાત્રે વસીમ કાર લઈને નવસારીના છાપરા રોડ ખાતે ગયો હતો. વસીમ સાથે કોઈ સુરતના શખ્સ સાથે રૂ. ૫ કરોડની લેતી-દેતીના મામલે ચારેક લોકો નવસારી આવ્યા હતા અને રસ્તામાં જ મિટિંગ થયા બાદ તેમની વચ્ચે કોઈ બોલાચાલી થઈ હતી.

જે બાદ વસીમ ઘર પાસે આવવા નીકળતા મણિનગર છાપરા રોડ પાસે ચારેક જેટલાં યુવાનો આવી તેમની કાર અટકાવીને ચારેક રાઉન્ડ ગોળી છાતીમાં ધરબી દીધી ને ફરાર થઈ ગયા હતાં. લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડેલાં વસીમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પણ ટૂંકી સારવાર બાદ જ તેનું મોત થયું હતું.

# ૧૮ વર્ષની બહેન સાથે નાના ભાઈનો અનૈતિક સંબંધ, બાળકીને જન્મ આપ્યો

**• નવજાત શિશુનું ચાર દિવસ બાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર વખતે મૃત્યુ થયું**

સુરત : શુક્રવારે પનાસ ગામની કચરાપેટીમાંથી મળી આવેલ બાળકી મામલે ચોંકાવનાર ખુલાસો થયો છે. આ બાળકી સગા ભાઈ અને બહેનનાં અનૈતિક સંબંધોનું પરિણામ છે. બાળકીને ઘરે જન્મ આપ્યા બાદ બહેને તેને પતંગની દોરીમાં લપેટી કચરાપેટીમાં મરવા માટે છોડી દીધી હતી.

જો ક ૧૫ વર્ષની કિશોરીની કારણે બાળકીનો આબાદ બચાવ થયો હતો. હાલ પોલીસ આરોપી નાબાલિક હોવાથી તેની સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

શુકર્રવારે પનાસ ગામે જીસ્ઋ કવાટર્સ નજીક કચરાપેટીમાં ૧૫ વર્ષની કિશોરીને બાળકીના રડવાનો અવાજ આવતો હતો. અને ત્યાં કાગડા કાગારોળ મચાવતા હતા. કિશોરીએ જ્યારે કચરાપેટીની પાસે જઈને જોયું તો ત્યાં પતંગના દોરીમાં લપેટાયેલી નવજાત બાળકી હતી. આ બાળકીનો જન્મ પાંચ કલાક પહેલાં જ થયો હતો. અને જન્મના આટલા કલાકો બાદ જ માતાએ બાળકીને કચરાપેચીમાં મૂકી દીધી હતી.

ઘટના બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી. જેમાં સામે આવ્યું કે, તાજી જન્મેલી બાળકી સગા ભાઈ-બહેનના અનૈતિક સંબંધોનું પરિણામ છે. ઉમરા વિસ્તારમાં રહેતા સગા ભાઈ-બહેન વચ્ચે શારીરિક સંબંધ બંધાયો હતો.

બાળકીને જન્મ આપનાર બહેન ૧૭ વર્ષની હતી, જ્યારે ભાઈ ૧૫ વર્ષનો હતો. ગર્ભ રહી ગયા બાદ શુક્રવારે બહેને બાળકીને જન્મ આપ્યો હતો. ઉમરા પોલીસે હાલ બહેન-ભાઈની અટકાયત કરી છે. બંન્નેએ પોલીસ સમક્ષ પોતાના સંબંધોને સ્વીકાર્યા છે. જોકે, ભાઈ સગીર હોવાથી યોગ્ય કલમો હેઠળ તેની ધરપકડ કરાઈ હતી. આ ઘટનામાં નવજાત શિશુનું ચાર દિવસ બાદ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું

# વાપી ડબલ મર્ડર : પાંચ લાખની સોપારી આપી દીકરાએ જ માતાની હત્યા કરાવી

**• મહિલાની ચાલચલગત સારી ન હોવાથી દીકરો નારાજ હતો, બે યુવાનોએ ફાયરિંગ બે મહિલાને રવિવારે મોતને ઘાટ ઉતારી હતી**

વાપી : વાપીમાં ચણોદ કોલોની વિસ્તારમાં ગત તા. ૧૧-૧-૨૦૨૦ના રોજ મોડી સાંજે એક લાલ રંગની નંબર વગરની સી.બી.ઝેડ મો.સા. ઉપર આવેલા બે નકાબપોશ શાર્પશૂટરોએ રેખાબેન બ્રહ્મદેવ મહેતાના ઘરમાં ઘૂસી રેખાબેન તથા તેમના સખી અનિતા ઉર્ફે દુર્ગા શેખર ખડશેને પોઈન્ટ બ્લેન્ક રેંજથી શૂટ કરી નાસી છૂટયા હતાં. આ ઘટનામાં ઉપયોગમાં લેવાયેલું લાલ રંગનું સી. બી.ઝેડ. બાઈક દમણગંગા નદી સ્થિત સ્મશાનભૂમિ પાસે બિનવારસી મળી આવ્યું હતું. તેનો નંબર જીજે-૧૫-ક્યુ-કુય-૭૯૮૬ હોવાનું અને તે તેના માલિકે ગેરેજવાળા ઉધમસિંહ સુભાષસિંહ ચૌહાણ (રહે. ચણોદ કોલોની)ને વેચવા માટે આપ્યું હોવાનું બહાર આવ્યું હતુ. આ બાઈક તા. ૧૦-૧-૨૦૨૦ નાં રોજ મૃતક રેખાબેનનાં દીકરા અને કેસના ફરિયાદી બિપીન ઉર્ફે ગુડ્ડુએ જ ખરીદ્યું હોય તેને પકડીને સઘન પૂછપરછ કરતા બિપીને ગુનો કબૂલી લીધો હતો. તેણે જ રૂપિયા ૫ લાખની સોપારી આપી તેની માતાની હત્યા કરાવી હોવાની કેફયિત રજૂ કરી હતી. આ ગુનામાં પોલીસે બિપિન ઉર્ફે ગુડ્ડુ બ્રહ્મદેવ મહેતા (મહંતો) (ઉં.વ. ૨૮, હાલ રહે. વાપી ચણોદ કોલોની) તથા તેનો મિત્ર કુંદન શંભુકાંત જાતે ગીરી (ઉં.વ. ૨૫, હાલ રહે. ચણોદ કોલોની, વાપી)ની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# DGGIના દરોડા : ૯ સંસ્થાઓની ૭૧ કરોડથી વધુ રકમની કરચોરી ઝડપાઈ

સુરત : સુરત ડીજીજીઆઈ ટીમે સોમવારે વડોદરા, સુરતની ગુડ્સ એન્ડ સર્વિસ પુરી પાડતી ૯ જેટલી પેઢીઓના ધંધાકીય સ્થળો પર આકસ્મિક તપાસ હાથ ધરીને કુલ રૂ.૭૧ કરોડથી પણ વધુ જીએસટી ચોરી ઝડપી પાડી છે.જેમાં રેલ્વેને ગુડસ સર્વિસ પુરી પાડતી વડોદરાની ચાર કંપનીઓની ૭૦ કરોડ,સુરત-મુંબઈમાં રેસ્ટોરાં-કાફેની ફુડ ચેઈન ધરાવતી કંપનીની ૧૨.૮૨ લાખ તથા વિદેશની યુનિવર્સીટીમાં એડમિશન સંબંધિત કોચિંગ આપતા સુરતના ચાર ક્લાસીસની ૫૦ લાખની કરચોરી આચરી હોવાનું પ્રારંભિક તપાસમાં ખુલવા પામ્યું છે. સુરત ડીરેકટોરેટ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિઝન્સ સુરતની ટીમે આજે રેલ્વે બોગી અને કોચ માટે વિવિધ પાર્ટસ બનાવતી વડોદરાની મે.હિંદુસ્તાન ફાઈબર ગ્લાસ વર્કસ,મે.સેન્ચુરી પોલીમર ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.,મે.શતાબ્ધિ સેફ્ટી ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ તથા મે.સીએમટી મેકેનાઈઝ્સ સિસ્ટમ પ્રા.લિ.ના ધંધાકીય સ્થળો પર તપાસ હાથ ધરી હતી.મુખ્યત્વે રેલ્વેને સર્વિસ અને માલ સપ્લાય કરતી ઉપરોક્ત ચારેય પેઢીઓના સંચાલકો દ્વારા ૧૮ અને ૧૨ ટકા જીએસટી ચુકવવાના બદલે ખોટી રીતે વિશ્લેષણ કરીને માત્ર ૫ ટકા જીએસટી ચુકવતી હતી.જેથી ભારતીય રેલ્વેને ગુડ્સ અને સેવા પુરી પાડીને ચુકવવા પાત્ર જીએસટીને બદલે ખોટી રીતે જીએસટીની ગણતરી કરીને કુલ રૂ.૭૦ કરોડથી પણ વધુ કરચોરી આચરી હોવાનું ખુલ્યું છે.


JOSH Travels



TICO #50011204 LOWEST AIRFARES GUARANTEED AGTA

| | |
|---|---|
| LONDON | $780 |
| MUMBAI | $1260 |
| ISLAMABAD | $1320 |
| DELHI | $1250 |
| SYDNEY | $1750 |
| AUCKLAND | $1930 |
| NAIROBI | $1430 |
| MANILA | $1250 |
| FIJI | $1790 |
| KAMPALA | $1590 |

* Taxes Surcharges Included on Air Prices in Canadian dollars , Low Season.
* Lowest Inventory Fairs Subjected to Availability.

BUY . SELL . LEASE . INVEST
When you list your house with me you will get these guarantees!
* Flexible commission plan to meet client needs
* Highest value for your property
* Professional Photography
* FREE Market evaluation
* 24 hrs MLS listing
* Open Houses

Vikas Joshi
Sales Representative
647.965.2406
#vikasjoshirealtor
RE/MAX EMPIRE REALTY BROKERAGE
*Each office independently owned and operated. vikasjoshi@remax.net
Off: 905-824-0788 | Fax: 905-817-0524
92-93 - 8321 Kennedy Rd. Markham, ON L3R 5N4

We specialized in:
1. Vacation Packages 2. Cruises

Call:Naren Joshi 416.449.5674
4465 Sheppard Avenue East, Suite 26
Scarborough ON, M1S 5H9
www.joshtravels.com

# વેરાવળમાં અભ્યાસ ન કરવા દેવા પુત્રીને બેફામ માર મારી પિતાએ પતાવી દીધી

• પુત્રીને ઝેરી દવા પિવડાવી પરિવારને ધમકી આપનાર શખ્સની ધરપકડ

વેરાવળ- વેરાવળના ઈણાજ ગામે અભ્યાસ ન કરવા દેવા માટે ૧૬ વર્ષની પુત્રીને બેફામ માર મારી ઝેરી દવા પીવડાવી પિતાએ હત્યા કરી નાખ્યાનો અને પતિ સહિતના પરિવારને આ વાત કોઈને કરશે તો પતાવી દેવાની ધમકી આપ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ વેરાવળ તાલુકાના ઈણાજ ગામે ભાગમાં ખેતીવાડી કરવા આવેલ ધામળવા ગામના માલદે બાલુભાઈ સોલંકીની પુત્રી હીરલ (ઉ. ૧૬) વેરાવળ ગર્લ્સ સ્કુલમાં ધો. ૧૧માં ભણતી હતી. પિતા તેને ભણાવવા દેવા માંગતા ન હોય જેથી ગઈ તા. ૨૯-૯-૨૦૧૯ના હીરલને ઢીકાપાટુનો માર મારી બાજુમાં રૂમમાં બેસાડી દીધી હતી.

બાદમાં સાંજે ફરી પાછા હાથપગ બાંધી ઈલેક્ટ્રીકના સર્વિસ વાયર વડે માર મારી બળજબરીથી ઝેરી દવા પીવડાવી હત્યા કરી નાખી હતી. આટલું જ નહીં આ કૃત્ય બાદ તેની પત્ની કંચનબેન અને તેના પુત્ર તથા પુત્રીને ધમકી આપી હતી કે જો તમે કોઈને પણ વાત કરશો તો તમને બધાને પતાવી નાખીશ. જેથી જે તે સમયે આ બનાવની અકસ્માત મોતની જાણવા જોગ પ્રભાસપાટણ પોલીસે દાખલ કરી હતી.

થોડા દિવસો બાદ મૃતકના મામાએ તેના સાળા માલદે સામે હીરલને મારી નાખવાના આક્ષેપો કર્યા હતા. જેથી મૃતકની માતાએ પરીવારજનોને વાત કરેલ હતી. આ બાદ પ્રભાસપાટણ પોલીસે હીરલની નાની બહેન તથા નાનાભાઈને સાક્ષી બનાવી કોર્ટમાં તેનું નિવેદન લીધેલ હતું. તેમાં બંને ભાઈ-બહેને હીરલને તેના પિતા માલદેએ બેરહમીપૂર્વક માર મારી હાથપગ બાંધી ઝેરી દવા પીવડાવી મારી નાખેલ હોવાનું જણાવેલ હતું. આથી પોલીસે ભાગી ગયેલ આરોપીને મોબાઈલ લોકેશનના આધારે ઝડપી લીધો હતો.

# રાજકોટમાં ૧૭માં ઠાકોર સાહેબનો ૩૦મી જાન્યુઆરીએ રાજ્યાભિષેક

રાજકોટઃ રાજકોટના ૧૭મા ઠાકોર સાહેબ તરીકે માંધાતાસિંહજી મનોહરસિંહજી જાડેજાનો ૩૦મી જાન્યુઆરીએ રાજ્યાભિષેક થશે. રાજ્યાભિષેક અને રાજતિલકની વિવિધ તૈયારીઓ આખરી તબક્કામાં છે. રાજતિલકની વિધિમાં દ્વારકા તથા જ્યોર્તિમઠમાં પીઠાધીશવર સ્વામી સ્વરૂપાનંદજી સરસ્વતીજીના પ્રતિનિધિ સદાનંદ સરસ્વતી, શ્રી પરમાત્માનંદજી સરસ્વતીજી તેમ જ રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણી સહિતના અગ્રણીઓ હાજર રહેશે.

રાજ્યાભિષેકના મહેત્સવ આ દરમિયાન રણજીત વિલાસ પેલેસ ખાતે ૭૦૦૦થી વધારે દીવડાઓ ઝગમગશે. ૨૫૦૦થી વધુ દીકરા-દીકરીઓ તલવાર રાસ દ્વારા શોર્ય અને પરંપરાની ઝાંખી કરાવશે તેમ જ ભવ્ય નગરયાત્રામાં ઠાકોર સાહેબ રાજકોટની પ્રજાનું અભિવાદન ઝીલશે. રણજીત વિલાસ પેલેસમાં યજ્ઞની આહુતિઓ આપવામાં આવશે. ત્યાર બાદ ૩૦ જાન્યુઆરીના રોજ રાજતિલક વિધિ યોજાશે. ૨૭થી જાન્યુઆરીથી વિવિધ કાર્યક્રમની શરૂઆત થઈ જશે. જેમાં ૨૭ તારીખે સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન દેહ શુદ્ધિ, દશવિધિ સ્નાન, વિષ્ણુ પૂજન, પ્રાયશ્ર્ચિત વગેરે વિધિ યોજાશે. ૨૮ તારીખે સાવરે ૯ થી ૧ વાગ્યા દરમિયાન માતૃકા પૂજન, ચતુર્વેદ શાંતિ સુક્ત, અરણી મંથન દ્વારા અગ્નિ સ્થાપન અને યજ્ઞનો આરંભ થશે.

# જુનાગઢમાં આ વર્ષે લઘુકુંભ નહીં યોજાઈ : બેઠકમાં સાધુ-સંતોની ગેરહાજરી

જૂનાગઢઃ જૂનાગઢમાં ગરવા ગિરનારની ગોદમાં આગામી તા.૧૭ ફેબ્રુઆરીથી ૨૧ ફેબ્રુઆરી સુધી યોજાનાર મહા શિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં યાત્રિકો માટે ટોયલેટ સહિતની સુવિધા, ઉતારા મંડળોને વિશેષ સુવિધા આપવા, ટ્રાફિકને લગતા સૂચનો, રોડ-રસ્તાને લગતા સૂચનો, દામોદરકુંડને લગતા સૂચનો, લાઈટ પાણી, સાસ્કૃતિક કાર્યક્રમોમાં સ્થાનિક કલાકારોને તક આપવા સહિતના સૂચનો કરવામાં આવ્યા હતા. ગતવર્ષની જેમ મેળાને લઘુકુંભની જેમ જ દરવર્ષે વિશેષ દરજ્જો મળે તેવો સુર ઉઠયો હતો, પરંતુ જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું કે, આ વર્ષે મીનીકુંભ કે લઘુકુંભની કોઈ જાહેરાત થઈ નથી જેથી હવે માત્ર મેળો ભરાશે.

# પોરબંદર પંથકનાં વતની મહિલાએ મીસીસ ઈન્ડિયાનો એવોર્ડ જીત્યો

પોરબંદર : મુળ પોરબંદર પંથકનાં તથા છેલ્લા કેટલાક વર્ષોથી બેંગ્લોર સ્થાયી થયેલા મહીલાએ મીસીસ ઈન્ડિયા ૨૦૧૯ નો ખિતાબ મેળવીને માત્ર પોરબંદર જ નહીં, પરંતુ ગુજરાતને પણ ગૌરવ અપાવ્યું છે. તેમણે પ્રતમ વખત જ સ્પર્ધામાં ઝંપલાવ્યું હતું અને સિધા જ તેઓ ગોલ્ડ ટાઈટલ વિનર બન્યા છે. આ સ્પર્ધાના ઓડીશનમાં ભારતમાંથી હજારો મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં સ્પર્ધકોના સૌન્દર્ય ઉપરાંત બુધ્ધિશક્તિ, જનરલ નોલેજ સહિત વિવિધ બાબતોને ધ્યાનમાં લેવા હતી. આ સ્પર્ધામાં સ્પર્ધકો વચ્ચે મેદાન માર્યુ છે. આ સ્પર્ધામાં અલગ અલગ સ્ટેપ રાકવામાં આવે છે. જેમાં સ્ટેપ બાય સ્ટેપ સિલેકશન પ્રોસેસ દ્વારા ગોલ્ડ અને સિલ્વર કેટેગરીમાં ૩૪ મહિલાઓ ફાઈનલ રાઉન્ડ માટે સિલેકટ થઈ હતી. જેમાં વકલ્ગ લેડીઝ, હાઉસ વાઈફ અને બિઝનેશ વુમનનો પણ સમાવેશ થાય છે. આ સ્પર્ધાના ફાઈનલનું આયોજન મુંબઈના સાન્તાક્રુઝમાં આવેલા તાજ હોટેલ ખાતે કરવામાં આવ્યું હતં. જેમાં બોલીવુડના જાણીતા સંગીતકાર અન્નુ મલિક, જાણીતી ગાયિકા શિવાની કશ્યપ ઉપરાંત ઝરીના વહાબ, ભૂમિકા ચાવલા, પાયલ ઘોષ, પ્રહલાદ કકકડ અને મિકી મહેતા સહિતના બોલીવુડના જાણીતા કલાકારોએ જજ તરીકે સેવા આપી હતી.

# ભચાઉમાં પ્રેમ પ્રકરણમાં યુવાનની હત્યા કરીને લાશ ગામના ચોકમાં ફેંકી દેવાઈ

ગાંધીધામઃ ભચાઉના શિકારપુર વિસ્તારમાં મંગળવારે સવારે સાડા સાત વાગ્યાના અરસામાં અઢાર વર્ષીય યુવાને તીક્ષ્ણ હથિયારથી રહેંસી નાંખવામાં આવ્યો હતો. ત્યારબાદ હત્યારાઓએ તેના મૃતદેહને ગામના ચોકમાં રાખી દીધો હતો. આ મામલે પ્રેમ પ્રકરણમાં હત્યા થઈ હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. શિકારપુરમાં કેટલાક શખસોએ ક્રિપાલસિંહ જાડેજા નામના ૧૮ વર્ષીય યુવાનને ઘાતક હથિયારો સાથે હુમલો કરીને મોતને ઘાટ ઊતાર્યો હતો. ત્યારબાદ તેના મૃતદેહને ગામના ચોકમાં ફેંકી દીધો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને લાશને પીએમ માટે પંચનામું કરીને ખસેડ્યો હતો. હત્યારાઓ યુવાનને રહેંસી નાખીને ફરાર થઈ ગયા હતા. જ્યારે તેના મૃતદેહને ચોકમાં ફેંકતા ઘટનાની પોલીસને જાણ કરાઈ હતી.





# કચ્છ ડિસ્ટ્રિક્ટ બેંકમાં ૧૦૦ કરોડનું કૌભાંડઃ ૨૬ પકડાયા

**• ભાનુશાળીની હત્યામાં સામેલ જયંતી ઠક્કર ઉર્ફ જયંતી ડુમરા દ્વારા કૌભાંડ આચરાયું હતું**

ભુજઃ કચ્છ ડિસ્ટ્રિક્ટ બેંકમાં ૧૦૦ કરોડના કૌભાંડનો ઘટસ્ફોટ થતાં ચકચાર ફેલાઈ હતી. જયંતી ભાનુશાળી હત્યા કેસની તપાસ દરમિયાન આ મામલો સામે આવતા ગુપ્ત ઓપરેશન પાર પાડીને ગુજરાત સીઆઈડી ક્રાઈમે પૂર્વ કચ્છના અબડાસામાં ૧૦૦ કરોડના કૌભાંડમાં ૨૬ લોકોની ધરપકડ કરી છે અને તમામની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.



ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની ચાલતી ટ્રેનમાં કરવામાં આવેલી હત્યામાં સામેલ જયંતી ઠક્કર ઉર્ફ જયંતી ડુમરા દ્વારા કૌભાંડ આચરાયું હતું. જયંતી ભાનુશાળીની હત્યા પ્રકરણમાં સીઆઈડી ક્રાઈમની તપાસમાં કેડીસી બેંકમાં કૌભાંડ સામે આવ્યું હતું. જયંતિ ભાનુશાળી અને જયંતિ ડુમરાને કૌભાંડને લઈને જ વાંધો થતાં હત્યાને અંજામ આપવામાં તેણે છબીલ પટેલની સાથે જોડાયો હોવાનું સામે આવ્યું હતું.

આ મામલે અબડાસા, માંડવી અને ભુજના આરોપીઓ જુમ્મા ઈબ્રાહિમ સંગાર, પ્રાગજી જશાજી મોડ, ચંદુભા સુમરાજી, જાડેજા, પ્રવીણસિંહજી તેજમલજી સોઢા, છત્રસિંહ હાજુભા જાડેજા, ખેંગારજી હાજાજી ચૌહાણ, નવીન બી. ગુંસાઈ, વીરા સાયા ગઢવી, કરશન શામજી મહેશ્ર્વરી, રામજી ધરમશી ભાનુશાળી, ગીરીરાજસિંહ કનુભા જાડેજા, સુરેન્દ્રસિંહ નટુભા, કરસન ભચુ સંગાર, લધા હાજા સંગાર, માણસી ધનજી, મામદ સુમાર કુંભાર, હુશેન મામદ કુંભાર, અશોક શામજી પલણ, કરણસિંહ નટુભા જાડેજા, કેશવ ખેરાજ મહેશ્ર્વરી, ડાહ્યા વાલા ગઢવી, જયંતીલાલ ગાગજી ભાનુશાલી, ટોકરશી પ્રાગજી ઠક્કર, હરીશચંદ્રસિંહ ચંદુભા જાડેજા, ભૂપતસિંહ ચતુરસિંહ જાડેજા, (બ્રાન્ચ મેનેજર, માંડવી) અને સંજય રમેશચંદ્ર ત્રિપાઠીની અટકાયત કરી હતી. ડુમરાએ ખોટી મંડળીઓ અને ભળતા નામે ખાતા ખોલાવીને પૈસાનો વહીવટ કરી નાખ્યો હોવાનું સામે આવ્યું હતું. સીઆઈડી ક્રાઈમ દ્વારા કેડીસી બૅંક કૌભાંડમાં કરાયેલી ધરપકડ મામલે હજુ સુધી કોઈ નિવેદન આપ્યું નથી.

# વિસાવદર નજીક ખેતરમાં મુકેલા વીજકરંટથી સિંહ, શિયાળનાં મોત

**• રેડિયોકોલર પહેરેલી સિંહણના મોત બાદ મૃતદેહને અડધો કિ.મી. સુધી ઢસડીને કાલસારીની સીમમાં ફેંકી દેવાતા ચકચાર**

વિસાવદર- વિસાવદરના કાલસારીથી રાજપરા રોડ તરફ અવાવરું જગ્યામાંથી કોલર આઈડી વાળી સિંહણ અને શિયાળનો મૃતદેહ મળી આવ્યો હતો બંનેના મોતનું કારણ વીજ કરંટ હોવાનું સામે આવ્યું છે ત્યારે વનવિભાગ દ્વારા ખેતરોમાં મૂકવામાં આવતા વીજ કરંટ બાબતે ચેકિંગ કરવામાં આવતું હોવાના અનેક દાવાઓ કરવામાં આવે છે ત્યારે કોલર આઈડી વાળી સિંહણના અને શિયાળના મોત બાદ વનવિભાગના દાવાઓ પોકળ સાબિત થયા છે. કાલસારીની સીમમાંથી આજે સવારના સમયે સિંહણનો અવાવરું જગ્યામાં મૃતદેહ પડયો હોવાની વનવિભાગને જાણ થતાં ઘટનાસ્થળે જઈ તપાસ કરી તો શિયાળનો પણ મૃતદેહ મળી આવ્યો હતો સિંહણના મૃતદેહને અડધો કિલોમીટર સુધી ઢસેડવામાં આવ્યો હોય તેવા પણ નિશાન જોવા મળ્યા છે. સિંહણને ગળામાં વનવિભાગ દ્વારા રેડિયો કોલર પણ પહેરાવવામાં આવ્યું હતું. કરોડો રૂપિયાના ખર્ચે સિંહોના ગ્રૂપમાંથી એક એક સિંહને રેડિયો કોલર પહેરાવવામાં આવ્યા છે.

# અમદાવાદ-બગોદરા હાઈવે પર સર્જાયા બે ગમખ્વાર અકસ્માત : આઠનાં મોત

સુરેન્દ્રનગર : રવિવારે અમદાવાદથી બગોદરા હાઈવે અને લીંબડી હાઈવે પર બે અકસ્માતમાં ૮ લોકોનાં કમકમાટીભર્યાં મોત નિપજ્યા હતા તો ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. સોમનાથદાદાના દર્શને કાર લઈને જતાં અમદાવાદના પરિવારને સુરેન્દ્રનગરના દેવપરા ગામ નજીક અકસ્માત નડ્યો હતો. ટ્રક સાથેના આ અકસ્માતમાં એક જ પરિવારનાં ૫ લોકોનાં કમકમાટીભર્યાં મોત નિપજ્યા હતા. જ્યારે ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચી છે. અકસ્માતને કારણે લીંબડી હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. તો આ મામલે પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. તો સવારે ૬ વાગ્યે બગોદરાના મીઠાપુર ગામના પાટિયા પાસે ઉભેલા ડમ્પર પાછળ કાર ઘુસી જતાં ૩ લોકોના મોત નિપજ્યા છે. અમદાવાદનો પરિવાર ગત મોડી રાત્રે ય્ન૦૧ હ્ઢૅ ૮૬૧૫ નંબરની કાર લઈને સોમનાથ દાદાના દર્શને જઈ રહ્યો હતો.



વહેલી સવારે પહોંચવાની આશા સેવી રહેલાં આ પરિવારને ક્યાં ખબર હતી કે રસ્તામાં કાળ તેમની રાહ જોઈ રહ્યો છે. સુરેન્દ્રનગરના દેવપરા ગામ પાસે જ્યારે કાર પહોંચી ત્યાં જ તેમની ટક્કર ટ્રક સાથે થઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે આ અકસ્માતમાં પાંચ લોકોનાં મોત નિપજ્યા હતા.

# અમરેલી જિલ્લા પંચાયતનાં પૂર્વ ઉપપ્રમુખે સ્યુસાઈડ નોટ લખી ફાંસો ખાતા ચકચાર

**• ભાગીદારીમાં ચાલુ કરેલી ફૂડ પ્રોસેસ ફેક્ટરીમાં આર્થિક નુકસાન જતાં જિંદગી ટૂંકાવ્યાની ચર્ચા**

અમરેલી- અમરેલી જીલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ એવા આહિર સમાજના અગ્રણી અને લીલીયા પંથકના કોંગ્રેસના મોટા ગજાના આગેવાને સંભવિત આર્થિક સંકડામણના કારણે રવિવારે સવારે પોતાની ફુડ પ્રોસેસ ફેક્ટરીમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર હતી. પોલીસે મૃતકની સ્યુસાઈડ નોટ કબ્જે લઈ આગળની તપાસ હાથ ધરી હતી, પણ એ મામલે આજે મૌન સેવ્યું હતું. અમરેલી



જીલ્લા પંચાયતની ગત ચુંટણીમાં ચુંટાયા બાદ અઢી વર્ષ માટે ઉપપ્રમુખ તરીકે ચુંટાયેલા અને છેલ્લા ૧૫ વર્ષથી ચુંટાતા આવતા મુળ પીપળવાના રહિશ અને હાલ લીલીયા રહેતા કેહુરભાઈ નારણભાઈ ભેડા (ઉ.વ. ૫૦) નામના આહિર સમાજના અગ્રણીએ આજે સવારના ૭થી ૮ વાગ્યાના સુમારે લીલીયા- અમરેલી રોડ ઉપર આવેલી પોતાની ત્રિલોકપતિ ફુડ પ્રોસેસીંગ નામની ફેક્ટરીમાં ઉપરના માળે પંખામાં દોરી વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની વાત વાયુવેગે અમરેલી પંથકમાં ફેલાઈ ગઈ હતી જેથી લીલીયા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને પી.એમ. અર્થે ખસેડવામાં આવેલો હતો. છેલ્લા વીસેક વર્ષથી રાજકારણમાં તેઓ સક્રિય હતા અને સારી નામના ધરાવતા હતા. લીલીયા પંથકમાં કોંગ્રેસના મોટા ગજાના નેતા લેખાતા હતા. કોંગ્રેસના બેનર તળે છેલ્લા પંદર વર્ષથી પંચાયતના સદસ્ય તરીકે ચુંટાતા હતા. અમરેલી જીલ્લાભરમાં તેમજ સમસ્ત આહિર સમાજમાં આગવું નામ ધરાવતા સેવાભાવી વ્યક્તિની અણધારી વિદાયથી ભારે ચકચાર મચી ગઈ છે.

# વરતેજમાં પરિણીતાની આત્મહત્યા મામલે પતિ, જેઠાણીને ૫ વર્ષની કેદ

ભાવનગરઃ બે વર્ષ પૂર્વે વરતેજના સવગુણ વિસ્તારમાં રહેતી પરણીતાને મરી જવા મજબૂર કરનાર તેના પતિ તેમજ પતિની કૌટુંબિક ભાભી કમ પ્રેમિકા સામે કેસ સાબિત થતાં ભાવનગરના ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજે સરકારી વકીલની દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ ધ્યાને લઈ બંને આરોપીઓને પાંચ વર્ષની કેદની સજા અને રોકડા રૂ. ૫ હજારનો દંડ ફટકાર્યો હતો. જ્યારે આ કેસમાં સાસુ અને સસરાને નિર્દોષ છોડી મૂકવા અદાલતે હુકમ કર્યો હતો.

આ કેસની પ્રાપ્ત વિગતો અનુસાર બે વર્ષ અગાઉ વરતેજ ખાતે રહેતી પરિણિતા લલિતા મકવાણાએ શરીર પર કેરોસીન છાંટી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી તેમને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના પતિ વિજય મકવાણા અને વિજયના કૌટુંબિક ભાભી જ્યોતિ મકવાણા પતિ સાથે ઠઠ્ઠા-મશ્કરી કરતા અને બિભત્સ ઈશારા કરતા પરિણીતા જોઈ જતા તેમને લાગી આવતા તેણે પોતાની જાતે શરીર ઉપર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. આ બનાવમાં પરિણીતાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પરિણિતાએ મરણોત્તર નિવેદન આપતા તેના પતિ, કૌટુંબિક જેઠાણી, સાસુ-સસરા સામે ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટમાં ૪ મિત્રોએ જ મિત્રને છરીના ઘા ઝીંકીને પતાવી દીધો

રાજકોટ : રાજકોટમાં કોઠારિયા વિસ્તારમાં આવેલા રણુજા મંદિર નજીક હરી દર્શન નામની દુકાન પાસે રાજુ કે રાહુલ ગોસ્વામી નામના યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરાઈ હતી. રાહુલ તેના મિત્રો સાથે ઉભો હતો. ત્યારે જ ચાર જેટલા શખ્સો સાથે તેની સામાન્ય બોલાચાલી થઈ હતી. આ વાતનો ખાર ખાઈને ચાર શખ્સોએ તેના પર છરી વડે હુમલો કર્યો. આ હુમલામાં રાહુલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. ત્યારબાદ રાહુલને રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં હત્યા પાછળ જયેશ માઢ, દિવુ જાડેજા અને દિવ્યેશ લાવડીયા તથા અન્ય એક શખ્સ હોવાની આશંકા છે. જેના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે, હત્યા કરનાર શખ્સો રાહુલના મિત્રો જ છે. જેથી ક્યા કારણોસર સામાન્ય બોલાચાલી ઉગ્ર બની તે દિશામાં તપાસ આગળ હાથ ધરવામાં આવી રહી છે.

# કાગવડના ખોડલધામ ખાતે ૨૦૨૨માં પાંચ દિવસીય ભવ્ય મહોત્સવ ઉજવાશે

કાગવડઃ આગામી ૨૦૨૨માં ખોડલધામ ખાતે ૨૦૧૭ જેવો ભવ્ય પાંચ દિવસીય મહોત્સવ ઉજવવાનું નકકી કરવામાં આવ્યું છે અને આ નિર્ણય ઓલ ઈન્ડિયા મીટમાં લેવામાં આવ્યો છે. ઓલ ઈન્ડિયા કન્વીનર મીટ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે કહ્યું કે, ત્રણ વર્ષની અંદર મંદિર પરિસરમાં જે રીતે કામ થયું છે તે આપણા બધાના સહિયારા પ્રયાસનું પરિણામ છે. શિક્ષણ ક્ષેત્રે આપણે ઝડપથી આગળ વધી રહ્યા છીએ, ૪૨ એકરમાં પહેલું રોલ મોડેલ રાજકોટ બનાવે તે દિશામાં ઝડપથી કાર્યવાહી આગળ વધે તે માટે ટીમ કાર્યરત છે અને એક વર્ષની અંદર સમાજ માટે ઘણું બધું કામ કરીશું.. આ ઉપરાંત શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની સેવાની હૂંફ બીજા જિલ્લાઓમાં આપી શકીએ તે અંગે કામ કરી



રહ્યા છીએ. આગામી ૨૦૨૨માં ખોડલધામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૨૦૧૭ મુજબનો પાંચ દિવસીય અવસર ઉજવવાની ઈચ્છા નરેશભાઈ પટેલે હાજર લોકો સમક્ષ મૂકતા સૌએ આ વાતને વધાવી લીધી હતી.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## ચાર મહિનાથી ઉઠી રહેલી જ્વાળાઓને ઠારવામાં સંશાધનો અને વિજ્ઞાનનો પનો ટૂંકો પડ્યો

# ઓસ્ટ્રેલિયામાં દાવાનળ : માનવીની લાલસાનું પરિણામ

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ઈસ ૨૦૧૯નું વર્ષ ધરા માટે આગ ઝરતું રહ્યા બાદ ૨૦૨૦માં પણ આ સિલસિલો અકબંધ રહે તેવા સંકેતો છે. એમેઝોન તથા બ્રાઝીલના જંગલોમાં લાગેલી આગ હંમેશા ફેલાતા દાવાનળ કરતા ૮૦ ટકા વધારે હતી. આ ઘટનાની રાખ હજી ઠંડી પણ નથી પડી ત્યાં તો ઓસ્ટ્રેલિયામાં આગ ચાર માસથી આગ ભભૂકી રહી છે. આ આગમાં અત્યાર સુધીમાં કરોડો જીવ ભૂંજાયા છે. એમેઝોન તથા ઈન્ડોનેશિયાના જંગલોમાં લાગેલી આગ માનવસર્જિત હોવાનું મનાય છે. ગેરકાયદે વન નાબૂદી અને ખેતીની જમીન માટે જંગલો સાફ કરવાની મુરાદ સાથે કૃત્ય કરનારાઓને કલાઈમેટ ચેન્જ સાથે સ્નાન સુતકનો સંબંધ નથી. હાલ ઓસ્ટ્રેલિયામાં ફેલાયેલો દાવાનળ કંઈ નવી વાત નથી. આ વખતની આગ ૬૩ હજાર ચોરસ કિમી એટલે કે, ૬.૩ મિલિયન હેકટર જમીનમાં ફેલાઈ ચુકી છે. જે કાયમ લાગતી આગ કરતા અનેકઘણી વધું છે. આજે ઓસ્ટ્રેલિયાના જંગલમાં ઈંગ્લેન્ડના કદ જેટલો વિસ્તાર ભડકે બળી રહ્યો છે. અહીં લાગેલી આગ પાછળ સુકી આબોહવા, ઝડપથી ફુંકાતા વાયરા, અને લાંબો સમય ચાલેલા દુકાળ કારણભૂત છે. ૨૦૦૮માં કેલિફોર્નિયાના જંગલમાં આગ લાગી હતી ત્યારે ૮ લાખ હેકટર તેની ચપેટમાં આવી ગયું હતુ. જયારે આજે ઓસ્ટ્રેલિયામાં ૪૦ લાખ હેક્ટર વિસ્તારનું જંગલ ચાર મહિનાથી સળગી રહ્યું છે.

વિજ્ઞાને ભલે જે પ્રગતિ સાંધી પરંતુ કુદરત સામે આપણે કેટલા સક્ષમ છે તે આ ઓસ્ટ્રેલિયાનાં જંગલોમાં લાગેલી આગે બતાવી દીધું છે. આગને કારણે ૫૦ કરોડ જેટલાં પશુ-પક્ષીઓ અને મૂંગા જીવો બળીને ખાખ થઈ ગયાં છે. ૨૪ જેટલા મનુષ્યોએ પણ જીવ ગૂમાવ્યા છે. રેસ્ક્યૂ ઓપરેશનો ચાલુ થયાં છે, હેલિકોપ્ટર્સ અને વિમાનની મદદ લેવાઈ છે. ૩૭૦૦ જેટલાં ફાયર ફાઈટર્સના જવાનો દિવસરાત કામ કરી રહ્યાં છે. ૩૦૦૦ જેટલા આર્મી, નેવી અને એરફોર્સના જવાનો તેમની મદદે છે. અમેરિકા, કેનેડા અને ન્યૂઝીલેન્ડથી ૨૪૦થી પણ વધારે એક્સપર્ટ ઓસ્ટ્રેલિયામાં પણ આ અભિયાનમાં જોતરાયા છે. આમ છતાં આ આગ પર કાબૂ મેળવી શકાયો નથી. આગમાંથી જીવ બચાવવા જાનવરો શહેર તરફ દોટ મૂકી રહ્યાં છે અને આ જાનવરોને આશરો આપવા શહેરોમાં જગ્યા નથી. આ આગથી બચવા ભાગેલા ૧૦ હજાર ઊંટને ગોળીથી મારી નાખવાનો ઓસ્ટ્રેલિયન સરકારે લેવો પડયો છે. આ લખાય છે ત્યારે ૫ હજાર ઉંટને તો ધંધાદારી શૂટરોએ મોતને ઘાત ઉતારી દીધા છે. ઓસ્ટ્રેલિયામાં સરકારે આ નિર્ણય લીધો, કારણ કે આ ઉંટ ઘણા સમયથી માનવીની સંપત્તિને નુકસાન કરી રહ્યાની ફરિયાદો હતી. સાઉથ ઓસ્ટ્રેલિયાના એનન્ગુ પિટ્યેન્ટયાટયારા યાન્કુનીયટયાટયારા નામનો વિસ્તાર છે. અહીં મૂળ જાતિ એબોરિજિનલ ઓસ્ટ્રેલિયન તરીકે ઓળખાતા આદિવાસીઓની છે. સત્તાધીશોને આ લોકો ઘણાં સમયથી ફરિયાદ કરતા હતા કે, ગરમીની સીઝનમાં આ વિસ્તારના ઉંટ આદિવાસીઓના પાત્રોમાં સંગ્રહ કરાયેલું પાણી પી જાય છે. વળી જંગલી ઉંટ જૂથમાં આવીને પાણીની શોધમાં એસી જેવા સાધનોની પણ તોડફોડ કરે છે. આવા સંજોગોમાં આગની ઘટના અને ઉંટનું શહેર તરફ પ્રયાણ થવાને કારણે તેને મારી નાંખવા આદેશ થયાનું મનાય છે. જો કે, એક માત્ર પાણીનું કારણ પણ પુરતુ નથી. જો કે, સરકારના આ નિર્ણયને વિશ્વમાંથી અનેક દેશો અને પ્રાણી તથા પર્યાવરણ પ્રેમીઓએ વખોડ્યો છે. ઈસ ૧૮૪૦માં ઉંટોએ અહીં પગ મુક્યો હતો. મૂળે આરબ દેશોમાંથી ભારત આવેલા અને તે પછી દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં નિકાસ પામેલા ઉંટનો ઉપયોગ માલસામાનની હેરફેર માટે કરાતો હતો.

પણ વાહનોની શોધ બાદ તેમની ઉપયોગિતા ઘટવા માંડી હતી. છેલ્લે વીસમી સદી સુધીમાં તો તેમની જગ્યા સંપૂર્ણપણે વાહનોએ લઈ લેતાં માલિકોએ તેમને જંગલોમાં છોડી દીધેલાં. એ ઊંટની સંખ્યા આજે ઓસ્ટ્રેલિયામાં ૧૦ લાખ આસપાસ પહોંચી ગઈ છે.

દર વર્ષે ઊંટોની સંખ્યા ૧૦ ગણી વધી જાય છે અને ઉપલબ્ધ જંગલોનો ૮૦ ટકા હિસ્સો હજમ કરી જાય છે. તે એવાં વૃક્ષો અને વનસ્પતિ પણ ખાઈ જાય છે જેને અન્ય શાકાહારી જાનવરો સૂંઘતાં પણ નથી.આશ્ચર્ય વાત એ છે કે, તેઓ ૫ કિમી. દૂરથી ભીનાશને કારણે એ જગ્યા શોધી કાઢે છે જ્યાં પીવાલાયક પાણી હોય છે. ક્યારેક આ રીતે પાણી ન મળે તો તે અન્ય પાલતુ જાનવરોના વાડા કે રહેણાક વિસ્તારોમાં ઘૂસીને નળ, બાથરૂમ કે પાણીની ટાંકીને તોડીને પણ પાણી પી લે છે. બીજી તરફ ૨૦૧૯થી ત્યાં દુકાળ ચાલી રહ્યો છે. ઉપરાંત બુશફાયરને કારણે પણ ઉંટના ખોરાક પાણી ઓસ્ટ્રેલિયામાં સમસ્યા સર્જી રહ્યા હતા. તેથી સરકારે ૧૦ હજાર ઉંટને મારી નાંખવા કવાયત આદરી છે.

વધુમાં આગને કારણે જાનવરોની એક પ્રજાતિ કોવાલાની વસતી અડધી થઇ ગઇ છે, કાંગારુંઓ આગમાં બળીને ખાખ થઇ રહ્યાં છે. ઓસ્ટ્રેલિયાની સરકારને શું કરવું તેની ખબર પડતી નથી. સરકારે આ આગને કારણે થયેલા નુકસાનને પહોંચી વળવા ૨ અબજ ઓસ્ટ્રેલિયન ડોલર ખર્ચ કરવાનું નક્કી કર્યું છે, પરંતુ ખર્ચ થવા પછી પર્યાવરણના નુકસાનની ભરપાઇ કેવી રીતે થશે તે મોટો સવાલ છે. જો કે, આગની ઘટના વધુ નુકસાનકારણ રહેવા પાછળ માનવીની લાલચ પણ કારણભૂત હોવાનું મનાય છે. ઓસ્ટ્રેલિયામાં લાગેલી આગ મનુષ્ય દ્વારા લગાવાઇ હોવાનું પ્રાથમિક તારણ છે. ઓસ્ટ્રેલિયામાં જમીનની લાલચ ધરાવતા બે અંતિમવાદીઓએ વધારે જમીન મેળવવા જંગલોને આગ લગાવી હોવાનું કહેવાઇ રહ્યું છે. અહીં જંગલોની દેખરેખ રાખનારાઓ કહે છે કે, જંગલોમાં દર વર્ષે ૫૨ હજારથી ૫૪ હજાર જેટલી નાનીમોટી આગની ઘટના બને છે. જેમાં આ વર્ષે તે સંખ્યા ૬૨ હજાર સુધી પહોંચી ગઇ છે. જુદાં જુદાં કારણસર લાગતી આગની ઘટનાઓમાં ૧૩ ટકા જેટલી આગ જાણીબૂઝીને માણસ દ્વારા લગાવવામાં આવે છે. દુનિયાભરમાં જે રીતે કાર્બનનું ઉત્સર્જન થઇ રહ્યું છે તે જોતાં જલવાયુમાં જબરજસ્ત પરિવર્તન આવી રહ્યું છે. દુબઈના રણમાં બરફનો વરસાદ પડે છે અને જાપાનમાં જાન્યુઆરીમાં બરફ પડવો જોઈએ ત્યાં બરફ પડવાનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી તે બાબત વિશ્વના પર્યાવરણ અને વાતાવરણમાં ખતરનાક ઢબે થઈ રહેલા ફેરફારની સાબિતિ આપે છે. વાસ્તવમાં પ્રગતિની આ આંધળી દોટમાં માણસે હવે લાભાલાભની ગણતરી કરવી નથી. આજુબાજુ શું નુકસાન થઇ રહ્યું છે અને ખુદ પોતાની હાલત કેટલી બગડી રહી છે તેની પણ માણસને પરવા રહી નથી.

હજુ આપણે ઝેરીલાં ઉપકરણોનો ઉપયોગ વધારતા જ રહીએ છીએ. ફોર-જી પછી ફાઈવ-જી તરફ આપણી દોટ છે પરંતુ આ દોટ વિનાશ તરફની છે કે વિકાસ તરફની તે વિશે કોઈને સમજવું નથી.

૨૦૧૯માં લાગેલી ઓસ્ટ્રેલિયાની આગ ૨૦૨૦માં હજુ બૂઝાઇ નથી. એક વાત ચોકકસ કહી શકાય કે, જંગલો પર મનુષ્યનો ડોળો વર્ષોથી છે. જંગલનું લાકડું કે જંગલની જમીન મનુષ્યને જોઈએ છે અને મનુષ્યની આ લાલચ હવે પર્યાવરણનો વિનાશ નોતરવા માંડી છે.



૫૦ કરોડ પશુ-પક્ષીઓ તથા જીવોને ભરખી જનાર આગને ઓલવવા હેલિકોપ્ટર અને વિમાનની મદદથી ચાલી રહેલા રેસ્ક્યૂ ઓપરેશનમાં ૭૦૦૦ જવાનો જોડાયા

સ્વદેશ

FRIDAY 24 January 2020 II



## અનુ મલિક સામેનો જાતીય શોષણનો કેસ બંધ

મુંબઇ : નેશનલ કમિશન ફોર વુમનએ અનુ મલિકને જાતિય શોષણના કેસમાં રાહત આપી છે. તીય શોષણના આરોપને કારણે અનુ મલિકને ટચૂકડા પડદા પરના એક રિયાલિટી શોના નિર્ણાયક તરીકે પણ દૂર કરવામાં આવ્યો હતો. સિંગર સોના મહાપાત્રા, શ્વેતા પંડિત, નેહા ભસીન, કૈરાલિસા મોન્ટેરો અને ઇન્ડિયન આઇડોલની ભુતપૂર્વ પ્રોડયુસર ડેનિકા ડિસોઝાએ અનુ મલિક પર જાતીય શોષણનો આરોપ મુક્યો હતો. હવે કહેવાય છે કે, રાષ્ટ્રીય મહિલા આયોગને પુરતા પુરાવા ન મળતા આ કેસ બંધ કરી દેવામાં આવ્યો છે.

## અક્ષય કુમાર આગામી ફિલ્મ માટે રૂપિયા ૧૨૦ કરોડની ફી લેશે તેવી ચર્ચા



મુંબઈ : બોલીવુડના સુપરસ્ટાર અક્ષય કુમાર સૌથી વ્યસ્ત અને સૌથી વધુ કમાણી કરનારો અભિનેતા બની ગયો છે. આગામી ફિલ્મ માટે તે રૂપિયા ૧૨૦ કરોડ મહેનતાણું લેવાનો હોવાની વાત છે. "આનંદ એલ રાયની આગામી ફિલ્મ માટે સુપરસ્ટારને રૂપિયા ૧૨૦ કરોડ ચુકવવામાં આવશે.અક્ષય વધુ ફી લેવા માટે જાણીતો છે. બોક્સ ઓફિસ પર તેના નામે ડંકો વાગી રહ્યો છે. એટલું જ નહીં ડિજિટલ અને સેટલાઇટ નેટવર્કસમાં પણ તેની માંગ છે. અક્ષય અને તેની ટીમ માને છે કે, અભિનેતાને ઓછામાં ઓછા રૂપિયા ૧૦૦ કરોડ જેટલી ફી મળવી જોઈએ. ઉપરાંત ગુડવીલ તરીકે તેને વધારાના રૂપિયા પણ મળવા જોઈએ. જો આમ હશે તો અક્ષય સોથી વધુ મહેનતાણું મેળવનારો બોલીવૂડ સ્ટાર બનશે," તેમ ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રે જણાવ્યું હતું. આ ફિલ્મમાં સારા અલી ખાન અને ધનુષ મુખ્ય પાત્ર તરીકે કામ કરી રહ્યા છે. સેટલાઇટ અને ડિજિટલ મીડિયા હાઉસ પણ અક્ષય સાથે મલ્ટી ફિલ્મસનો કરાર કરવા માટે સંપર્ક કરી રહ્યા છે. બેક ટુ બેક તેની પાંચ ફિલ્મોએ બોક્સ ઓફિસ પર રૂપિયા ૧૫૦થી વધુ કરોડનો વ્યવસાય કર્યો છે. હાલ તે કારકિર્દીના શિખરે બિરાજમાન છે. બોલીવૂડના નિર્માતા-દિગ્દર્શકોની પ્રથમ પસંદગી બની રહ્યો છે.

# કંગના રાણાવતે સ્ટુડિયો ખરીદ્યો





મુંબઈ : બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી કંગના રાણાવતે મુંબઈમાં એક સ્ટુડિયોની ખરીદ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. દેશના વાણિજ્ય પાટનગર મુંબઇના પાલી હિલમાં પોતાના માટે એક શાનદાર સ્ટુડિયોની ખરીદી કરી છે. તેની માહિતી કંગનાની બહેન રંગોલીએ સોશિયલ મિડિયા દ્વારા આપી છે. રંગોલીએ કંગનાના નવા સ્ટુડિયોનો ફોટો પણ સોશિયલ મિડિયા પર રજૂ કરીને આ સંબંધમાં માહિતી આપી છે. કંગના રાણાવત ૧૦ વર્ષ પહેલાથી જ આ સપનુ જોઈ રહી હતી. આજે તમામ લોકો જોઈ રહ્યા છીએ કે કંગનાને તેનુ સપનુ પૂર્ણ કર્યુ છે. જ્યારે લોકો સચ્ચાઇ અને ઈમાનદારી સાથે તમામ ચીજો હાંસલ કરે છે ત્યારે વધારે ખુશી થાય છે. કંગના રાણાવત બોલિવુડમાં એક એવી અભિનેત્રી તરીકે છે જે બોલિવુડમાં દરેક વિષય પર પોતાના અભિપ્રાય રજૂ કરવા માટે જાણીતી રહી છે. કંગના રાણાવત બોલિવુડમાં એક પછી એક મોટી ફિલ્મમાં કામ કરી ચુકી છે. હાલમાં તેની પાસે અનેક મોટી ફિલ્મ છે. જેમાં જયલલિતાની લાઇફ પર બની રહેલી બાયોપિક ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળતા હાંસલ કરે તેવી પુરી શક્યતા છે.

# 'સ્વચ્છ ભારત અભિયાન' માટે શિલ્પા શેટ્ટી અને પતિ રાજ કુંદ્રાને 'ચેમ્પિયન ઓફ ચેન્જ એવોર્ડ'

મુંબઈ : બોલીવુડમાં સફળ રહેલી અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુંદ્રાને ૨૦૧૯ના 'ચેમ્પિયન ઓફ ચેન્જ એવોર્ડ'થી સમ્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ તેમને 'સ્વચ્છ ભારત અભિયાન' માટે લોકોને પ્રોત્સાહિત કરવાની દિશામાં કરેલા પ્રયાસો માટે આપવામાં આવ્યો છે. દિલ્હીમાં સોમવારે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ શિલ્પાને આ પુરસ્કારથી સમ્માનિત કરી હતી. આ એવોર્ડ મેળવીને અભિનેત્રીએ પોતાની ખુશી વ્યક્ત કરતાં કહ્યુ હતુ કે, "આ પુરસ્કાર મેળવીને હું સ્વયંને સમ્માનિત અનુભવી રહી છું.મને લાગે છે કે પોતાના દેશને સ્વચ્છ રાખવાનું દરેક નાગરિકનું કર્તવ્ય છે. સ્વચ્છતા દિમાગથી શરૂ થાય છે, આપણે આપણા ઘરને ચોખ્ખું રાખીએ છીએ તો પછી દેશને કેમ નહીં ?" શિલ્પાએ વધુમાં કહ્યું હતુ કે, "આ વર્ષ મેં કાર્બન ફુટપ્રિન્ટને ઓફસેટ કરવા માટે મેં ૪૮૦ વૃક્ષ વાવ્યા છે. દરેક વ્યક્તિની આ જવાબદારી છે. ફક્ત વર્તમાન માટે જ નહીં પરંતુ ભવિષ્ય માટે પણ પૃથ્વી ગ્રહની દેખરેખ કરવી જરૂરી છે." તેણે પોતાના ટ્વિટમાં સ્વચ્છ ભારત અભિયાન પર જોર આપતાં કહ્યું હતું કે, આ કેમ્પેઇનથી દેશમા ંએક સારો બદલાવ આવ્યો છે.



હું ભવિષ્યમાં પણ વધુ વૃક્ષો ઊગાડીશ. મન અને વિચાર સારા રાખવાથી સારા કામ કરી શકાય છે, તેમ પણ તેણે કહ્યું હતું. એક લાંબા સમય બાદ તે ફરી રૂપેરી પડદે પોતાની કારકિર્દી શરૂ કરી રહી છે. 'નિકમ્મા અને હંગામા ટુ'માં શિલ્પા જોવા મળશે.

## વિશ્વની સૌથી સફળ અને પ્રેરણાદાયક ૧૦૦ મહિલાઓમાં પ્રિયંકા સામેલ



મુંબઈ : અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ તેની સફળતાની ખ્યાતિ બોલીવુડથી હોલીવુડ સુધી મેળવી છે અને તેથી જ તેને મોટા મંચ પર આદર પણ મળ્યો છે. તાજેતરમાં તેનું નામ વિશ્વની ૧૦૦ સૌથી સફળ અને પ્રેરણાદાયી મહિલાઓમાં શામેલ કરવામાં આવ્યું છે. ઓનલાઈન પ્લેટફોર્મ ક્રિએટ એન્ડ કલ્ટીવેટે તેની પોતાની એક સૂચિ બહાર પાડી છે, જેમાં મનોરંજન શ્રેણીમાં ટોચની ૧૦૦ સફળ મહિલાઓમાં પ્રિયંકા ચોપરાનું નામ શામેલ કરવામાં આવ્યું છે.વેબસાઈટમાં ફેશન, ખોરાક, મનોરંજન, ઉદ્યોગસાહસિકતા, આરોગ્ય, સામગ્રી બનાવટ, સુંદરતા, સંગીત જેવા ક્ષેત્રોમાં મહિલાઓને શામેલ કરવામાં આવી છે. પ્રિયંકાનું નામ મનોરંજન કેટેગરીમાં શામેલ કરવામાં આવ્યું છે, જે ભારત માટે ગૌરવની વાત પણ છે. આ સૂચિમાં નામ આવ્યા બાદ પ્રિયંકાએ તેનો આભાર માન્યો છે.પ્રિયંકા ચોપડાએ ટ્વીટ કર્યું હતું કે, "થેંક્યુ ક્રિએટ એન્ડ કલ્ટીવેટ ... જેમણે આ વર્ષે મનોરંજન કેટેગરીમાં ક્રિચર કલ્ટીવેટ ૧૦૦ ની યાદીમાં મારું નામ ઉમેર્યું છે."

અભિનેત્રીએ એક લિંક પણ શેર કરી છે, જેમાં તેણે પોતાનો અનુભવ શેર કર્યો છે. વિશે લખ્યું છે તાજેતરમાં જ ફોર્બ્સે પ્રિયંકા ચોપડાને ટોપ -૧૦૦ સેલેબ્સની યાદીમાં શામેલ કરી હતી.

## પ્રદીપ સરકારની ફિલ્મમાં કામ નહીં કરે

મુંબઈ: પ્રદીપ સરકારની ફિલ્મમાં દીપિકા પદુકોણે કામ કરવાનો ઈનકાર કરી દીધો છે. નવાઈની વાત તો એ છે કે, પહેલાં તો દીપિકાએ આ ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચીને કામ કરવાની તૈયારી દર્શાવી હતી.પરંતુ અભિનેત્રીની ટીમે ેક મહિના બાદ દીપિકા કામ નહીં કરે એમ કહી હાથ ઉંચા કરી દીધા આ પછી પ્રદીપ સરકારે ઐશ્વર્યા રાયનો સંપર્ક કર્યો હતો અને ઐશ્વર્યાએ આ ફિલ્મમાં કામ કરવાની હા પાડી છે. પ્રદીપ સરકાર બિનોદિની પર બાયોપિક બનાવી રહ્યો છે. થોડા મહિના પહેલા તેણે દીપિકાની મુલાકાત કરીને ફિલ્મની વાર્તા સંભળાવી હતી. દીપિકાને સ્ક્રિપ્ટ પસંદ પડી હતી અને આ ફિલ્મમાં કામ કરવા રાજી થઈ હતી. પછીથી ફિલ્મ 'છપાક'ના પ્રમોસનમાં



દીપિકા વ્યસ્ત થઈ ગઈ હતી. તેણે આ બાબતે પછી વાત કરવાનું કહ્યું હતું.આમ છતાં દીપિકા તરફથી કોઈ જવાબ આવ્યો નહોતો. અંતમાં દીપિકાને ટીમે પ્રદીપ સરકારને દીપિકાઆ ફિલ્મ નહીં કરી શકે એમ કહી દીધું હતું. દીપિકા લાઈટ હાર્ટેડ ફિલ્મ કરવા ઈચ્છે છે, તેને આવી ગંભીર વિષય પર આધારિત ફિલ્મ કરવી નથી. હવે પ્રદીપ સરકારે ઐશ્વર્યા રાય બચ્ચનનો સંપર્ક કર્યો છે અને તેણે આ ફિલ્મમાં કામ કરવાની હા પાડી હોવાનું કહેવાય છે. જો આમ થશે તોઐશ્વર્યાની 'ફન્ને ખાન' પછીની આ બોલીવૂડ ફિલ્મ હશે.

## સાઈનાની બાયોપિકને લઈ આશાવાદી

મુંબઇ : બોલિવુડમાં યુવા પેઢીની લોકપ્રિય અભિનેત્રી પરિણિતી ચોપડા પાસે હાલમાં કેટલીક ફિલ્મો રહેલી છે. જે પૈકીની તેની ગર્લ ઓન ધ ટ્રેન ફિલ્મ આઠમી મેના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ ઉપરાંત બેડમિન્ટન સ્ટાર સાયના નહેવાલની બાયોપિક ફિલ્મ સાયના તેની આ જ વર્ષે રજૂ કરવામાં આવનાર છે. જો કે આ ફિલ્મની રજૂઆતની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. તે આ ફિલ્મમાં કામ કરી રહી છે. આ ફિલ્મનુ શુટિંગ શરૂ કરવામાં આવ્યા બાદ તે ભારે ખુશ છે. તે ફિલ્મને લઈને ખુબ મહેનત પણ કરી રહી છે. ફિલ્મને વર્ષ ૨૦૨૦માં રજૂ કરવામાં આવનાર છે. સાયનાની ભૂમિકા તે અદા કરનાર છે. ભુષણ કુમાર અને અમોલ ગુપ્તે આ ફિલ્મ બનાવી રહ્યા છે. પરિણિતી ચોપડા આ ફિલ્મને લઈને ઉત્સુક છે. તે હાલમાં અન્ય કેટલીક ફિલ્મોમાં કામ કરી રહી છે. જે પૈકી અર્જુન કપુરની ફિલ્મ સંદીપ ઔર પિન્કી ફરાર ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મની રજૂઆત વારંવાર ટળી રહી છે. જેના કોઈ કારણ આપવામાં આવી રહ્યા નથી. બીજી બાજુ તેની પાસે ધ ગર્લ ઓન ટ્રેન રહેલી છે. જેમાં અન્ય અભિનેત્રીઓ પણઁ તેની સાથે દેખાશે. અજય દેવગનની એક ફિલ્મમાં પણ તે કામ કરી રહી છે. તે નક્કરપણે માને છે કે બોલિવુડની ફિલ્મોમાં અભિનેત્રીઓ માટે કોમેડી રોલ ખુબ ઓછા લખવામાં આવે છે. વિતેલા વર્ષોમાં અભિનેત્રીઓ માટે સારા રોલ લખવામાં આવતા હતા.






# હોલિવુડની હલચલ

## મારી અને આલીશા વચ્ચે કંઈ નથી : જસ્ટિન ટિમ્બરલેક



લોસએન્જલસ : પીડીએ સ્કેન્ડલમાં સંડોવાયા પછી જસ્ટિન ટિમ્બરલેક તેની પત્ની જેસિકા બાઅલ સાથે પહેલી વાર જાહેરમાં સામે આવ્યો. જસ્ટિન તેની કોસ્ટાર આલીશા વેઈનવ્રેઈટ સાથે પીડીએ સ્કેન્ડલમાં ફસાયો હતો. થોડા સમય પહેલાં એક બારમાં ટિન્ડરલેક આલીશા સાથે હાથોમાં હાથ નાખેલી હાલતમાં નજરે પડયો હતો. રાતોરાત સોશિયલ મીડિયામાં બંનેની તસવીર વાઈરલ થઈ હતી. એ પછી કેટલાક લોકોએ કહ્યું કે, જસ્ટિન જેસિકા સાથે વિશ્વાસઘાત કરી રહ્યો છે. જસ્ટિન અને આલીશાની ચર્ચાઓ પણ ખૂબ થઈ હતી. વાત આટલી જ ન હતી. જસ્ટિન અને આલીશા એક હોટલમાં સાથે જમતાં જોવા મળ્યાં હતાં. બંને ખુશ લાગતાં હતાં અને એકબીજા સાથે હસીમજાક કરતાં હતાં. પણ સૂત્રો દ્વારા એવું જાણવા મળ્યું છે કે જસ્ટિન અને આલીશાને લઈને જેસિકા ખુશ નથી. ખેર, એ પછી તો જસ્ટિને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને જેસિકાની માફી પણ માગી હતી. એણે પોસ્ટમાં કબૂલ્યું હતું કે એ દિવસે તેણે ખૂબ દારૂ પીધો હતો એટલે ભાનમાં ન હતો. પણ એની અને આલીશા વચ્ચે કંઈ નથી.

## શકીરાનું સપનું પુરુ થવા જઈ રહ્યું છે



લોસએન્જલસ : કોલંબિયન પોપસ્ટાર શકીરાનો બીજી ફેબ્રુઆરીએ બર્થડે આવી રહ્યો છે. બીજી ફેબ્રુઆરીએ તે ૪૩ વર્ષની થશે. આ બર્થડે શકીરા માટે ખાસ છે, કારણ કે તેનું નાનપણનું સપનું છેક હવે પૂરું થવા જઈ રહ્યું છે. વાત એવી છે કે શકીરા તેના બર્થડેના દિવસે જ અભિનેત્રી જેનિફર લોપેજ સાથે એક શોમાં જોવા મળશે. ફ્લોરિડાના મિયામીના હાર્ડ રોક સ્ટેડિયમમાં સુપર બાઉલ હાફટાઈમ શો યોજાવા જઈ રહ્યો છે. આ શોમાં પરફોર્મ કરવું શકીરાનું નાનપણનું સપનું હતું.શોમાં ભાગ લેવા શકીરા એટલી ઉત્સાહિત છે કે તેણે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ પણ શેર કરી હતી. શકીરાએ એક ઈન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું હતું કે, સુપર બાઉલ શોમાં લોકોને કંઈક હટકે જોવા મળશે. સુપર બાઉલ શો ૨૦૨૦ માટે જેનિફર અને શકીરાએ રિહર્સલ પણ શરૂ કરી દીધું છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૦૬માં યોજાયેલા ફિફા વર્લ્ડ કપ દરમિયાન શકીરાએ બામ્બો સોંગ ગાયું હતું. શકીરાના ચાહકોમાં આ સોંગ ખૂબ જ પ્રખ્યાત થયું હતું. ત્યારે આ શોમાં પણ શકીરાનો નવો અંદાજ જોવા મળી શકે છે. સુપર બાઉલ નેશનલ ફૂટબોલ લીગ ચેમ્પિયનશિપની એન્યુઅલ ઈવેન્ટ છે.

## જેનિફરે ૩૫ હજાર ફૂટની ઊંચાઈએ ફિલ્મ પ્રમોશન કર્યું

લોસએન્જલસ : ગયા વરસે રીલિઝ થયેલી હસલર ફિલ્મમાં રમોનાની ભૂમિકા ભજવવા બદલ જેનિફર લોપેઝને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવી છે. ન્યૂ યોર્કથી લોસ એન્જેલિસ જતી ફલાઈટમાં જેનિફર સવાર હતી અને ઈન ફ્લાઈટમાં એણે ક્રુ મેમ્બરને રીકવેસ્ટ કરી આ નામાંકન માટે સેલિબ્રેશન કરવાની વિનંતી કરી. સામાન્ય રીતે પ્રવાસીઓને પોતે કોઈ અનાઉન્સમેન્ટ કરવાની છૂટ કેપ્ટન આપતા નથી. પણ સંભવત : જેનીફરનું કદ અને લોકપ્રિયતા જોઈને કેપ્ટને ઈનફ્લાઈટ અનાઉન્સમેન્ટ કરવાની છૂટ જેનિફરને આપી હતી. જેનિફર સ્વયં કોકપિટમાં ગઈ અને આ બાબતની જાહેરાત કરી. સહુ પ્રવાસીઓએ આ જાહેરાતને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. જેનિફરે સહુ પ્રવાસીઓને બાદમાં હસલર જોવાની વિનંતી સુધ્ધાં કરી.

## આર્નોલ્ડના દીકરા પેટ્રિક શ્વાર્ઝેન્ગરે હોલીવૂડમાં ડેબ્યુ કર્યું

લોસએન્જલસ : હોલીવૂડના ઓલ ટાઈમ મેચો સ્ટાર આર્નોલ્ડ શ્વાર્ઝેન્ગરના દીકરા પેટ્રિકે તાજેતરમાં રીલિઝ થયેલી ફિલ્મ ડેનિયલ ઈઝન્ટ રીયલ દ્વારા ફિલ્મજગતમાં ડેબ્યુ કર્યું. ટર્મિનેટરના સ્ટાર આર્નોલ્ડે દીકરાની અભિનયક્ષમતા અંગે મોકળા મને અમુક ટિપ્પણીઓ કરી. આર્નોલ્ડે કહ્યું કે દીકરા પેટ્રિકનો અભિનય લાજવાબ છે. એની પ્રતિભા અને અભિનયક્ષમતા ચરમસીમાએ હતી ત્યારે દ્રશ્ય બદલાયું અને અચાનક સેક્સ સીન આવ્યો. ૭૨ વરસના આર્નોલ્ડે કહ્યું કે એની ભૂતપૂર્વ પત્ની મારિયા શ્રીવરે એને દીકરા પેટ્રિકના સેક્સ સીન અંગે જાણકારી આપી હતી પણ આ દ્રશ્ય અણધાર્યું પડદા પર આવશે એવું નહોતું. દીકરો પેટ્રિક જે રીતે હોલીવૂડમાં પ્રગતિના પંથે છે એ બદલ એ ગૌરવ અનુભવે છે. હવે પેટ્રિકને બીજી ફિલ્મની ઓફર મળી છે એમ આર્નોલ્ડે ઉમેર્યું હતું.






# આંતરવસ્ત્ર બન્યું બાહ્યવસ્ત્ર : બ્રાએ લીધું ટોપનું સ્થાન

**કોઈ સામાન્ય મહિલાના બ્લાઉઝમાંથી બ્રાની પટ્ટી દેખાતી હોય તો તેની સાથે રહેલી સ્ત્રી તેનું ધ્યાન અચૂક તેના તરફ દોરે. અને જેની બ્રાની પટ્ટી દેખાતી હોય તે થોડી ભોંઠપ પણ અનુભવે. જોકે ફેશનેબલ માનુનીઓમાં આ વાત લગીરેય લાગૂ નથી પડતી. બલ્કે હવે તેઓ બ્રાને આંતરવસ્ત્ર તરીકે નહીં, બલ્કે આઉટરવેઅર તરીકે પહેરવા લાગી છે. કહેવાનો અર્થ એ છે કે બ્રાએ હવે ટોપનું સ્થાન આંચકવાની શરૂઆત કરી દીધી છે.**



ફેશનેબલ પામેલાઓ તેને ટોપની અંદર નહીં, બલ્કે ટોપ તરીકે જ પહેરવા લાગી છે. તે પણ તેને સજાવીને. અલબત્ત, તેઓ બ્રાટોપ પર મોટાભાગે બ્લેઝર પહેરતી જોવા મળે છે. ટૂંકમાં કહી શકાય કે હવે બ્લેઝરની અંદર કયું ટી-શર્ટ કે શર્ટ પહેરવું તેનો વિચાર કરવાના દિવસો ઝાઝું નથી ટકવાના. તાજેતરની જ વાત કરીએ તો અભિનેત્રી તારા સુતરિયાએ બ્લેક બ્લેઝર અને હળવા બ્લેક સ્લીટેડ સ્કર્ટ સાથે હીરાથી ઝગમગતી સ્ટ્રેપલેસ બ્રા જેવું ટોપ પહેર્યું હતું.

તેના ઉપર હીરાથી લખેલું હતું, ‘લવ પ્રીટિ. આ લખાણની ઉપર-નીચે હીરાની સેર બનાવવામાં આવી હતી. ફેશન ડિઝાઈનરો પણ કહે છે કે બ્રા હવે માત્ર આંતરવસ્ત્ર નથી રહ્યું. વાસ્તવમાં તે ખૂબસુરત બાહ્ય વસ્ત્ર બની ગયું છે. ભલે સામાન્ય મહિલાઓ આવો પોશાક પહેરતા શરમાય, પરંતુ બોલ્ડ- ફેશનેબલ માનુનીઓને તેનો કોઈ છોછ નથી.તેઓ ટોપની અંદર બ્રા પહેરવાને બદલે બ્રા પેટર્નનું ટોપ પહેરીને તેના ઉપર બ્લેઝર પહેરી લે છે. આ જ તેમનું લેટેસ્ટ ટ્રેન્ડનું ટોપ હોય છે. તેથી જો તમને

**મેટાલિક આઉટફિટ સાથે બ્લેક કે ડાર્ક બ્લુ બ્રાટોપ સુંદર લાગે છે**



એ વાતનો ખ્યાલ ન હોય તો કોઈને આવો પોશાક પહેરતાં જોઈને આંચકો નહીં અનુભવતા. જોકે કોઈપણ ટ્રેન્ડી પોશાક પહેરવાથી પહેલા ચોક્કસ બાબતો ધ્યાનમાં લેવાનની હોય છે. જ્યારે આ બ્રાટોપ હોવાથી તેને માટે વિશેષ કાળજીની જરૂર પડે છે. આવી પેટર્નના ટોપ પહેરવાથી પહેલા કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ તેના વિશે માહિતી આપતાં ફેશન ડિઝાઈનરો કહે છે...,

મેટાલિક આઉટફિટ સાથે બ્લેક કે ડાર્ક બ્લુ બ્રાટોપ સુંદર લાગે છે. જોકે આવા ટોપ સાથે શોર્ટ સ્કર્ટ ન પહેરો. આમ છતાં જો તમને શોટ્ર્સ પર પહેરવું હોય તો તેના ઉપર શોટ્ર્સ જેવું જ જેકેટ પણ પહેરો. આ સિવાય એંકલ લેન્ગ્થ સ્કર્ટ અને લોંગ બ્લેઝર સાથે પણ આવું ટોપ સુંદર લાગશે. આ બંને પ્રકારના ડ્રેસ સાથે સ્પોટ્ર્સ શૂઝ અથવા સ્નીકર્સ ચાલશે. આ



પોશાક સાથે વધારે એક્સેસરીનો ઉપયોગ ટાળો. હેરસ્ટાઈલ પણ ટાઈટ રાખવાથી તમારું પરિધાન જ ધ્યાનાકર્ષક બની રહેશે.

ભારે સ્તનયુગ્મ ધરાવતી યુવતીઓએ માત્ર એક પટ્ટા જેટલું બ્રાટોપ પહેરવાનું ટાળવું . મધ્યમ કદના ઉરોજો ધરાવતી પામેલાએ પણ આવું ટોપ પહેરવાથી પહેલા ચોક્કસ બાબતો ધ્યાનમાં રાખવી. જેમ કે તેનું ટોપ, બ્લેઝર અને સ્કર્ટ એક જ રંગના જુદા જુદા શેડ અને પ્રિન્ટના હોવા જોઈએ. તમે ચાહો તો બ્રાટોપ પર હળવું વર્ક કરાવી શકો છો. અથવા તેની ઉપર સરસ લખાણ પણ કરાવી શકો છો. તેની સાથેની તમારી જેકેટ બહુ લાંબી ન હોવી જોઈએ. પરંતુ તે એકદમ ખુલતી બાંયની હશે તો સુંદર દેખાશે. આવો પોશાક દિવસ દરમિયાન નહીં, બલ્કે સાંજની પાર્ટીમાં જ પહેરવો. તેમાંય જો તમારા ટોપ પર



શાઈનિંગવાળું વર્ક કરેલું હોય તો તે માત્ર સાંજે જ પહેરવું. આ ડ્રેસ સાથે તેને મેચ થતાં ફેન્સી પગરખાં પહેરો.

એક જ રંગના પેન્ટસુટની અંદર પણ બ્રાટોપ ખૂબ જચે છે. તમે તમારા મનગમતા રંગના પેન્ટસુટની અંદર શર્ટ પહેરવાને બદલે બ્રાટોપ પહેરો. તેનો રંગ તમારા પેન્ટસુટના કલરથી તદ્દન વિરોધાભાસી ન હોય એ વાતનું ધ્યાન રાખો. તમે ચાહો તો લેસવાળું ટોપ પહેરો. જોકે સાંજની પાર્ટીમાં શાઈનિંગવાળું ટોપ પણ આકર્ષક દેખાશે. આ પોશાક સાથે કાનમાં મોટી રિંગ પહેરો. અન્ય એક્સેસરીનો ઉપયોગ ટાળો. આમ છતાં તમે ચાહો તો કાંડા પર સુંદર ઘડિયાળ પહેરી શકો છો. લેસવાળા બ્રાટોપ સાથે હાઈવેસ્ટ શોટ્ર્સ અથવા સ્કર્ટ પહેરો. શોર્ટ સ્કર્ટ ઉપર પગના નળા સુધીની લંબાઈ ધરાવતું ટ્રાન્સપરન્ટ સ્કર્ટ પહેરી શકાય. તેવી જ રીતે જો શોર્ટસ પહેર્યું હોય તો કાફ લેન્ગ્થ, પારદર્શક પેન્ટ પહેરો.હવે તેની ઉપર ટ્રાન્સપરન્ટ એંકલ લેન્ગ્થ જેકેટ પહેરો. આવા પોશાકમાં તમારું વ્યક્તિત્વ અત્યંત આકર્ષક દેખાશે.

**એક જ રંગના પેન્ટસુટની અંદર પણ બ્રાટોપ ખૂબ જચે છે**

# શિયાળાની ઋતુમાં તમારી ત્વચાને બનાવો સુંદર

શિયાળામાં ત્વચાની કાળજી લેવાની જરૂરી બની જાય છે.કારણકે આ દિવસોમાં તેમની ગ્રંથિઓની સક્રિયતા ઓછી થઈ જવાથી ત્વચામાંની કુદરતી ચીકાશ રહેતી નથી. તેથી બહારથી તથા આંતરિક બંને રીતે ત્વચાને પોષણ આપવાની જરૂર પડે છે.નિયમિત વ્યાયામ,શરીરે મોઈશ્ચરાઈઝર લગાડવું,ખૂબ પાણી પીવું અને મૃત ત્વચાને દુર કરવી આટલી બાબતો પર વધુ ધ્યાન આપવાની જરૂર છે.આ ઋતુ એવી હોય છે કે જેમાં તરસ ઓછી લાગે છે,પરંતુ એક વાતનું ધ્યાન રાખવું કે પાણી શરીર માટે અમૃત સમાન છે.અને તે શરીરમાંથી વિષેલા પદાર્થ બહાર કાઢવામાં મદદ કરે છે. મોઈશ્ચરાઈઝિંગ સૌથી મહત્વનું પાસું છે.નિયમિત બોડી મસાજ કરવો જરૂરી છે.તલનું તેલ અને બદામના તેલથી બોડી મસાજ કરવો.સમયના અભાવે નિયમિત મસાજ કરી શકતા ન હોય તો સ્નાનના પાણીમાં ત્રણ-ચાર ચમચા તલનું તેલ ભેળવી શકાય. એનો ઉપયોગ સૌથી છેલ્લે કરવો. તેનાથી તવચા કોમળ રહેશે અને આવશ્યક નમી પણ જળવાઈ રહેશે.



શિયાળાની ઠંડીથી હોઠની ત્વચા ફાટી જવાની સમસ્યા સામાન્ય છે.ઘણી વખત તો તે એટલું રૂદ્ર સ્વરૂપ પકડે છે કે હોઠની ત્વચામાંથી રક્ત વહેવા લાગે છે.અને પોપડી જામી જાય છે.ગ્લિસરિન અથવા બદામના તેલમાં થોડાં ટીપાં કોપરેલ નાખવાથી હોઠ પર મસાજ કરવાથી ફાયદો થાય



છે.કોપરેલનું તેલ હોઠ પરની કાળાશ દુર કરીને ગુલાબી રંગના કરે છે.રાતના સુતાં પહેલાં નિયમિત લગાડવાથી હોઠની નમી સાત આઠ કલાક સુધી રાખી શકાય છે.

ગુલાબજળ ફાયદાકારક નીવડે છે.અને ગુલાબની પાંખડીઓની સુગંધથી મન પ્રફુલ્લિત થાય છે.ત્વચાને ઊચિત સફાઈની જરૂર હોય છે.રૂક્ષ ત્વચાને શિયાળોમાં વધુ માવજત કરવી પડે છે.રૂક્ષ ત્વચાને મોઈશ્ચરાઈઝરની જરૂર પડે છે. અડધો ચમચો લીંબુના રસમાં તાજું ક્રિમ ભેળવી પેસ્ટ બનાવવી અને સ્નાન પૂર્વે આ પેસ્ટથી શરીરે માલિશ કરવું.એમ કરવાથી ત્વ્ચાને પોષણ તો મળશે જ ઉપરાંત કોમળ અને ચીકણી થશે. આ ઉપરાંત બે ટી સ્પૂન ઓટમીલમાં એક ટી સ્પૂન તાજું ક્રિમ,એક ટી સ્પૂન બદામનું તેલ અથવા ઓલિવ ઓઈલ ભેળવી પેસ્ટ બનાવવી.સ્નાન પૂર્વે ચહેરા પર તેનાથી મસાજ કરી થોડી વાર રહી સ્નાન કરવું. આ ઉપરાંતજ પેક લગાડવાથી પણ ફાયદો થાય છે.તે બનાવવા માટે એક તાજો એકવોડો લઈ તેને મસળી તેમાં એક ચમચો ગ્લિસરિન ઉમેરી ચહેરા પર લગાડવું. દસ મિનિટ બાદ ચહેરો સ્વચ્છ પાણીથી ધોઈ નાખવો.રૂક્ષ ત્વચાને મુલાયમ બનાવવા માટેનો એક વધુ લાભદાયક ઉપાય છે પાંચ અંજીરને દૂધ સાથે મસળી તેમાં ચાર ટી સ્પૂન બદામનો પાઉડર ભેળવી ત્વચા પર લગાડવું.વીસ મિનિટ બાદ ચહેરો ધોઈ નાખવો .મિશ્રિત પ્રકારની ત્વચા માટે અડધો કપ મસળેલી ગુલાબની પાંખડીઓ,એક ટી સ્પૂન લોટ અને એક ઈંડાની જરદીને મિલ્ક પાઉડર સાથે ભેળવી ચહેરા પર લગાડવું.દસ મિનિટ બાદ દૂધથી ચહેરો સાફ કરવાથી ત્વચા મુલાયમ ચીકણી થશે.

શિયાળામાં પગ પ્રત્યે દુર્લક્ષ સેવવું નહીં. પગ પર મોઈશ્ચરાઈઝર લગાડવું જેથી પગની એડીની ત્વચામાં ચીરા પડે નહીં.હાથની ત્વચા પરથી રૂક્ષતા દુર કરવા સ્નાન પૂર્વે લૂફાથી હળવે હાથે રગડી ધોવું અને હાથ લૂછ્યા બાદ મોઈશ્ચરાઈઝર લગાડવું ભૂલવું નહીં. એક ટબ ગરમ પાણીમાં પા કપ તલનું તેલ તથા બે ચમચી ચંદનનું તેલ ભેળવી તેમાં પગ ડુબાડવા.ત્યાર બાદ પ્યુમિક સ્ટોનથી બે ચમચી મિલ્ક પાઉડર અને બે ચમચી ઓટમીલ ભેળવી હળવે હાથે રગડવાથી ત્વચા ચીકણી તથા મુલાયમ થાય છે.પગની એડીની ત્વચા વધુ પ્રમાણમાં ફાટી ગઈ હોય તેનાથી રાહત પામવા ગરમ પાણીમાં બે થી ચાર ચમચી એપ્સમ સોલ્ટ અને એક ચમચી કપૂર પાઉડર ભેળવી પાણી ઠંડુ પડે ત્યાં સુધી પગ બોળવા.પગને કોરા કરી ફૂટ ક્રિમ લગાડવું.કપૂર પાઉડર રક્તસંચાર વધારે છે અને પગને રાહત આપે છે. શિયાળામાં સૌથી વધુ સમસ્યા વાળની થાય છે વાળ રૂક્ષ થઈ જતાં તેને ઓળવાની પણ તકલીફ પડે છે. વાળને નમી પ્રદાન કરવા વાળમાં તેલનું હળવે હાથે માલિશ કરવું.કોપરેલ અને બદામનું તેલ ફાયદાકરાક નીવડે છે.આ ઋતુમાં ખોડાની સમસ્યા પણ વધે છે.તેના માટે પણ કોપરેલ અને બદામનું તેલ લાભકારી નીવડે છે.

કોપરેલમાં અડધા લીંબુનો રસ ભેળવી વાળમાં ત્વચાને સ્પર્શે તે રીતે લગાડવું. દર અઠવાડિયે લગાડવાથી જલદી ફાયદો થાય છે.વાળમાં તેલ બે-ત્રણ કલાક જ રહેવા દેવું.વધુ વખત રહેવા દેવાથી વાળમાંના તેલ પર ધૂળ માટી બાઝી જવાની શક્યતા રહે છે.વાળને વધુ પોષણ તથા સ્વસ્થ બનાવવા રોજિંદા આહારમાં પ્રોટીનયુક્ત ખાદ્યપદાર્થનો સમાવેશ રવો.



# સ્વાસ્થ્યને ટકાવવાનો ઉપાય એટલે રિલેક્સેશન

હમણાં હમણાંથી આપણે સહુ નાના બાળકો સહિત નાની નાની વાતમાં છંછેડાઈ જતાં હોઈએ છીએ. ટેન્શન, તણાવ, તંગદીલી એ આધુનિક યંત્રયુગનો પ્રભાવ અને પરિણામ છે, પુરુષ અને સ્ત્રીની સરખામણીમાં સ્ત્રી સહનશીલતાની મૂર્તિ ગણાય છે. તેમ જ સ્ત્રીની જીવાદોરી પણ પુરુષ કરતાં લાંબી છે છતાં સ્ત્રીઓ નાની નાની વાતમાં ઘણું જ ટેન્શન અનુભવે છે અને પરિણામે તે રોગીષ્ટ અનુ કુરૂપ થવાની તૈયારી પણ નોતરી લે છે. ખાસ કરીને કામનું ટેન્શન લગભગ દરેક સ્ત્રીમાં જોવા મળે છે. રોજીન્દા ટેન્શન - તણાવ એ જાણે શ્વાસની જેમ વણાઈ જાય છે. સમજદાર હોય છે તે તેમાંથી જલ્દી બહાર આવી જાય છે અને બાકીના ઘણી બધી મુશ્કેલી નોતરે છે.



આ તંગદીલીમાંથી બહાર આવવાની એક સરસ રીત રિલેક્સ થવામાં છે. સ્વસ્થ થવામાં છે. પળવાર ટેન્શન થાય પછી પાછી વિશ્રાંતિ, સ્વસ્થતા લાવવી અને તેને જરૂર ફાયદો થાય છે. કેમ કે આ તણાવ, ઉત્તેજના અથવા ઉશ્કેરાટ જીવનને ટુંકાવી દે છે. તેની પ્રકૃતિ ઘણી ગંભીર છે. અને તે વધારે કામથી લાગેલા થાક કરતાં પણ વધુ છે.



તણાવ અનુભવનારાને લાંબે ગાળે એસીડીટી, અલ્સર, માથાનો દુખાવો, કબજીયાત, ખીલ, ગૂમડા, ચામડીના દર્દો વગેરે થાય છે. જે રૂપાળી સ્ત્રીને પણ છોડતા નથી. વળી ક્યારેક કોરોનરી થ્રોમ્બોસીસ થાય છે જેમાં લોહીનો પ્રવાહ હૃદય સુધી પહોંચતા ધીમો પડી 'ક્લોટ' થાય છે ને ત્યાં સુધી પહોંચી શકતો નથી.

આવા તણાવથી કાર્યશક્તિ સ્ફૂર્તિ, સ્વસ્થતા ઘટે છે. તણાવના દર્દીને કારના એ ડ્રાઈવર સાથે સરખાવી શકાય. જે ડ્રાઈવર હેન્ડબ્રેક લગાવીને ગાડીની ઝડપ વધારવા પ્રયત્ન કરે છે. આ તો પોતાને ભોગવવાના પરિણામ છે પણ આવી સ્ત્રીનો સહવાસ તેનો પતિ, બાળકો કુટુંબીજનો કે મિત્રો પણ ઝંખતા નથી.

**વ્રજાસન સુખાસન, શવાસન આસનોથી શાંતિ-સ્વસ્થતા પ્રાપ્ત થાય છે**

આટલા બધા ગંભીર પરિણામોમાંથી સરળતાથી બહાર નીકળવાનો માર્ગ વ્યાયામમાં છે, રિલેક્સેશનમાં છે. બધી નસોને ઢીલી કરી, સ્વસ્થતા, પ્રાપ્ત કરવા માટે વ્યાયામ મદદરૂપ બને છે. લાંબા આયુષ્ય માટે, જીવનને સરળ બનાવવા માટે વ્યાયામ, યોગ જરૂરથી ફાયદો કરી આપે છે. જે વ્યક્તિ સ્વસ્થ છે તે નિર્ણયો ખોટા લેવાની ભૂલ જ્વલ્લે જ કરે છે. તાણયુક્ત પરિસ્થિતિ નુકસાનકર્તા નીવડે છે. તણાવવાળી વ્યક્તિઓના નિર્ણયો મોટા ભાગે ખોટા, ઉતાવળા હોય છે.

સૌ પ્રથમ તો રિલેક્સ થવા માટે મનને કેળવો. ૨૦ મિનિટ ચાલવાથી અથવા તો ૨૦ મિનિટ ઢાળ પર ચઢાણ ચઢવાથી ફાયદો થાય છે. તમને ખ્યાલ આવે કે ટેન્શન થવાની શરૂઆત થઈ રહી છે. ત્યારે એક ગ્લાસ પાણી પી લો, સંગીત સાંભળવાનું શરૂ કરો અથવા કોઈપણ શોખ (હોબી) હોય તે કરો. બહુ સરસ રીતે સ્વસ્થ થઈ જવાશે.

કામ કરતાં કરતાં કંટાળો આવે એટલે એક ખુરશીમાં જઈ બેસી જાવ. આંખ બંધ કરી તણાવને છૂટો કરી દો. બધા વિચારોને ફગાવી દો. મજા આવશે. વિદેશોમાં એક ચાલી છે ''ટેઈક ઈટ ઈઝી'' દરેક બાબતને એ રીતે વિચારવાથી મન ઘણું સ્વસ્થ રહે છે.

યોગાસનો દ્વારા રિલેક્સ થઈ શકાય છે. વ્રજાસન સુખાસન, શવાસન વગેરે આસનો કરવાથી શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. પાંચ મિનિટમાં જાણે તોફાન પછીના સમુદ્ર જેવી મનની સ્થિતિ થઈ જાય છે.

ખાસ કરીને મહિલાઓને ટેન્શન કે તણાવ વધુ પડતાં હોય તો પોતાની સુંદરતા પ્રાપ્ત કરવા, ટકાવી રાખવા કે તેને દીર્ઘાયુ બક્ષવા પણ રિલેક્સ થઈ જવાની જરૂર છે. મહિલાઓને માસિક ધર્મની શરૂઆતના અથવા એ દરમ્યાનમાં દિવસોમાં આવું ટેન્શન રહે છે. જેને પ્રી-મેન્સ્ટ્રુઅલ ટેન્શન કહે છે. જેમાં માનસિક તંગદિલી અનુભવાય છે, એનું કારણ હોરમોન્સની અસમતુલા ખરી પણ પરિણામતો ઉપર વર્ણવ્યા તે મુજબના જ આવે છે, એટલે આ દિવસો દરમ્યાન પણ ડોક્ટરની યોગ્ય દવા લઈ રિલેક્સ રહી શકાય તો માસિક ધર્મના દિવસો પીડાકારક ન બને.



ઊંડા શ્વાસ લેવાની ટેવ પણ રિલેક્સ થવા માટે ફાયદા રૂપ છે, પ્રત્યેક વ્યક્તિએ પોતાને કઈ રીતે સ્વસ્થતા પ્રાપ્ત થાય છે એ શોધી કાઢવું અને એ રીત અખત્યાર કરવી જોઈએ. સ્વસ્થતા અને સુંદરતા મેળવવા માટે આનાથી વધુ સરળ માર્ગ બીજો કયો હોઈ શકે?










# ભરૂચમાં 'ભોપાલકાંડ જેવી દુર્ઘટના'ની ભાજપના જ ત્રણ ધારાસભ્યોને આશંકા

**• જીએનએફસીમાં જોખમી કેમિકલ રખાતું હોવાની સીએમને રજૂઆત કરી**

હાલ ગુજરાતમાં ભાજપમાં ભડકાની મોસમ શરૂ થઈ હોય તેમ લાગી રહ્યું છે. વડોદરાના સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર દ્વારા વિકાસનાં કામો ન થતાં હોવાનો આરોપ લગાવીને રાજીનામું આપ્યાની આગ હજુ ઓલવાય નથી ત્યાં તો ભાજપનાં અન્ય સભ્યોએ સરકાર સામે ગંભીર આરોપો કરતી રજૂઆત કરી છે. જીએનએફસી કૌભાંડને લઈ ભરૂચનાં ૩ ધારાસભ્યોએ સીએમને પત્ર લખ્યો છે અને ભોપાલકાંડ જેવી દુર્ઘટનાની આશંકા વ્યક્ત કરી છે.

ભરૂચના ભાજપના ધારાસભ્ય દુષ્યંત પટેલ, વાગરાના ભાજપના ધારાસભ્ય અરૂણસિંહ રાણા અને અંકલેશ્વરના ભાજપના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલે સીએમને પત્ર લખી ફરિયાદ કરી છે. આ પત્રમાં ત્રણેય ધારાસભ્યોએ જીએનએફસીમાં કૌભાંડની ફરિયાદ કરી છે. સાથે તેઓએ જીએનએફસીમાં ૮૫ ટકા રોજગારી ન અપાતી હોવાનો આરોપ પણ લગાવ્યો છે. જીએનએફસીમાં જોખમી કેમિકલ રખાતું હોવાની સીએમને રજૂઆત કરી છે.

સાથે તેઓએ આક્ષેપ મુક્યો કે, ૭૭૦૦ ટનની ક્ષમતા સામે વધુ જથ્થો છે. દુષ્યંત પટેલે સરકારના જાહેર સાહસ પર સવાલ ઉઠાવ્યા હતા. સાથે દુષ્યંત પટેલે કહ્યું કે, જીએનએફસીના ટીડીઆઈ પ્લાન્ટમાં ઉત્પાદનનો જથ્થો વધારે છે.

ટીડીઆઈના ભરેલા ટાંકાથી ભોપાલ જેવી દુર્ઘટનાની આશંકા. એટલું જ નહીં પણ બીજેપીના ધારાસભ્યના રાજ્ય સરકારના નિગમના એમડી પર ગંભીર આરોપ મુક્યા હતા. તો વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રાણાએ કહ્યું કે, સીએમ અને મુખ્ય સચિવને રજૂઆત કરાઈ છે. જીએનએફસીના એમડી આપખુદશાહીથી કાર્યવાહી કરે છે.

# મોડાસામાં વારંવાર સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય બાદ યુવતીને ઝાડ પર લટકાવી

મોડાસા : ગુજરાતના અરવલ્લી જિલ્લાના સાયરા( અમરાપુર)ની ૧૯ વર્ષીય કોલેજિયન ગર્લના અપહરણ, ગેંગરેપ અને હત્યા કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પીએમ રિપોર્ટમાં ઘટસ્ફોટ થયો છે કે ૧૯ વર્ષીય કોલેજિયન યુવતી સાથે વારંવાર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવામાં આવ્યું હતું. યુવતીના મૃતદેહના બીજા પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું છે કે તેની સાથે હેવાનિયતની તમામ હદો પાર કરવામાં આવી હતી. ૫ ડોક્ટરોની પેનલે આ રિપોર્ટ આપ્યો છે, જેમાં યુવતીને ઘસેડવામાં આવી છે, વારંવાર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું છે અને ત્યારબાદ તેને ફાંસી પર લટકાવવામાં આવી છે. બીજી બાજુ આ મામલાની તપાસ કરી રહેલી સીઆઈડી ક્રાઈમના અધિકારીઓએ જણાવ્યું છે કે, પીડિતાના શરીર પર નિશાન મળી આવ્યા છે, જેમાં યુવતીને ઘસેડવામાં આવી છે, ત્યારબાદ તેના પર બળાત્કાર કરીને હત્યા કરી નાંખવામાં આવી છે. ઉપરાંત તેના ગળામાં ઈજાના નિશાનથી એવું લાગે છે કે તેને જબરજસ્તી ફાંસીએ લટકાવી દઈને મારી હતી. એ પહેલા તેને જમીન પર ઢસડી હતી અને પછી વડ પર લટકાવી દીધી હતી.મળાશયના પોસ્ટમોર્ટમ રિપોર્ટ કંપારી છોડાવે તેવો છે. જેમાં મોટો ખુલાસો થયો છે કે, કોલેજિયન યુવતી સાથે ખૂબ જ ક્રૂરતાપૂર્વક સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવામાં આવ્યું હતું.

# દેશનું પ્રથમ અને ગુજરાતનું ત્રીજી LNG ટર્મિનલ શરૂ

ગાંધીનગર : જી.એસ.પી.સી. એલએનજી લિમિટેડ દ્વારા નેચરલ ગેસ માટે વધુ એક નક્કર કદમ ઉઠાવીને રૂ. ૫૦૦૦ કરોડના ખર્ચે દેશનું પ્રથમ અને ગુજરાતનું ત્રીજું એલએનજી ટર્મિનલ મુંદ્રા ખાતે પાંચ એમએમટીપીએ એલએનજી રીસીવીંગ, સ્ટોરેજ-રીગેસીફીકેશન ટર્મિલન કાર્યરત કર્યું છે. જીએસપીસી એલએનજી લિમિટેડના પ્રેસીડેન્ટ શ્રી અનિલ જોષીએ વધુ વિગતો આપતાં કહ્યું કે, કચ્છના મુંદ્રા ખાતે વિકસાવવામાં આવેલ આ ટર્મિનલમાં રીસીવિંગ, સ્ટોરેજ અને રીગેસીફીકેશન સુવિધા ઉપલબ્ધ બની છે. આ ટર્મિનલ ઉપર 'મુર્વાબ' નામનું એલએનજી શિપ (કમિશનિંગ કાર્ગો) તાજેતરમાં કતારથી આવી પહોંચ્યું છે. આ ટર્મિનલ દ્વારા મોરબી-વાંકાનેર વિસ્તારના સિરામિક ઉદ્યોગો, જામનગરની રિફાઈનરીઓ તથા કચ્છ-સૌરાષ્ટ્રના ઔદ્યોગિક એકમોને એલએનજીની સેવાઓ પુરી પાડવામાં બીજો વિકલ્પ ઉપલબ્ધ થયો છે.

# પેટલાદમાં સગીરના ધર્માંતરણ મુદ્દે પાદરી અને માતા સામે ગુનો દાખલ

આણંદ : પેટલાદના આમોદમાં સગીર હિન્દુ બાળકનું ગેરકાયદેસર રીતે ધર્માંતરણ કરવા બાબતને ૭ વર્ષ બાદ પોલીસે ચર્ચના પાદરી અને માતા સામે કલમ ગુજરાત ધર્મ સ્વતંત્ર અધિનિયમ કલમ-૩ અને ૪ અન્વયે પેટલાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રોગતિમાન કર્યા છે. સમગ્ર ગુજરાતમાં સગીર ધર્માંતરણ બાબતે ધાર્મિક ગુરુ અને બાળકની માતા સામે ગુનો નોંધવાની પ્રથમ ઘટના છે. આ ઘટનાની શરૂઆત ૧૭ જુલાઈ ૨૦૦૧ના રોજ ગોરખપુર ઉત્તર પ્રદેશથી થઈ હતી. જયાં મીથીલેશકુમાર ચોરસિયા સાથે સુધાબેન મકવાણા ખડાણા તા.પેટલાદના પ્રેમ લગ્ન કર્યા હતાં. તેના બાદ સુધાબેન અને મીથીલેશ ચોરસીયા પેટલાદમાં રહેવા આવ્યાં હતાં. બે વર્ષના લગ્ન જીવનમાં તેમને એક પુત્રનું સુખ મળ્યું હતું. પરંતુ લગ્ન જીવનના બે વર્ષબાદ ઘટરાગ અને વિવાદ થતાં તેઓએ સાત વર્ષ બાદ ૨૭ માર્ચ ૨૦૦૮ના રોજ છૂટાછેડા લઈ લીધા હતાં અને દીકરો માતા સુધાબેન પાસે હતો. દરમિયાન ૮એપ્રિલ ૨૦૧૨ના રોજ કેથોલિક ચર્ચ આમોદ પેટલાદમાં ૮ વર્ષના સગીરને હિન્દુમાંથી વિધિવત ખ્રિસ્તી ધર્મના બાપીસના સંસ્કાર આપી ખ્રિસ્તી ધર્મમાં ધાર્માંતરણ કરવામાં આવ્યું હતું. ઘટની જાણ થતાં તેના પિતા મીથીલેશ ચોરસીયાએ આ બાબતે જે તે સમયે સરકાર ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી.

# જેલમાંથી બહાર આવતા જ હાર્દિકની ફરી ધરપકડ થઈ

અમદાવાદ : રાજદ્રોહ કેસમાં ગુરૂવારે સાબરમતી જેલમાંથી બહાર નીકળતાની સાથે જ હાર્દિક પટેલની માણસા પોલીસે જાહેરનામાના ભંગ બદલ ધરપકડ કરી લેતાં ભારે ચકચાર મચી ગઇ હતી. ટૂંકમાં, હાર્દિકને જેલમાં જ રાખવાનું ષડયંત્ર હોય તેવું સ્પષ્ટ ચિત્ર સામે આવી રહ્યું હતુ, જેને લઇ કોંગ્રેસ સહિત પાટીદારોમાં પણ ભારે નારાજગીની લાગણી ફેલાઇ હતી. હાલમાં હાર્દિકને ગાંધીનગર એલસીબી ખાતે લઈ જવામાં આવ્યો છે. ધરપકડ બાદ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ચકચારભર્યા રાજદ્રોહ કેસમાં સેશન્સ કોર્ટે ગઇકાલે હાર્દિક પટેલના શરતી જામીન મંજૂર કર્યા હતા. કોર્ટે આ કેસમાં હાર્દિકને હવે પછી કેસની તારીખમાં ફરજીયાત હાજર રહેવાનો આદેશ કર્યો હતો. જ્યારે હાર્દિકના વકીલે કોર્ટમાં બાહેંધરી આપી હતી કે, હાર્દિક હવે ફરીથી આવી ભૂલ કરશે નહીં.

DHAMMA TORANA
ONTARIO VIPASSANA CENTRE
Vipassana Meditation as taught by S.N.Goenka in the tradition of Sayagi U Ba Khin
Ontario Vipassana Centre, 6486 Simcoe County Road 56, Egbert, Ontario, L0L 1N0, Canada



Shri S.N. Goenka



Sayagyi U Ba Khin

CONTACT US
+1705-434-9850 GENERAL (info@torana.dhamma.org)
REGISTRATION +1705-434-9850 (registration@torana.dhamma.org)
www.torana.dhamma.org

CANADIAN CENTRES : Dhamma Suttama (QC), Dhamma Surabhi (BC), Dhamma Modana (BC), Dhamma Karuna (AB)

કોણ ભાગ લઈ શકે ?

વિપશ્યના બૌદ્ધ પરંપરામાં સુરક્ષિત રહી હોવા છતાં એમાં કોઈ સાંપ્રદાયિક તત્વ નથી. કોઈ પણ પૃષ્ઠભૂમિની વ્યક્તિ એને અપનાવી શકે છે અને એનો લાભ લઈ શકે છે. વિપશ્યનાની શિબિર એવા લોકો માટે છે કે જે ઈમાનદારીપૂર્વક આ વિધિ શીખવાની ઈચ્છા ધરાવે છે. એમાં કુળ, જાતિ, ધર્મ અથવા રાષ્ટ્રીયતા આડે આવતા નથી. હિન્દુ, મુસ્લિમ, જૈન, શીખ, પારસી, યહૂદી, બૌધ્ધ સૌ કોઈ વિપશ્યના શિબિરોમાં સહજ રીતે જોડાઈ રહેલ છે. સામાન્ય માનવી માત્રથી આ સમન્વયની ભાવના અટકતી નથી. હિન્દુ મહંતો, જૈન મુનિઓ અને સાધ્વીજીઓ, બૌધ્ધ ભિક્ષુઓ, ખ્રિસ્તી પાદરીઓ એમ દરેક પરંપરાના ધર્મ ગુરુઓ આ સાધનામાં સંમિલિત થઈ રહ્યા

ઓન્ટેરિયો વિપશ્યના સેન્ટરમાં કઈ કઈ શિબિરોનું આયોજન થાય છે ?

અહીં મહીલા તથા પુરુષ સાધકો માટે ૧૦ દિવસની ધ્યાન શિબિરોનું અવિરત આયોજન થતું હોય છે. ૮ થી ૧૭ વર્ષ સુધીના બાળકો માટે પણ ૧-૧ દિવસની શિબિર યોજાઈ છે. જેમણે વિપશ્યના સાધના હજુ સુધી બિલકુલ કરેલ જ નથી તેવા લોકો પણ આનાપાનની સાધના સમજે, શીખે, અને દરરોજ ઘેર જઈ સાધના કરે તેનુ માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

વિપશ્યના શું છે?

વિપશ્યના ભારતની એક અત્યંત પુરાતન સાધના વિધિ છે. વિપશ્યનાનો અર્થ થાય છે કે જે જેવું છે એને ઠીક એવી રીતે જ સ્વયંમએ અનુભવવું. વિપશ્યના આત્મનિરીક્ષણ દ્વારા આત્મશુદ્ધિની અત્યંત પુરાતન સાધના વિધિ છે. જે જેવું છે, એને ઠીક એવી જ રીતે સ્વાનુભવના આધાર પર સમજવું એ વિપશ્યના છે. લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે ભારતમાં આ પધ્ધતિ એક સાર્વજનીન રોગના સાર્વજનીન ઉપાય અર્થાત જીવન જીવવાની કળાના રૂપમાં શીખવવામાં આવતી હતી. પોતાના નૈસર્ગિક શ્વાસના નિરીક્ષણથી આરંભ કરીને, પોતાના શરીર અને ચિત્તધારા પર પળે પળ નિમિત્તક પરિવર્તનશીલ ઘટનાઓનું તટસ્થભાવે નિરીક્ષણ કરતા કરતા સાધક અનિત્ય, દુઃખ અને અનાત્મના સાર્વત્રિક સત્યો પ્રત્યક્ષ અનુભવે છે. ચિત્ત-વિશોધન અને સદગુણ-વર્ધનનો આ અભ્યાસ સાધકને કોઈ સાંપ્રદાયિક આલંબનોમાં બાંધતો નથી. આ કારણસર વિપશ્યના સાધના સર્વગ્રાહ્ય છે, કોઈ ભેદભાવ વિના બધાજ માટે સમાનરુપે કલ્યાણકારીણી છે. આ સાધના-વિધિનો ઉદેશ્ય વિકારોનું સંપૂર્ણ નિર્મૂલન અને પરમ વિમુક્તિની અવસ્થા સુધી પહોંચાડવાનો છે.

વિપશ્યનાના લાભો

વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર સાધક માનસિક વિકારો જેવાકે ક્રોધ, ડર, ચિંતા, લોભ, વ્યાકુળતા વિગેરેમાં થી કમશ : મુક્તિ મેળવે છે. તેમજ તે માનસિક તણાવો અને બેચેનીથી મુક્તિ મેળવી અને મનની વાસ્તવિક શાંતિ પ્રાપ્ત કરે છે. તે વર્તમાન પ્રત્યેની જાગૃતિ કેળવી અને મન પર નિયંત્રણ મેળવી ચારિત્રના નિમાર્ણ સાથે આત્મમંગલ કરતા સર્વ મંગલની ભાવના કેળવે છે. વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર બીજાના દુઃખો પ્રતિ અધિક સંવેદનશીલ થતા હોય છે. તદુપરાંત વ્યાકુળતા વગર મૈત્રી, કરૂણા અને સમતા સભર ચિત્તથી બીજાના દુઃખોને દુર કરવા દરેક રીતે પ્રયત્નશીલ બનતા હોય છે. એમનામાં એક પવિત્ર તટસ્થતા આવતી હોય છે, કે જેથી કરીને તેઓ મનનું સંતુલન ગુમાવ્યા વગર બીજાની મદદ કરવામાં પૂર્ણરૂપે વચનબધ્ધ બની રહે છે.

એગબર્ટમાં વિવિધ શિબિરનું આયોજન
૨ ફેબ્રુઆરી થી ૫ ફેબ્રુઆરી (૪ દિવસ) એગબર્ડ ખાતે
૫ ફેબ્રુઆરી થી ૯ ફેબ્રુઆરી (૫ દિવસ) એગબર્ડ ખાતે
રજિસ્ટ્રેશન માટે (registration@torana.dhamma.org) પર સંપર્ક કરો

વિપશ્યના શિબિરમાં આવનાર દરેક સાધકનો રહેવાનો, ખાવા-પીવાનો કે સાધના શીખવાનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. વિશ્વભરની બધી વિપશ્યના શિબિરો જૂના સાધકોના સ્વેચ્છાથી અપાયેલા દાનથી ચાલતી હોય છે.

# કેનેડા મર્ડર મિસ્ટ્રી : પૂર્વ પતિ રાકેશની કારમાંથી લાશ મળી

## પામોલ ગામની હિરલ પટેલનો મૃતદેહ કેનેડામાં કચડાયેલી હાલતમાં મળી આવતા બોરસદ પંથકમાં ભારે ચકચાર મચી હતી

- **યુવતીના શંકાસ્પદ મોત બાદ કેનેડા પોલીસે પૂર્વ પતિને ભાગેડુ જાહેર કર્યો હતો**

આણંદ-બોરસદ તાલુકાના પામોલ ગામની હિરલ પટેલનો મૃતદેહ કેનેડામાં કચડાયેલી હાલતમાં મળી આવ્યા બાદ ગતરોજ કેનેડાના નોર્થ એટોડીકોકની જનરલ હોસ્પિટલ નજીકથી એક કારમાંથી એક શખ્શનો મૃતદેહ કેનેડા પોલીસને મળી આવતા ભારે ચકચાર મચી છે. આ મૃતદેહ હિરલ પટેલના પૂર્વ પતિ રાકેશ પટેલનો હોવાની પોલીસે આશંકા વ્યક્ત કરી છે.

પોસ્ટમોર્ટમ તથા ઓળખવિધિ બાદ સમગ્ર ઘટના અંગે સચોટ માહિતી જાણવા મળશે તેમ પોલીસ સૂત્રોનું માનવું છે. ઉલ્લેખનીય છે કે હિરલ પટેલના મોત પાછળ તેણીના પૂર્વ પતિ રાકેશનો હાથ હોવાની શંકા વ્યક્ત કર્યા બાદ પોલીસે તેના વિરુધ્ધ વોરંટ ઈસ્યુ કર્યું હતું.

બોરસદ તાલુકાના પામોલ ગામે રહેતી હિરલ પટેલના લગ્ન કિંખલોડ ગામના રાકેશ પટેલ સાથે થયા હતા. ત્યારબાદ હિરલ પટેલ કેનેડા સ્થાયી થઈ હતી. જો કે પરિવાર સાથેના અણબનાવને લઈને બંનેનાં છુટાછેડા થયા હતા અને હિરલ પટેલ ત્યારબાદ કેનેડા ખાતે વસતા પોતાના ભાઈ વિનય સાથે રહી જોબ કરતી હતી. દરમ્યાન થોડા સમય પૂર્વે હિરલ પટેલનો મૃતદેહ કેનેડા ખાતે કચડાયેલી હાલતમાં મળી આવ્યો હતો.

જે અંગે પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પરિવારજનોએ હિરલ પટેલની હત્યા થઈ હોવાની આશંકા વ્યક્ત કરી હતી અને શંકાની સોય યુવતીના પૂર્વ પતિ રાકેશ પટેલ તરફ ગઈ હતી. જો કે હિરલ પટેલનો મૃતદેહ મળ્યા બાદ રાકેશ પટેલ પણ ભુગર્ભ ઉતરી ગયો હતો અને તેની કોઈ ભાળ પોલીસને મળી ન હતી. જેને લઈ શંકાના આધારે ટોરેન્ટો પોલીસે રાકેશ પટેલને વોન્ટેડ જાહેર કર્યો હતો. દરમ્યાન હિરલના મોત બાદ રાકેશ પટેલ જે કાર સાથે ફરાર થયો હતો. તે કારમાંથી પોલીસને એક મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી છે. કેનેડાના નોર્થ એટોડીકોક ખાતે આવેલ એક જનરલ હોસ્પિટલ નજીકથી કારમાંથી એક શખ્શનો મૃતદેહ પોલીસને હાથે લાગ્યો છે. પ્રાથમિક અનુમાન મુજબ આ મૃતદેહ રાકેશ પટેલનો હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે હિરલ પટેલના મૃત્યુ બાદ પોલીસે રાકેશ પટેલને તાત્કાલિક સરેન્ડર કરવા જણાવ્યું હતું. જો કે હિરલના મૃત્યુ બાદ રાકેશ પટેલ ફરાર થઈ ગયો હતો અને પોલીસે તેન વોન્ટેડ જાહેર કર્યો હતો.

હિરલ પટેલના મોત બાદ રાકેશ પટેલનું પણ મૃત્યુ થયું હોવાની આશંકા વ્યક્ત કરાઈ હોય પોલીસે રાકેશે આત્મહત્યા કરી છે કે પછી તેની હત્યા કરવામાં આવી છે તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ન્યુજર્સી રાજ્ય હવેથી H1-B વિઝા ધારકોના સંતાનોની કોલેજ ફી ઘટાડશે

ન્યુયોર્ક : અમેરિકામાં આઈટી ક્ષેત્રે કામ કરતા મોટાભાગના ભારતીયોને રાહત આપતા સમાચાર એ છે કે ન્યુ જર્સી રાજ્યે એચવન-બી વિઝા ધારકોના બાળકોની કોલેજની ફીમાં ઘટાડો કરવા નિયમ બનાવવા યોજના બનાવી હતી. એમ મનાય છે કે આ કાયદો અમલમાં આવ્યા પછી ભારતીય વ્યવસાયીઓને નાણાકીય બોજ ઘટશે. ન્યુજર્સીના ગવર્નર ફીલ મુરફીએ એસ૨૫૫૫ ખરડા પર સહી કરી હતી જેના કારણે હવે ન્યુજર્સીના વિદ્યાર્થીઓ જેઓ એચવન-બી વિઝા ધારકોની સંતાન છે તેમની કોલેજ ફીમાં ઘટાડો થઈ જશે. ઉચ્ચ શિક્ષણની સરકારી સંસ્થાઓમાં તેઓ ઈન-સ્ટેટ માટે પાત્ર બનશે.મોટા ભાગના આઈટી પ્રોફેશનલ ભારતીયો છે અને આ કાયદો આવવાથી ટ્રમ્પ વહીવટી તંત્ર હેઠળ ઈમિગ્રેશનના કાયદા વધુ કડક બની રહ્યા છે અને ખાસ ચકાસણી શરૂ કરાશે તેવા વાતાવરણમાં તેમનો નાણાકીય બોજ ઘટશે અને વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે.' ન્યુજર્સીને ઉચ્ચ શિક્ષણમાં એક સમાન તક મળવી જોઈએ અને આજે આ વાતને શક્ય બનાવવા માટે અમે એક ડગલું આગળ વધી રહ્યા છીએ. આપણા વિદ્યાર્થીઓ તેમના લક્ષ્યને પ્રાપ્ત કરે, સારા ભવિષ્ય તરફ કૂચ કરે અને અહીંયા તેમના ગૃહ રાજ્યમાં પોતાના સપના સાકાર કરવા તેમને મદદ કરવા આ ખરડા પર સહી કરતાં મને ગૌરવ થાય છે'એમ મુરફીએ કહ્યું હતું. જેમના વાલીઓ અથવા એચવન-બી વિઝા ધારક હોય તેવા આશ્રિત સંતાનોને આ કાયદો રાહત આપશે .કોઈ સંતાને ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી ન્યુજર્સીમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હોય અને ન્યુજર્સીની હાઈસ્કુલમાંથી ગ્રેજ્યુએશન કર્યું હાવાની શરત પુરી કરી હોય તેમને આઉટ ઓફ સ્ટેટ ટયુશન ભરવામાંથી મૂક્તિ મળશે. ન્યુજર્સી રાજ્યમાં પ્રિન્સટન યુનિ. જેવી પ્રતિષ્ઠીત શૈક્ષણિક સંસ્થા આવેલી છે. ઉચ્ચ શિક્ષણના મંત્રી ઝકિયા સ્મીથ એલિસે કહ્યું હતું કે ન્યુજર્સી અમારા નાગરિકોને પરવડે તેવી કોલેજો બનાવવા તરફ આગળ વધે છે. નવા કાયદાથી પોસ્ટ સેકેન્ડરી શિક્ષણની તકો વધશે. ન્યુયોર્કસ્થિત ભારતીય નાયબ કોન્સુલ જનરલ શત્રુ સિંહા એ આ પગલાને આવકાર્યો હતો અને ટ્વિટ કર્યું હતું કે ભારતીય સમુદાય માટે આ એક શૂભ પહેલ છે. આ ખરડાને ગૃહમાં રજૂ કરનારાઓમાં ભારતીય વિન ગોપાલ,સેનેટર એમ.ટેરેસા રૂઈઝ અને એસેમ્બલી મેમ્બર રાજ મુખર્જીનો સમાવેશ થતો હતો.

# ગુજરાતી સિનિયર ક્લબનો જાન્યુઆરીનો કાર્યક્રમ, પ્રજાસત્તાક પર્વ અંગે છણાવટ

- **સભ્યોની જન્મતિથિ તથા લગ્નતિથિની ઉજવણી કરાઈ, ગીત સંગીત પણ ગૂંજ્યા**



બ્રામ્પ્ટન : ગુજરાતી સિનિયર કલબ બ્રામ્પ્ટનનો જાન્યુઆરી મહિનાનો કાર્યક્રમ ૧૨મી તારીખે સુપેરે સંપન્ન થયો હતો. સૌપ્રથમ સમુહમાં પ્રાર્થના ગવાયા બાદ નગીનભાઈની રાહબરીમાં વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે ભજન સામુહિક રીતે ગવાયું હતુ. જશભાઈ પટેલે યોગાના કાર્યક્રમમાં લોમઅનુલોમ - કપાલભાતી તથા ૐ કાર કરાવ્યા બાદમાં હાસ્યયોગાના ત્રણ ભાગમાં પ્રયોગો કરાવ્યા હતા. ત્યારબાદ છોટુભાઈએ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ, ગાંધી નિર્વાણદિન, પ્રજાસત્તાક દિન અને મકરસંક્રાંતિ નિમિત્તે પ્રવચન કરતા જણાવ્યું કે, વિવેકાનંદે પોતાની ટૂંકી જીંદગીના સમયગાળામાં સમગ્ર વિશ્વની યાત્રા કરી ભારતીય સંસ્કૃતિનાં સનાતન ધર્મનો પ્રચાર કરી જગવિખ્યાત થઈ ગયા હતા. ગાંધીબાપુ અર્પણ, સમર્પણ અને ઘડપણમાં માનતા હતા. નરસિંહભાઈએ જુના ચલચિત્રનું ગીત પિંજરે કે પંછી રે તેરા દર્દ ન જાને કોઈ ખુબ જ ભાવુક સ્વરમાં ગાયું હતુ.

અનીલાબેને ૨૬મી જાન્યુઆરીના પ્રજાસતાક દિન તથા મકરસંક્રાંતિ અંગે જણાવ્યું કે, આપણા જાંબાઝ લડવૈયાઓની બહાદુરીના કારણે આપણે અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયા છે. બાબાસાહેબ આંબેડકરની આગેવાનીમાં ભારત દેશનું બંધારણ અમલમાં આવ્યું હતું. મકરસંક્રાંતિના પર્વનું ધાર્મિક મહત્વ સમજાવતાં તેમણે જણાવ્યું કે, આ દિવસે ગરીબજનો તથા બ્રાહ્મણોને દાન દક્ષિણા તથા પશુપક્ષીઓને ઘાંસ અને ચણ નાખવામાં આવે છે. પ્રવિણભાઈએ નવકાર મંત્રનું વાંચન કરી મહાવીર સ્વામીના અવતારનું મહત્વ સમજાવતુ પ્રવચન કર્યું હતુ. પ્રદ્યુમ્નભટ્ટે વણીકવાણીયાની બુધ્ધિ ચાતુર્યના વખાણ કરતા એક વણીકવાણીયાની રમુજી વાર્તા કહી સંભળાવી હતી.

બાદમાં સભ્યોના જન્મદિવસ તથા લગ્નતિથિની ઉજવણી કરાઈ હતી. નગીનભાઈએ આજના દિવસે આવેલા ડોનેશનની માહિતી આપી ગોળ અને ખાંડના ઉપયોગ તથા તેના લાભાલાભની વાતો કરી હતી. અંતમાં જશભાઈ પટેલે આજના કાર્યક્રમમાં હાજર સભ્યોનો, ભાગ લેનાર દરેક વક્તાઓ, ડોનેશન આપનારાઓનો આભાર માન્યો હતો.

# ઓન્ટેરિયોના રાજકારણી અને એમપીપી આમાન્ડા સીમાર્ડ લિબરલ પક્ષમાં જોડાયા

- **૨૦૧૮માં તેઓ ટોરી કોકસનો વિરોધ કરી મીડિયામાં ચમક્યા હતા**
- **રાજીનામુ આપ્યા બાદ ફોર્ડની નેતાગીરી સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા**



ટોરન્ટો : ઓન્ટેરિયોના રાજકારણી ફ્રાન્કોફોન સીર્વસીઝમાં પ્રોગ્રેસીવ કન્ઝર્વેટીવની સરકારે કાપ મુકતા એના વિરોધમાં રાજીનામું આપી દઈ રાજયની લિબરલ પાટીમાં જોડાઈ ગયા છે.

આમાન્ડા સીમાર્ડએ કહ્યું હતું કે, પ્રિમીયર ડગ ફોર્ડના નેતૃત્વવાળી જુની પાર્ટીમાં તેઓ ફરીથી જોડાયા છે. આમાન્ડા સીમાર્ડ એક વર્ષ સુધી કોઈ પણ પક્ષમાં જોડાયા નહોતા. બુધવારે લિબરલ્સમાં તેમણે પોતે તથા લિબરલ પાર્ટીના વચગાળાના નેતા જહોન ફ્રેઝરે આ જાહેરાત કરી હતી. ૨૦૧૮માં તેઓ ટોરી કોકસનો વિરોધ કરીને અખબારી મથાળાઓમાં ચમકયા હતા. તેમણે તત્કાલીન સરકારના ફ્રેન્ચ ભાષાની સેવા આપતા કમિશ્નર અને ફ્રેન્કોફોન યુનિવર્સિટી પર નિયંત્રણ લાદવાના નિર્ણયનો વિરોધ કર્યો હતો. આ ઉપરાંત ફોર્ડ સરકારની આકરી ટીકા કરી હતી. સીમાર્ડ ૨૦૧૮માં ૨૯ વર્ષની ઉંમરે જયાં ફ્રેન્ચભાષા બોલનારાઓની બહુમતી છે તેવા પૂર્વ ઓન્ટેરિયોમાંથી ગ્લેન્ડ ગેરી પ્રિસ્કોટ રસેલ્સને હરાવીને ચૂંટાઈ આવ્યા હતા. પ્રોગ્રેસીવ કન્ઝર્વેટીવના ભૂતર્પર્વ નેતા પેટ્રીક બ્રાઉનની સરકારમાં પહેલીવાર જોડાયા હતા. તેમણે પક્ષના ટોચના સ્થાન પરથી રાજીનામુ આપ્યા બાદ ફોર્ડની નેતાગીરી સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. સીમાર્ડે જણાવ્યું હતું કે, મેં પક્ષમાંથી રાજીનામુ આપ્યા બાદ પક્ષમાં ઘણા બધા પરિવર્તનો આવ્યા છે અને ટોરી સરકાર જે દિશામાં જઈ રહી હતી તેની સામે મારો વિરોધ હોવાથી મેં રાજીનામુ આપી દીધું હતું. મેં પીસીની ઉમેદવારી છોડી દેતા અમે ફોર્ડને શંકાનો ઘણો લાભ આપ્યો હતો. અમે તેમને ઓળખતા પણ નહોતા. એ સદંતર જુદો પક્ષ છે. લોકોની પસંદગીનો પક્ષ નથી. ફ્રેઝરે સીમાર્ડની પ્રસંશા કરતા કહ્યું હતું કે, તેઓ ઉર્જાવાન અને સિધ્ધાંતને વળગી રહેનારા નેતા છે અને મુશ્કેલીના સમયમાં પોતાના પક્ષ સાથે મક્કમતાથી ઉભા રહ્યા હતા.

# પ્રિન્સ હેરી નવું જીવન શરૂ કરવા પરિવાર સાથે કેનેડા પહોંચ્યાં



લંડન : બ્રિટનના શાહી પરિવારથી અલગ થઈ સાદુ જીવન જીવવા પત્ની મેઘન માર્કેલ અને આઠ મહિનાના પુત્ર આર્ચી સાથે રહેવા બ્રિટનના પ્રિન્સ હેરી આજે કેનેડા પહોંચી ગયા હતા. ૩૫ વર્ષના ડયુક ઓફ સસેક્સ વિમાનમાંથી વાનકુવર એરપોર્ટ પર ઉતર્યા ત્યારે તેમના ફોટા લેવામાં આવ્યા હતા. ત્યાંથી તેઓ સીધા પરિવારને મળવા ઉપડી ગયા હતા જે પહેલાંથીજ કેનેડામાં છે. સસેક્સની ડચેસ મેઘન માર્કલ પુત્રી આર્ચી સાથે પહેલાથીજ કેનેડાના એક ટાપુમાં રહે છે. ગયા વર્ષે મે મહિનામાં જન્મેલો આર્ચી પરિવાર સાથે નાતાલ મનાવવા ટાપુમાં આવ્યો હતો ત્યાર બાદથી બ્રિટન ગયો જ નથી.ગયા સપ્તાહના અંતે હેરી અને તેમના ૩૮ વર્ષના પત્ની મેઘને કેવા સંજોગોમાં પરિવારથી અલગ થવાનો નિર્ણય લીધો હતો અને તે કેવી દુખઃદ ઘટના હતી તની વાત કરી હતી.

'મારી પત્ની અને શાહી પરિવાર છોડવા માટે કરેલા નિર્ણય મેં હળવાશમાં લીધો નહતો'એમ ૨૦૦૬માં જેની સ્થાપના કરી હતી તે ચેરિટિ સંસ્થા સેન્ટેબાલે માટે આયોજીત એક કાર્યક્રમમાં બોલતાં હેરી એ કહ્યું હતું.દક્ષિણ આફ્રિકામાં બોટ્સવાના અને લીસોથોમાં એચઆઈવી ગ્રસ્તોને મદદ કરવા માટે અન્યો સાથે મળીને પ્રિન્સ હેરીએ આ સંસ્થાની સ્થાપના કરી હતી.

## જગવિખ્યાત મોઢેરાના સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવનો રંગારંગ પ્રારંભ થયો



મોઢેરાના સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવનો રંગારંગ પ્રારંભ થયો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ઉત્તરાર્ધ મહોત્સવના કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ સંગીત નાટક અકાદમી દ્વારા જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી આયોજિત કાર્યક્રમના પ્રથમ દિવસે ભરત બારીયા, અક્ષય પટેલ, કલાગુરુ શિતલ બારોટ દ્વારા ગણેશવંદના તથા સુધાજી ચંદ્રન, બરત નાટયમ, ગ્રેસીસીંગ ઓડીસી કેવી સત્યનારાયણ કુચીપુડી બેલે વિનીતા શ્રીનંદન મોહીની ચટ્ટમ મોહીની નૃત્ય થકી ઉપસ્થિતોના મન જીતી લીધા હતા.

## સુરત દીક્ષાધર્મનો નવો ઈતિહાસ લખશે : ૭૧ દીક્ષાર્થી સંયમમાર્ગે

### • ૭૧ દીક્ષાર્થીઓમાં સીએ, ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓનો સમાવેશ

સુરત - ૧લી ફેબ્રુઆરી ૨૦૨૦ સુરતના જૈનઈતિહાસમાં નવો આયામ લખશે. આ દિવસે ૧૦-૨૦ નહી પણ એક સાથે ૭૧ દીક્ષાર્થીઓ સામૂહિક દીક્ષા ગ્રહણ કરશે. ૫૨૮ વર્ષ પહેલા ઈ.સ. ૧૫૪૮માં ઈડર ખાતે હેમવિમલસૂરિશ્વજી મહારાજાની નિશ્રામાં સામૂહિક ૫૦૦ દીક્ષાઓ થઈ હતી. ત્યારબાદ સુરતના આંગણે વર્ષ-૨૦૧૪માં આચાર્ય જિનચંદ્રસૂરિશ્વરજી,યોગતિલકસૂરિશ્વરજી મહારાજની આધ્યાત્મિક વાણીથી વૈરાગ્ય પ્રાપ્ત કરીને ૪૫ મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરી હતી. હવે એક સાથે ૭૧ દીક્ષાર્થીઓ સુરતમાંથી સંયમ માર્ગે જશે. દીક્ષા ઉત્સવના આયોજક નરેશભાઈ શાહ અને અનિલભાઈ વાંસદાએ કહ્યુ કે સુરત જિનાજ્ઞા ટ્રસ્ટ વિજય રામચંદ્રસૂરિશ્વરજી આરાધનાભવન પાર્લે પોઈન્ટનાં ઉપક્રમે આયોજિત 'રત્નત્રયી સમર્પણોત્સવ'માં ૭૧ મુમુક્ષુઓ ૧લી ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ દીક્ષા ગ્રહણ કરશે. વિજય શ્રેયાંસપ્રભસૂરિશ્વરજી મહારાજા સહિત ૮૦૦થી અધિક સાધુ-સાધ્વીજી ભગવંતોમી નિશ્રા પ્રદાન થશે. આ તકે ભારતભરમાંથી ૩૦ હજારથી વધુ શ્રાવક-શ્રાવિકાઓ સુરત પધારશે.

## કળિયુગમાં નદીનું મૂળ અને સાધુનું કુળ પણ પૂછવું પડેઃ મોરારીબાપુ

### • વીરપુરમાં મોરારીબાપુએ રઘુકુળ રીત સદા ચલી ચોપાઈ પર છણાવટ કરી

વીરપૂરઃ વીરપુર ખાતે જલારામબાપાએ શરૂ કરેલા અન્નક્ષેત્રના ૨૦૦ વર્ષની પૂર્ણતાએ ચાલતા દ્વિશતાબ્દિ મહોત્સવ અંતર્ગત માનસ સદાવ્રત કથાના ચોથા દિવસે મંગળવારે મોરારીબાપુએ રઘુવંશ વિષે કાલિદાસને ટાંકીને જ્ઞાનસભર વાતો કરી હતી. સાથોસાથ તેમણે કુળ અને કળિયુગને સાંકળતા કહ્યું કે સાધુને કોઈ કુળ ન હોય પરંતુ કળિયુગમાં સાધુનું કુળ પૂછવું પડે , ડેમ બનાવવો હોય ત્યારે નદીનું મૂળ પણ જોવુ પડે.. માનસ સદાવ્રત કથામા મોરારીબાપુએ રઘુકુળ રીત સદા ચલી આઈપ.આ ચોપાઈ પર વિગતે છણાવટ કરી હતી. સાચા અર્થમાં રઘુવંશી કેવા હોય ? તે વાતોથી શ્રાોતાઓને અભિભૂત કરી દીધા હતા.

ગાયના રક્ષણની જવાબદારી શિરે લઈને દીલીપ રાજાએ પોતાની જાતને સાવજના મુખમાં અર્પણ કરવાની તત્પરતા દાખવી હતી. ગાયના રક્ષણની જવાબદારી અને ગાય પરના પ્રેમને જોઈને પ્રભુ પ્રસન્ન થયા, પુત્રેષ્ટિની ઈચ્છા પૂર્ણ થઈ અને રઘુનો જન્મ થયો. દાનવો સામેના યુદ્ધમાં ઈન્દ્ર પણ વારંવાર પ્રતાપી રઘુરાજાની મદદ માગતા હતા.

## કેનેડાની વર્ક પરમીટ અને વિઝાની લાલચ આપી ૭ યુવાન સાથે ૫.૮૦ લાખની ઠગાઈ

સુરતઃ સુરતના ઘોડદોડ રોડ સ્થિત અજીત એપાર્ટમેન્ટમાં રહેતો અને ઉધના વિસ્તારમાં માઈક્રો એન્જીનીયરીંગ નામે મશીનરી પાર્ટસ બનાવવાનું કારખાનું ધરાવતા જયદીપ લલીતકુમાર માંડાણી એ કેનેડા નોકરી કરવા જવા માટે પરિચીત રાકેશ લાપસીવાલા હસ્તક નાનપુરા પાલીયા મહોલ્લામાં આસ્થા ઈન્ટરનેશનલ નામે ઓફિસ ધરાવતી ઠગ મહિલા શ્રીનાબેન ચંદ્રકાંત પટેલ (રહે. કાલિન્દી એપાર્ટમેન્ટ, મૂળ આણંદ) નો સંપર્ક કર્યો હતો. શ્રીનાબેને જયદીપને રૂા. ૬.૪૦ લાખમાં કેનેડાના વર્ક પરમીટ અને વિઝા અપાવવાની લાલચ આપી એનરોલમેન્ટ ફી પેટે રૂા. ૪૦ હજાર અને ત્યાર બાદ રૂા. ૧.૫૦ લાખના બે હપ્તા મળી રૂા. ૩.૪૦ લાખ લીધા હતા. જયારે બાકીના રૂા. ૩ લાખ કેનેડા ખાતે પગારમાંથી ૪૦ ટકા મુજબ ચુકવવાનું નક્કી કર્યુ હતું અને ફેબ્આરી મહિનાના અંતમાં અથવા તો માર્ચ મહિનાની શરૂઆતમાં ટિકિટ અપાવવાનો વાયદો કર્યો હતો. જેથી જયદીપના મિત્ર સાગર કિશોર સાકડાસરીયા, ધર્મેશ ગોવિંદ કસોદરીયા, આનંદ ધનજી કસોદરીયા, શુભમ પ્રફુલભાઈ, રવિકુમાર રતિલાલ સોલંકી અને પિયુષ ગુણવંત કાસોદરીયાએ પણ કેનેડાના વર્ક પરમીટ અને વિઝા અપાવવા માટે શ્રીનાબેન પટેલનો સંપર્ક કરી એનરોલમેન્ટ ફી પેટે તમામે કુલ રૂા. ૨.૪૦ લાખ ચુકવ્યા હતા. શ્રીનાબેને ઉપરોકત છ મિત્રોને વિશ્વાસમાં લેવા માટે જયદીપના વિઝા અને વર્ક પરમીટ આવી ગઈ છે તેવું કહ્યુ હતું. જેની જાણ મિત્રોએ જયદીપને કરતા તેણે શ્રીનાબેનનો સંપર્ક કર્યો હતો પરંતુ તેણે એર ટિકીટ માર્ચમાં આવશે એમ કહેતા જયદીપને શંકા ગઈ હતી અને ત્યાર બાદ આસ્થા ઈન્ટરનેશનલની ઓફિસે જતા હતા. પરંતુ ત્યાર બાદ રાતોરાત શ્રીનાબેને ઓફિસને તાળા મારી દીધા હતા અને મોબાઈલ ફોન પણ બંધ કરી દીધો હતો. જેથી જયદીપે કુલ રૂા. ૫.૮૦ લાખની ઠગાઈ અંગે અઠવાલાઈન્સ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અજબ પ્રેમનો ગજબ કિસ્સોઃ ૨૬ વર્ષની શિક્ષિકા ૧૪ વર્ષના વિદ્યાર્થી સાથે રફૂચક્કર

### • મહિલા ધોરણ ૮નાં વિદ્યાર્થી સાથે અનૈતિક સંબંધ બાંધતી હતી

ગાંધીનગર : ગાંધીનગરમાં એક ૨૬ વર્ષિય મહિલાને ધોરણ ૮નાં વિદ્યાર્થી સાથે પ્રેમ સંબંધ બંધાતા વાત અનૈતિક સંબંધ સુધી પહોંચી હતી. ૧૪ વર્ષિય છોકરો મહિલા ટીચરને એટલો પસંદ આવી ગયો કે તે તેને લઈને ભાગી જતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

છોકરાનાં પિતાએ શુક્રવારનાં કલોલ સિટી પોલીસ સ્ટેશન પર જઈને ફરિયાદ કરી હતી કે, જણાવ્યું કે ૨૬ વર્ષની મહિલા શિક્ષક તેમના છોકરાનું જાતિય શોષણ કરતી હતી. હવે તે તેને લઈને ભાગી ગઈ છે. પોલીસે જ્યારે મહિલા ટીચરનાં ઘરે શોધ કરી તો ખબર પડી કે તે ઘરે નથી.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે આવી ઘટનાઓ ઘણી ઓછી આવે છે જ્યારે કોઈ મહિલા શિક્ષક ઓછી ઉંમરનાં વિદ્યાર્થી સાથે ભાગી ગઈ હોય. ૧૪ વર્ષનાં વિદ્યાર્થીનાં પિતા ગાંધીનગરનાં ઉદ્યોગ ભવનામાં સરકારી કર્મચારી છે. કલોલ સિટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેક્ટર કેકે દેસાઈએ જણાવ્યું કે અમે મહિલા ટીચર પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ અંતર્ગત કેસ નોંધાવ્યો છે.

ઈન્સપેક્ટર દેસાઈએ જણાવ્યું કે, "અત્યાર સુધી બંનેની ભાળ મળી નથી. મહિલા ટીચર અને વિદ્યાર્થી પાસે મોબાઈલ ફોન પણ નથી. આ કારણે તેમનું લોકેશન શોધવું પણ મુશ્કેલ છે." છોકરાનાં પિતા અને પોલીસ બંને મહિલા શિક્ષકનાં ઘરે પણ ગઈ હતી, પરંતુ તે પોતાના ઘરે નહોતી.

પોલીસે જ્યારે સ્કૂલ જઈને મહિલા ટીચર અને તે વિદ્યાર્થી વિશે તપાસ કરી તો જાણવા મળ્યું કે, બંને વચ્ચે અનૈતિક સંબંધ હતા. વિદ્યાર્થીઓએ એ પણ કહ્યું કે મહિલા ટીચર વિદ્યાર્થીને લઈને ઘણીવાર ક્યાંક જતી રહેતી હતી.

## ગાંધીનગરના યુવાને વિદેશી યુવતી સાથેના શોખમાં ૫૦ લાખ ગુમાવ્યા

ગાંધીનગરઃ ગાંધીનગરના યુવાને ફેસબુક પર ફ્રેન્ડ બનેલી વિદેશી યુવતીની વાતોમાં આવીને ૫૦.૬૮ લાખ ગુમાવ્યા હતા. યુવાને ૧૦ હજારના ભાવે મળતા મોન્ગોન્ગો વાઈલ્ડ નટ્સ સીડ્સનું એક પેકેટ ઠગ ટોળકીની વાતોમાં આવી ૧.૯૦ લાખમાં ખરીદ્યું હતું. આવા ૩૫ પેકેટ લેતા તેમને કુલ ૫૦,૬૮,૪૨૫ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો હતો. મૂળ ઉત્તરપ્રદેશના અને સેક્ટર-૨૬માં રહેતા વિજયપ્રકાશ શુક્લએ સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે ઠગ ટોળકીએ મને ખરીદેલા પેકેટ અઢી ગણા ભાવે વેચી આપવાની લાલચ આપી હતી. જોકે, પૈસા મળતા જ તેઓએ સંપર્ક તોડી નાખ્યો હતો. ડિસેમ્બર-૨૦૧૮માં વિજયના ફેસબુક પર એમીલી જોન્સનની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. જે તેણે સ્વીકારતાં ફેસબુક પર વાતચીત શરૂ થઈ હતી. એમીલીએ તે યુકે ખાતે એક ફાર્મા કંપનીમાં પર્ચેઝ મેનેજર હોવાનું કહ્યું હતું. ભાગીદારીમાં મોન્ગોન્ગો વાઈલ્ડ નટ્સ ઓછા ભાવે ખરીદી પોતાની જ કંપનીમાં ઊંચા ભાવે વેચવાની લાલચ આપી હતી. યુવતીએ વિજયને બજારમાંથી ૧.૯૦ લાખમાં ખરીદેલું નટ્સનું પેકેટ ૪.૫૫ લાખ વેચવાનું કહ્યું હતું. યુવતીએ આપેલા નંબર પર ફોન કરતાં સંદીપ હુડા નામના શખસે ૪૦૦ ગ્રામના સીડ્સનું પેકેટ ૧.૯૦ના ભાવે આપવાની વાત કરી હતી.

## ગુજકોમાસોલના ચેરમેનપદે દિલીપ સંઘાણી બિનહરિફ

ગાંધીનગરઃ રાજ્યના કૃષિક્ષેત્રનું સૌથી મોટું માળખું ધરાવતા ગુજકોમાસોલનું સુકાની પદ દિલીપ સંઘાણીને ફરી સોંપાયું છે. દિલીપ સંઘાણી પૂર્વ સહકારી પ્રધાન પણ રહી ચૂક્યા છે. દેશની સૌથી મોટી ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન એટલે ગુજકોમાસોલમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના મહામંત્રી કે. સી. પટેલ અને પ્રવક્તા ભરત પંડ્યા મેન્ડેટ લઈને પહોંચ્યા હતા. એક સમયે ગુજકોમાસોલ પર કોંગ્રેસનો કબજો હતો. જો કે દિલીપ સંઘાણી સહકારી ક્ષેત્રમાં ફરી માહિર પુરવાર થયા છે.

## નેત્રંગની ૨૨ વર્ષની આદિવાસી યુવતીએ રાજસ્થાનના વાવમાં જળસમાધિ લીધી

### • યુવતી પોતાને રામદેવપીરની બહેન માનતી હતી ફાયરબ્રિગેડની મદદથી વાવમાંથી તેની લાશ કાઢી

નેત્રંગ- નેત્રંગ પંથકમાં વસતા બાબા રામદેવના ભક્તોનો સંઘ રાજસ્થાનમાં રણુજા સ્થિત સ્થાનકે દર્શનાર્થે ગયો હતો, ત્યારે બે દિવસના રોકાણ દરમિયાન બીજા દિવસે સવારની આરતીના દર્શન કરી નેત્રંગ તાલુકાના ભોગોરી ગામની અપરિણીત ૨૨ વર્ષની આદિવાસી યુવતીએ સ્થાનકની વાવમાં જીવતેજીવ જળસમાધિ લઈ ભક્તિની પરાકાષ્ટા અનુભવી હતી. નેત્રંગનું આ સમગ્ર પરિવાર બાબા રામદેવનું ભક્ત હતું. મૃતક યુવતી સગુણા પોતાને બાબા રામદેવની બહેન ગણાવતી રહી હતી અને તેના હોઠ પર સદા બાબાનું નામ રમતુ રહ્યુ હતું. તેણે પોતાની અંતરની ઈચ્છાથી જળસમાધિ લઈ લીધી હોઈ તેના પાર્થિવ દેહને ભોગોરી ખાતે અંતિમ સંસ્કાર અપાવામાં આવ્યા હતા. તેની યાદમાં સમસ્ત ગ્રામજનોએ ખેતરમાં તેનુ ભવ્ય મંદિર બનાવવાનો સંકલ્પ કર્યો છે. નેત્રંગથી ૩ કિમી દુર કેબોડીયાની પૂર્વ દિશામાં બલીદેવા, આટખોલ ગામ પાસે સો ટકા આદિવાસી વસ્તી ધરાવતું ભોગોરી ગામ છે. નેત્રંગથી ૧૧ કિમી દુર આવેલા આ ગામાં નાના સીમાંત ખેડુત છોટુભાઈ ફતેસિંહ વસાવાનું ભક્ત પરિવાર બે એકર જમીન પર નભી રહ્યુ છે. પરિવારમાં પતિપત્ની અને બે પુત્રી, એક પુત્ર હતો.

## સ્ટેટ કો.- ઓપરેટિવ બેંકના ચેરમેનપદે અજય પટેલ, વાઈસ ચેરમેનપદે શંકર ચૌધરી

મહેસાણા : ધી ગુજરાત સ્ટેટ કો.- ઓપ. બેંક લિ.ના ચેરમનપદે અજય પટેલ અને વાઈસ ચેરમેનપદે શંકર ચૌધરી ફરી એકવાર બિનહરીફ ચૂંટાયા છે. GSC બેંકની તમામ ૨૯ બ્રાન્ચમાં કોરબેન્કિંગની સુવિધા પૂરી પાડવામાં આવે છે. GSC બેંકે એક દાયકામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે અને પાંચ વર્ષથી બેંકનો કુલ નફો રૂ. ૧૦૦ કરોડથી વધુ રહ્યો છે. ૨૦૦૮-૦૯માં બેંકની થાપણો રૂ. ૩,૨૦૯.૯૫ કરોડ હતી જે ૨૦૧૮-૧૯ના અંતે ૧૦૦ ટકા વધીને રૂ. ૬,૫૫૪.૬૦ કરોડ થઈ છે. માર્ચ, ૨૦૧૯ના અંતે બેંકની ગ્રોસ NPA ૧.૯૮ ટકા અને નેટ NPA શૂન્ય ટકા છે. ઈન્ટરનેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ, ઈ- કોમર્સ સહિત અદ્યતન સેવાઓ તેમજ C-KYC, ઉપરાંત કેન્દ્ર સરકારની UPI, BHIM, વગેરે મોબાઈલ એપ માધ્યમથી અને ઊઈ કોડથી સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

# CAA પર સ્ટેનો સુપ્રીમનો ઈનકાર: કેન્દ્ર ૧ માસમાં જવાબ આપે

- સુપ્રીમ કોર્ટમાં સીએએ મુદ્દે ૧૪૧ અરજીઓ, અમને ૧૪૩માંથી ૬૦ જ અરજીની કોપી મળી, બીજી અરજીનો અભ્યાસ બાકી છે : સરકાર
- વર્તમાન સરકારને સાંભળ્યા વગર અંતિમ નિર્ણય લેવો શક્ય નથી, સુનાવણી બંધારણીય બેંચ કરે તે અંગે વિચારીશું: સુપ્રીમ કોર્ટ
- ઉત્તર પ્રદેશ, ત્રિપુરા, આસામ, અન્ય રાજ્યોમાં સીએએના અમલમાં ગેરરીતિ થયાના આરોપ, સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરાશે

નવી દિલ્હી : સીએએને લઈને સુપ્રીમ કોર્ટમાં ૧૪૪ જેટલી અરજીઓ થઈ છે, જેમાં ૧૪૧ અરજીઓ સીએએના વિરોધમાં જ્યારે ચાર તરફેણમાં થઈ છે. આ અરજીઓની સુનાવણી વેળાએ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે હાલ સીએએ પર સ્ટે મુકવો શક્ય નથી, આ સાથે જ કોર્ટે કેન્દ્ર સરકારને સમગ્ર મામલે ચાર સપ્તાહમાં જવાબ આપવા કહ્યું છે.



મુખ્ય ન્યાયાધીશ એસએ બોબડેની બેંચે કેન્દ્ર સરકારને ચાર સપ્તાહમાં જવાબ આપવા કહ્યું છે સાથે જ દેશની જુદી જુદી હાઈકોર્ટમાં સીએએને લઈને જે પણ અરજીઓ થઈ છે તેની સુનાવણી હાલ હાઈકોર્ટ ન કરે અને જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ અંતિમ નિર્ણય ન કરે ત્યાં સુધી આમ કરવાનું કહ્યું છે. ન્યાયાધીશ એસ અબ્દુલ નઝીર અને સંજિવ ખન્ના પણ આ બેંચમાં સામેલ છે.

કેટલાક અરજદારો વતી કોર્ટમાં હાજર કપિલ સિબ્બલે કહ્યું હતું કે આ મામલાને બંધારણીય બેંચને સોપવો જોઈએ. સાથે જ એનપીઆરની પ્રક્રિયાને પણ થોડા મહિના સુધી મુલતવી રાખવી જોઈએ. જોકે કોર્ટે કહ્યંઅ હતું કે અમે આ કેસોની સુનાવણી માટે પાંચ જજોની બેંચની રચના કરીશું, સાથે એમ પણ કહ્યું હતું કે અમે આ મામલાની સુનાવણી બંધારણીય બેંચ કરે તે અંગે પણ વિચારીશું. હાલ સીએએ પર સ્ટેની માગણી પણ કરાઈ હતી, જોકે કોર્ટે કહ્યું હતું કે જ્યાં સુધી આ મામલે કેન્દ્ર સરકારને ન સાંભળી લઈએ ત્યાં સુધી સીએએ પર સ્ટે ન આપી શકાય.

ઉત્તર પ્રદેશ, ત્રિપુરા, આસામમાં સીએએનો અમલ નિયમોના ભંગ કરીને અને કોઈ પણ પ્રકારના ધારાધોરણો નક્કી કર્યા વગર કરી દેવાયો છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં જે પણ અરજીઓ થઈ છે તેની સુનાવણી અલગથી કરવામાં આવશે તેવી સ્પષ્ટતા કોર્ટે કરી હતી.

સરકાર વતી હાજર એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કોર્ટને કહ્યું હતું કે કોર્ટમાં જે પણ અરજીઓ થઈ છે તેની કોપી સરકારને પુરતા પ્રમાણમાં નથી મળી, ૧૪૩માંથી ૬૦ અરજી જ મળી છે. અને બાકીની અરજીઓનો મળ્યા બાદ પણ અભ્યાસ કરવામાં સમય લાગી શકે છે. માટે સુપ્રીમ કોર્ટે સરકારને હાલ ચાર સપ્તાહનો સમય આપ્યો છે. સરકાર પોતાનો જવાબ આપે તે બાદ સીએએ પર સ્ટે મુકવો કે રદ કરવો અથવા ચાલુ રાખવો તે અંગે કોર્ટ અંતિમ નિર્ણય લેશે.



## સીએએ પાછો નહી ખેંચાય: અમિત શાહ

સીએએના સમર્થનમાં લખનૌમાં યોજાયેલી એક રેલીમાં ગૃહ મંત્રી અમિત શાહે આ કાયદાના વિરોધમાં થઈ રહેલી હિંસા અને વિરોધ માટે કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, બીએસપી અને તૃણમુલ કોંગ્રેસને જવાબદાર ઠેરવી હતી. અમિત શાહે કહ્યુ હતુ કે, જ્યારે કાશ્મીરમાંથી લાખો પંડિતોને ભગાડાયા ત્યારે માનવઅધિકારની વાતો કરનારા ક્યાં ગયા હતા...જેમને જે વિરોધ કરવો હોય તે કરી લે પણ ઝછછ પાછો નહી ખેંચાય.

## સીએએનો વિરોધમાં ૨૯મીએ ભારત બંધનું એલાન

નવી દિલ્હી : દિલ્હીના શાહીન બાગમાં સીએએ અને એનઆરસીને લઇને છેલ્લા એક મહિનાથી ધરણા પ્રદર્શન ચાલી રહ્યું છે. રોજ મહિલાઓ અહીં આવીને બેસે છે અને સરકાર સમક્ષ પોતાની માગ મુકી રહી છે. જોકે એવો દાવો કરાઇ રહ્યો છે કે સરકાર દ્વારા યોગ્ય પ્રતિભાવ ન મળતા હવે શાહીન બાગ અને અન્ય પ્રદર્શનકારીઓએ ૨૯મી જાન્યુઆરીએ ભારત બંધનું એલાન કર્યું છે. તેમણે સવાલ કરતા કહ્યુ હતુ કે, પાકિસ્તાન બાંગ્લાદેશ અન અફઘાનિસ્તાન કે જ્યાં ભારતના વિભાજન બાદ કરોડો હિન્દુ સહિતની લઘુમતીઓ રહી ગઈ હતી. મેં તેમના દર્દને સાંભળ્યુ છે.

## સીએએનો વિરોધ કરતી ૧૨૦૦ મહિલા સામે ૧૪૪નો ભંગ કર્યાની ફરિયાદ

નાગરિકતા અંગેના નવા કાયદા (સીએએ) અને નાગરિકોના રાષ્ટ્રીય રજિસ્ટર વિરૂદ્ધ દેખાવો કરી રહેલી ઉત્તર પ્રદેશની મહિલાઓ વિરૂદ્ધ રાજ્ય સરકારે કડક પગલાં લેવાની શરૂઆત કરી દીધી હતી. ઓછામાં ઓછી ૧૨૦૦ મહિલાઓ સામે ૧૪૪મી કલમના ભંગનો કેસ નોંધવામાં આવ્યો હતો. નવી દિલ્હીના શાહીન બાગની જેમ લખનઉમાં આ મહિલાઓ દેખાવો કરી રહી હતી. પ્રદેશવાર આંકડા જોઇએ તો અલીગઢમાં ૬૦, પ્રયાગરાજમાં ૩૦૦ અને ઇટાવામાં ૨૦૦ મહિલાઓ તથા ૭૦૦ પુરૂષો સામે કાયદેસરના કેસ નોંધવામાં આવ્યા હતા. લખનઉમાં ઘંટાઘર, રાયબરેલીમાં ટાઉન હૉલ અને પ્રયાગ રાજમાં મનસુર અલી પાર્કમાં દેખાવો ચાલુ હતા.

# બેન્ક ફ્રોડના કેસમાં ઈડીએ ફેરડીલની રૂ. ૧૦૭ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

કોલકાતા : ઈડીએ એક બેન્ક ફ્રોડ કેસમાં ફેરડીલ સપ્લાય લિમિટેડ અને તેના ડિરેક્ટરોની રૂ. ૧૦૭.૭૩ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી છે. ઈડી દ્વારા જપ્ત કરવામાં આવેલી સંપત્તિમાં કોઈમ્બતુરમાં એસઆઈવી ઈન્ડસ્ટ્રીઝની જમીન અને બિલ્ડિંગ, અમદાવાદ ખાતેના એક ફાર્મ હાઉસ,ઓફિસ, બંગલો તથા સાત એફડીનો સમાવેશ થાય છે. સૂત્રોના મતે અમદાવાદના આશ્રમરોડ કરોડ ખાતે ઓફિસમાં પણ દિવસભર તપાસનો ધમધમાટ રહ્યો હતો. ઈડી દ્વારા જારી નિવેદન અનુસાર મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ફેરડીલ સપ્લાય લિમિટેડની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે.

કોલકાતાની સ્પેશિયલ કોર્ટમાં સીબીઆઈની ચાર્જશીટને આધારે ઈડીએ ફેરડીલ લિમિટેડના ડિરેક્ટરો રામપ્રસાદ અગ્રવાલ, નારાયણપ્રસાદ અગ્રવાલ અને પવનકુમાર અગ્રવાલ અને સૌરભ ઝુનઝુનવાલા સામેના બેન્ક ફ્રોડની તપાસ સંભાળી લીધી છે. તપાસમાં એવો ખુલાસો થયો હતો કે ફેરડીલ




સપ્લાયર્સ લિમિટેડ અને તેના ડિરેક્ટરોએ મોટામોટા અને ખોટા સ્ટોક સ્ટેટમેન્ટ રજૂ કરીને કોલકાતા ખાતેની યુકો બેન્કમાંથી વિવિધ ક્રેડિટ સુવિધાઓ તથા ફોરેન લેટર્સ ઓફ ક્રેડિટની સુવિધા લીધી હતી. પરંતુ જે હેતુ માટે લોન લેવાઈ હતી તેને બદલે બીજા કોઈ કામમાં પૈસાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ રીતે બેન્કોને રૂ. ૨૩૧.૯૫ કરોડનું નુકસાન થયું હતું.

# ઈ-ટિકિટ રેકેટથી આતંકીને ભંડોળ અપાતું હોવાનો RPFનો ઘટસ્ફોટ

- આઈઆરસીટીસીના ૫૬૩ ખાનગી આઈડી, SBIની ૨૪૦૦, ગ્રામીણ બેંકની ૬૦૦ શાખાની યાદી મળી

નવી દિલ્હી : ૨૦૨૦, મંગળવાર રેલવે પોલિસ ફોર્સ (આરપીએફ)ને એક મોટી સફળતા મળી છે. આરપીએફના ડીજીએ જણાવ્યું હતું કે ઈ-ટિકિટ સંબંધી એક આંતરરાષ્ટ્રીય સ્તરના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ રેકેટનો માસ્ટરમાઈન્ડ દુબઈમાં બેઠો છે અને તે ભારતમાં પણ સક્રિય છે. આ ગેંગ સાથે સંકળાયેલા એક શખ્સની ધરપકડ કરી લેવામાં આવી છે અને તેની પૂછપરછ ચાલી રહી છે. આ એક પ્રકારનું ગેરકાયદે ટિકિટ રેકેટ છે, જેનાથી લોકો પાસેથી લાખો રૂપિયા પડાવવામાં આવે છે. આરપીએફએ ઝારખંડમાં એક શખ્સની ધરપકડ કરી છે, મદરેસામાં ભણેલો અને પોતાની રીતે જ સોફ્ટવેર ડેવલપમેન્ટ શીખ્યો છે. એવી શંકા છે કે પકડાયેલો આ શખ્સ આતંકીઓની સાથે ભળેલો છે અને ટેરર ફન્ડિંગ જેવા કેસોમાં સામેલ હોઈ શકે છે. આરપીએફના અધિકારી અરૂણ કુમારે કહ્યું હતું કે પકડાયેલા શખ્સનું નામ ગુલામ મુસ્તફા છે અને તેને ભુવનેશ્વરથી પકડવામાં આવ્યો હતો. તેની પાસે આઈઆરસીટીસીના ૫૬૩ ખાનગી આઈડી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ૨૪૦૦ શાખાઓ અને સૃથાનિક ગ્રામીણ બેંકની ૬૦૦ શાખોની યાદી મળી છે.

# એટલસ સાયકલ કંપનીનાં માલિકની પત્નીનું શંકાસ્પદ મોત, ઘરમાંથી લાશ મળી

નવી દિલ્હી : એટલસ સાયકલ કંપનીનાં માલિકોમાંથી સંજય કપૂરની પત્ની નતાશા કપૂરનું શંકાસ્પદ સ્થિતિમાં મોત થયું છે. દિલ્હી પોલીસ શરૂઆતની તપાસમાં આત્મહત્યા ગણાવી રહી છે. રાષ્ટ્રિય રાજધાની દિલ્હીનાં ડૉ. એપીજે અબ્દૂલ કલામ માર્ગ પર આવેલા ફ્લેટમાં તેમનો મૃતદેહ પંખાથી લટકેલો મળી આવ્યો. કહેવામાં આવી રહ્યું છે કે સંજય કપૂરની પત્ની નતાશા કપૂરે ઘરમાં પંખાથી લટકીને આત્મહત્યા કરી લીધી છે. જો કે હજુ સુધી આત્મહત્યાનું કારણ સ્પષ્ટ નથી થઈ શક્યું. જો કે પોલીસ દરવાજો ખુલ્લો હોવાનાં કારણે આ ઘટનાને શંકાસ્પદ માનીને તપાસ કરી રહી છે. દિલ્હી પોલીસનાં સૂત્રોનાં જણાવ્યા અનુસાર ૫૭ વર્ષિય નતાશા કપૂરની સૂસાઈડ નોટ પણ મળી આવી છે.

# અવંતીપોરામાં આતંકી હુમલો : બે જવાન શહીદ, હુમલાખોરો ફરાર

- હુમલાખોર આતંકીઓ હિઝબુલના હોવાની શક્યતા, હુમલો કરી જંગલમાં ભાગી ગયા

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના અવંતીપોરામાં આતંકીઓ સામે સૈન્ય દ્વારા એક મોટુ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. જોકે આ ઓપરેશનમાં બે જવાનો શહીદ થઈ ગયા છે જ્યારે બીજી તરફ લાંબા સમય સુધી ગોળીબાર બાદ આતંકીઓ ફરાર થઈ ગયા હતા. જેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. શહીદ થયેલા જવાનોમાં એક એસઓપીનો પણ સમાવેશ થાય છે. ગોળીબાર થયો તે સ્થળેથી કોઈ આતંકીનો મૃતદેહ નથી મળી આવ્યો. જ્યારે સામસામે ગોળીબાર ચાલી રહ્યો હતો ત્યારે એવા અહેવાલો સામે આવ્યા હતા કે સુરક્ષા જવાનોએ બે આતંકીઓને ઠાર માર્યા છે. જોકે બાદમાં સ્પષ્ટતા કરતા જાણવા મળ્યું હતું કે બે જવાનો શહીદ થયા છે અને આતંકીઓ સૃથળ પરથી ફરાર થઈ ગયા છે. હાલ આસપાસના જંગલોમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. જમ્મુ કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર સુરક્ષા જવાનોને આતંકીઓ છુપાયા હોવાની જાણકારી મળી હતી. મંગળવારે સવારે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

# કોલકાતામાંથી રૂ.૧૦૫ કરોડના ૨૫ કિલો હેરોઈન સાથે બે જણા પકડાયા

કોલકાતા : પૂર્વોત્તરના રાજ્યોમાં અત્યાર સુધીમાં પકડાયેલા સૌથી મોટા ડ્રગના જથ્થામાં આજે કોલકાતા પોલીસે આતંરરાષ્ટ્રીય બજારમાં રૂપિયા ૧૦૫ કરોડના મૂલ્યાના ૨૫ કિલો હેરોઈન સાથે બે ખેપિયાઓને પકડયા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે કોલકાતા પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે શેહરના ઉત્તરીય ભાગમાં આવેલા પૈકપારાના એક ઘરમાં આજે વહેલી સવારે દરોડો પાડયો હતો અને ઉત્તર પ્રદેશના ડ્રગ ખેપિયા ઝુબેર અને તેના સાથી મણીપુરના મૌલાના ફૈયાઝુદ્દીનને ઝડપી લીધા હતા, એમ એક અધિકારીએ કહ્યું હતું. અમે ૨૫.૨૫૫ કિલો હેરાઈન પકડી પાડયું હતું. પકડાયેલો આ જથ્થો માત્ર કોલકાતામાં જ નહીં બલકે પશ્ચિમ બંગાળ અને આખા પૂર્વોત્તર રાજ્યોમાં સૌથી મોટો હતો'એમ તેમણે કહ્યું હતું.

# આસામમાં ૬૪૪ ત્રાસવાદીઓનું શસ્ત્રો સાથે આત્મસમર્પણ

ગુવાહાટી : આસામમાં ગુરુવારે આઠ પ્રતિબંધિત ઉગ્રવાદી સંગઠનના ૬૪૪ આતંકવાદીઓએ ૧૭૭ શસ્ત્રો સાથે મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલ સમક્ષ આત્મસમર્પણ કરી દીધું હતું. આસામના ડીજીપી ભાસ્કર જ્યોતિ મહંતાએ પત્રકારોને જણાવ્યું હતું કે, આજનો દિવસ આસામ અને આસામ પોલીસ માટે અત્યંત મહત્ત્વનો છે. એકસાથે આઠ ઉગ્રવાદી સંગઠનના ૬૪૪ આતંકવાદી અને સરગણાઓએ તેમનાં હથિયાર હેઠાં મૂક્યાં છે. તાજેતરના સમયમાં આટલી મોટી સંખ્યામાં આતંકવાદીઓએ શરણાગતિ સ્વીકારી હોવાની પહેલી ઘટના છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ ઉગ્રવાદીઓ છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી અલગ અલગ સમયે સમાજના મુખ્યપ્રવાહમાં સામેલ થયા હતા. ગુરુવારે સત્તાવાર રીતે તેમનાં આત્મસમર્પણની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ડીજીપી મહંતાએ જણાવ્યું હતું કે આઈજીપી હિરેનચંદ્ર નાથની આગેવાનીમાં આસામ પોલીસની વિશેષ શાખા દ્વારા કરાયેલા પ્રયાસોના પરિણામે આ ઉગ્રવાદીઓએ હથિયાર હેઠાં મૂક્યાં છે. આઈજીપી નાથે જણાવ્યું હતું કે,



ઉગ્રવાદીઓએ છદ્મ-૪૭, છદ્મ-૫૬ અને છદ્મ-૫૭ રાઈફલ સહિત હેકલર એન્ડ કોચ સિરીઝની રાઈફલો, બેરેટા સિરીઝની પિસ્તોલ, વિસ્ફોટકો, બોંબ, રોકેટ લોન્ચરો અને ગ્રેનેડ સહિત ૧૭૭ અત્યાધુનિક હથિયારો જમા કરાવ્યાં છે.

### કયા ઉગ્રવાદી સંગઠનોના કેટલા આતંકવાદીઓએ આત્મસમર્પણ કર્યું

૫૦ યુનાઇટેડ લિબરેશન ફ્રન્ટ આસામ (ઉલ્ફા), ૦૮ નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ (એનડીએફબી), ૧૩ રાભા નેશનલ લિબરેશન ફ્રન્ટ (આરએનએલએફ), ૦૬ કામતાપુર લિબરેશન ઓર્ગેનાઇઝેશન (કેએલઓ), ૦૧ સીપીઆઇ (માઓવાદી), ૩૦૧ નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ બંગાલી (એનએલએફબી), ૮૭ નેશનલ સંથાલ લિબરેશન આર્મી (એનએસએલએ), ૧૭૮ આદિવાસી ડ્રેગોન ફાઇટર્સ (એડીએફ)

### આસામમાં ૩૫ ઉગ્રવાદી સંગઠન સક્રિય

આઝાદીના સમયથી આસામ અને સમગ્ર પૂર્વોત્તરમાં ઉગ્રવાદ મોટી સમસ્યા રહ્યો છે. આસામમાં ઉલ્ફા, એનડીએફબી સહિત કુલ ૩૫ ઉગ્રવાદી સંગઠન તેમની અલગ અલગ માગને લઇને સક્રિય છે. આસામની વસતીમાં ૨૮ ટકા બોડો લોકો છે. તેઓ પોતાને આસામના મૂળ નિવાસી માને છે.

## JNUના ૮૨ છાત્રની નાગરિકતાનો કોઈ અતોપતો નથી: આરટીઆઈ

નવી દિલ્હી : વિવિધ કારણોથી છેલ્લા કેટલાક સમયથી જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ) વિવાદોના કેન્દ્રમાં રહી હતી. તાજેતરમાં એક ચોંકાવનારો ખુલાસો જેએનયુ વિશે થયો હતો. આ યુનિવર્સિટી સાથે સંકળાયેલા ઓછામાં ઓછા૮૨ સ્ટુડન્ટ્સ એવા છે જેમની રાષ્ટ્રીયતા વિશે કોઈ રેકોર્ડ નથી. આ લોકો કયા દેશના છે, ક્યાંથી આવ્યા છે અને કઈ કોમ કે ધર્મના છે એની વિગતો ઉપલબ્ધ નથી. રાજસ્થાનના કોટા વિસ્તારના એક સામાજિક કાર્યકર્તા સુજિત કુમારે કરેલી આરટીઆઈની અરજીમાં આ વાત જાણવા મળી હતી.સુજિત કુમારે આરટીઆઈના કાયદા હેઠળ એવી અરજી કરી હતી કે હાલ યુનિવર્સિટીમાં કેટલા વિદેશી વિદ્યાર્થીઓ છે, કયા કોર્સ માટે રજિસ્ટર્ડ થયા છે અને કયા દેશના કેટલા વિદ્યાર્થી હાલ જેએનયુમાં છે એની માહિતી આપો. જેએનયુ દ્વારા અપાયેલી માહિતીમાં જણાવાયા મુજબ હાલ અહીં ૩૦૧ સ્ટુડન્ટ્સ છે જે ૭૮ અલગ અલગ અભ્યાસક્રમો માટે નોંધાયેલા છે. એમાં ૨૧૯ વિદ્યાર્થીઓ ૪૭ અલગ અલગ દેશમાંથી ભણવા આવ્યા છે. આવા દેશોમાં કોરિયા, અફઘાનિસ્તાન, બાંગ્લા દેશ, સીરિયા, ચીન, જર્મની અને નેપાળનો સમાવેશ થાય છે. પરંતુ આ બધામાં ૮૨ વિદ્યાર્થી એવા છે જેમની નેશનાલિટી વિશે યુનિવર્સિટી પાસે કોઈ માહિતી નથી.

## ૩ આતંકી સાથે પકડાયેલા દેવેન્દર સિંહ ૧૫ દિવસના એનઆઈએ રિમાન્ડ ઉપર

જમ્મુ : જમ્મુ-કાશ્મીર પોલીસના ડીએસપી દેવીન્દર સિંહની સાથે બરતરફ થયેલા આતંકવાદીઓ અને ત્રણ અન્યને એનઆઈએ કોર્ટે ૧૫ દિવસના રિમાન્ડ પર મોકલી દીધા છે. ડીએસપી સહિત ચારેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સમજાવો કે દેવીંદર સિંહને ૧૧ જાન્યુઆરીએ ત્રણ હિઝબુલ મુજાહિદ્દીન આતંકવાદીઓ સાથે ધરપકડ કરવામાં આવી હતી. ગુરુવારે એનઆઈએ ટ્રાન્ઝિટ રિમાન્ડ પર દેવિંદર સિંહ સાથે જમ્મુ પહોંચ્યો હતો. તેને અહીંની એનઆઈએ કોર્ટમાં રજૂ કર્યો. કોર્ટે તમામ આરોપીઓને ૧૫ દિવસના એનઆઈએ



રિમાન્ડ પર મોકલી દીધા છે. કારમાંથી દારૂગોળો પણ મળી આવ્યો હતો. આ અગાઉ એનઆઈએએ બુધવારે શ્રીનગરમાં દેવીન્દરના ઘરે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન એજન્સીને ૭.૫ લાખ રૂપિયાની રોકડ, એક નકશો અને કેટલાક સંવેદનશીલ દસ્તાવેજો મળી આવ્યા છે. દેવીન્દર સિંહ સિવાય, એનઆઈએ શ્રીનગરના ગુલશનગર સ્થિત એક ડોક્ટરના ઘરે પણ દરોડો પડ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દરોડામાં એજન્સીને કંઈ પણ વાંધાજનક લાગ્યું નથી. આરોપીને હિઝબુલના ત્રણ આતંકવાદીઓ સાથે ધરપકડ કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીર પોલીસમાંથી બરતરફ કરાયેલા ડીએસપી દેવિંદર સિંહને ૧૧ જાન્યુઆરીએ હિઝબુલ મુજાહિદ્દીનના ત્રણ આતંકવાદીઓ સાથે ધરપકડ કરવામાં આવી હતી.

## ભૂષણ સ્ટીલના પૂર્વ સીએમડી સિંઘલની ૨૦૪ કરોડની મિલકતો ટાંચમાં લેવાઈ

- **લંડનમાં મકાનો સહિતની ચાલુ, સ્થિર મિલકતો ટાંચમાં લેવાઈ : લોનની રકમથી મિલકતો ખરીદવાનો આરોપ**

નવી દિલ્હી : મની લોન્ડરિંગ કાયદા હેઠળ ભૂષણ પાવર એન્ડ સ્ટીલ લિમિટેડ(બીએસપીએલ)ના પૂર્વ સીએમડી સંજય સિંઘલના દિલ્હી અને લંડનમાં મકાન સહિતની ૨૦૪ કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લેવામાં આવી છે તેમ ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે. એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ટાંચમાં લેવાયેલી મિલકતોમાં ચાલુ અને સ્થિર મિલકતોનો સમાવેશ થાય છે. એજન્સીએ વધુમાં જણાવ્યું છે કે બીએસપીએલના બેંક લોન ફંડમાંથી સિંઘલે ૨૦૪.૩૧ કરોડ રૂપિયા ડાયવર્ટ કર્યા હતાં અને આ રકમથી ભારત અને વિદેશમાં મિલકતો ખરીદી હતી.

`ઈડીએ શુક્રવારના રોજ સિંઘલ અને અન્ય વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ)ની વિશેષ કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરી હતી.ચાર્જશીટમાં ૨૪ લોકો અને કંપનીને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. કોર્ટે સિંઘલ વિરુદ્ધ ૨૧ જાન્યુઆરીનું પ્રોડકશન વોરન્ટ જારી કર્યુ છે. ગયા વર્ષે નવેમ્બરમાં ધરપકડ કરવામાં આવ્યા પછી સિંઘલ હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. એજન્સીએ આરોપ મૂક્યો છે કે વર્ષ ૨૦૦૭થી ૨૦૧૪ દરમિયાન બીએસપીએલએ ૩૩ બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન લીધી હતી

## લદ્દાખના હાનલેમાં ૪૫ મીટર ઉંચા સ્વદેશી ટેલિસ્કોપની સ્થાપના કરાઈ

- **ગામા-રે, અંતરીક્ષની અન્ય બાબતોનો અભ્યાસ કરાશે**
- **ટેલિસ્કોપ વડે અંતરીક્ષમાં ૧૦ લાખ પ્રકાશ વર્ષ દૂર સુધી જોઈ શકાશે**

લદાખ : લેહથી ૨૦૦ કિમી દૂર હાનલે પાસે અંતરીક્ષની વિવિધ ઘટનાઓનો અભ્યાસ કરવા માટે ૪૫ મીટર ઉંચુ સ્વદેશી ટેલિસ્કોપ સ્થાપિત કરવામાં આવ્યું છે. આ ટેલિસ્કોપને ભાભા અણુસંશોધન કેન્દ્ર ખાતે તૈયાર કરવામાં આવ્યું છે. ભાભા અણુસંશોધન કેન્દ્ર (બીએઆરસી)એ ઈન્ડિયન ઈનસ્ટિટયુટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (બેંગાલુરુ) અને ટાટા ઈનસ્ટિટયુટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ(મુંબઈ) સાથે મળીને ૪૫ મીટર ઉંચા, ૨૧ મીટર પહોળા ટેલિસ્કોપની ડિઝાઈન તૈયાર કરી છે. આ ઉપરાંત ઈલેક્ટ્રોનિક કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ(ઈસીઆઈએલ) તેમનું ઔદ્યોગિક ભાગીદાર હતું અને ટેલિસ્કોપને લદાખના હાનલે ખાતે સ્થાપિત કરવામાં આવ્યું છે.

## મુઝફ્ફરપુર બાલિકા કાંડમાં ૧૯ આરોપીઓ દોષી, ૨૮મીએ સજા

નવી દિલ્હી : બિહારના ચકચારી મુઝફ્ફરપુર બાલિકાગૃહ કેસમાં દિલ્હીની સાકેત કોર્ટે બાલિકાગૃહના માલિક બ્રજેશ ઠાકુર સહિત ૧૯ આરોપીઓને દોષી ઠેરવ્યા છે. કોર્ટે ૨૮ જાન્યુઆરીએ તમામ દોષીઓ માટે સજાની જાહેરાત કરશે. સાકેત કોર્ટે એક આરોપી મોહમ્મદ ઊર્ફ વિક્કીને પુરાવાના અભાવમાં નિર્દોષ છોડી મૂક્યો છે. સીબીઆઈએ આ કેસમાં કુલ ૨૦ લોકોને આરોપી બનાવ્યા હતા. તમામ આરોપીઓને બાલિકાગૃહમાં રહેનાર બાળકી અને કિશોરીઓનાં યૌનશોષણ કરવા બદલ દોષી ઠેરવાયા છે. સાકેત કોર્ટના જજ સૌરભ કુલશ્રેષ્ઠે મુખ્ય આરોપી બ્રજેશ ઠાકુર સહિત ૧૯ લોકોને ૧,૦૪૫ પાનાના તેના આદેશમાં દોષી ઠેરવ્યા છે. દોષીઓમાં કેટલીક મહિલાઓ પણ સામેલ છે જેમની પર બાલિકાગૃહની છોકરીઓ સાથે થયેલા દુષ્કર્મને છુપાવવાનો આરોપ છે. આ તમામ મહિલાઓ બાળકીઓનો અવાજ દબાવવા માટે તેમને જાતજાતની યાતના આપતી હતી. બાલિકાગૃહમાં તૈનાત કૂકથી માંડીને ગેટકીપર સુધીના લોકો પર દુષ્કર્મનો આરોપ લાગ્યો હતો. સુનાવણી દરમિયાન પીડિત કિશોરીઓની જુબાની નોંધવામાં આવી હતી. કેટલીક કિશોરીઓએ આરોપીઓને જોઈને તેમને ઓળખી પણ લીધા હતા.

## ૩૫૯૨ કરોડની ઠગાઈ મામલે મુંબઈની ફ્રોસ્ટ ઈન્ટરનેશનલ સામે CBIનો કેસ

- **૧૪ બેન્કોના કાન્સોર્ટિમ સાથે છેતરપિંડી, ડાયરેકટર ઉદય દેસાઈના રહેઠાણો સહિત કુલ ૧૩ જગ્યાઓ પર સીબીઆઈના દરોડા**

નવી દિલ્હી : દેશની ૧૪ બેન્કોના કોન્સોર્ટિમ સાથે રૂપિયા ૩૫૯૨ કરોડની છેતરપીંડી કરનાર મુંબઇ સ્થિત ફ્રોસ્ટ ઈન્ટરનેશનલના પૂર્વ અને વર્તમાન ડિરેકટરોના રહેઠાણો સહિત કુલ ૧૩ જગ્યાએ આજે સીબીઆઈએ દરોડા પાડી સઘન શોધ શરૂ કરી હતી, એમ એજન્સીના એક અધિકારીએ કહ્યું હતું. બેન્ક ઓફ ઈન્ડિયા, કાનપુરની ક્ષેત્રિય ઓફિસે કરેલી ફરિયાદના આધારે તપાસ એજન્સીએ આ કાર્યવાહી કરી હતી. બેન્કે આરોપ કર્યો હતો કે ડાયરેકટરોએ કોઈ પણ જાતનો સાચો વેપાર કર્યો વગર એક બીજાના મેળાપીપણામાં આ છેતરપીંડી કરી હતી.સીબીઆઈએ મુંબઈ, દિલ્હી અને કાનપુરમાં કંપનીના




હાલના ડાયરેકટરો ઉદય દેસાઈ અને સુજોય દેસાઈ તેમજ હાલના તેમજ પૂર્વ ડાયરેકટરોના રહેઠાણ સહિત ૧૩ જગ્યાએ તપાસ હાથ ધરી હતી. કંપની અને તેના ડાયરેકટરો ઉપરાંત એજન્સીએ અગિયાર વધુ લોકો સામે કેસ કર્યો હતો જેમાં કાનપુરસ્થિત આર.કે.બિલ્ડર્સ, ગ્લોબીઝ એક્ઝિમ પ્રા.લિ.અને નિર્માણ પ્રા.લિ. સહિત ૧૧ જગ્યાએ દરોડા પાડયા હતા.

# ૬૩ અબજપતિઓની સંપત્તિ ૨૦૧૮-૧૯ના બજેટ ૨૪ લાખ કરોડથી વધારે

• ૨૧૫૩ અબજપતિઓ પાસે વિશ્વની કુલ વસ્તીના ૬૦ ટકા એટલે કે ૪.૬ અબજ લોકો કરતા વધારે સંપત્તિ



દાવોસ : ભારતના ૧ ટકા ઘનવાનોની પાસે ૯૫.૩ કરોડ લોકોની કુલ સંપત્તિથી ચાર ગણી વધારે સંપત્તિ છે એટલે કે ૧ ટકા ઘનવાનો પાસે દેશની ૭૦ ટકા વસ્તીની કુલ સંપત્તિથી ચાર ગણી વધારે સંપત્તિ છે. બીજી તરફ દેશના અબજપતિઓની કુલ સંપત્તિ ભારતના એક વર્ષના બજેટ કરતા વધારે છે. દાવોસમાં આયોજિત વર્લ્ડ ઈકોનોમિક ફોરમ(ડબ્લ્યુઈએફ)ની ૫૦મી વાર્ષિક બેઠકમાં ‘ટાઈમ ટુ કેર‘નામના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વના ૨૧૫૩ અબજપતિઓ પાસે વિશ્વની કુલ વસ્તીના ૬૦ ટકા એટલે કે ૪.૬ અબજ લોકો કરતા વધારે સંપત્તિ છે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વમાં આર્થિક અસમાનતા સતત વધી રહી છે. છેલ્લા એક દાયકામાં અબજપતિઓની સંખ્યા બમણી થઈ ગઈ છે. જો કે છેલ્લા એક વર્ષમા તેમની કુલ સંપત્તિમાં ઘટાડો થયો છે.

# હિમાચલમાં ઠંડી વચ્ચે બરફવર્ષા, ૧૦૦ જેટલા રસ્તા બંધ કરાયા



શીમલા : હિમાચલ પ્રદેશના ઉંચાઈવાળા વિસ્તારોમાં ફરી એક વખત જોરદાર બરફ વર્ષા થવાથી સ્થાનિક લોકોની તકલીફો વધી ગઈ છે. કુલ્લુ, મનાલી, શિમલા, કિન્નોર, કાંગડા જિલ્લાના ઉંચાણવાળા વિસ્તારોમાં ફ્રેશ સ્નોફોલ નોંધાયો છે. જેનાથી રાજ્યમાં ઠંડી વધી ગઈ છે અને વાહન વ્યવહાર પર પણ અસર થઈ છે. હિમાચલના ૧૦૦ જેટલા રસ્તા બરફ વર્ષના કારણે બંધ થઈ ગયા છે. જેનાથી લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ગઈકાલ રાતથી શરુ થયેલી બરફ વર્ષા બાદ આ વિસ્તારો જાણે સફેદ ચાદરથી ઢંકાઈ ગયા હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. બરફવર્ષાના કારણે વધેલી ઠંડીના પગલે ગુજરાત સહિતના બીજા રાજ્યોમાં પણ તેની અસર જોવા મળે તેવુ અનુમાન થઈ રહ્યુ છે.

# મોદી સાથે સ્કૂટર પર પક્ષ માટે કામ કરનારા નડ્ડા ભાજપ અધ્યક્ષ બન્યા



નવી દિલ્હી : આખરે સત્તાવાર રીતે જગત પ્રકાશ એટલે કે જેપી નડ્ડાએ ભાજપના નવા પ્રમુખ તરીકે પદ સંભાળી લીધુ છે. જેપી નડ્ડા અમિત શાહના ઉત્તરાધિકારી બન્યા છે. અમિત શાહે નડ્ડાને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બનવા બદલ શૂભકામના પાઠવી હતી. જેપી નડ્ડાની નિમણુંકનો પક્ષમાં કોઈએ વિરોધ નહોતો કર્યો તેથી સર્વ સમ્મતીથી તેમને આ પદ સોપવામાં આવ્યું હતું. ૫૯ વર્ષીય જેપી નડ્ડાએ બીએ અને એલએલબીનો અભ્યાસ કરેલો છે. તેમને અધ્યક્ષ પદે નરેન્દ્ર મોદી અને અમિત શાહે પસંદ કર્યા હતા. નડ્ડા ૧૯૯૩, ૧૯૯૮ અને ૨૦૦૭માં હિમાચલ પ્રદેશના ત્રણ વધત ધારાસભ્ય રહી ચુક્યા છે.

અમિત શાહને ગયા વર્ષે ગૃહ પ્રધાન બનાવવામાં આવ્યા ત્યારે જ નડ્ડાને ભાજપ અધ્યક્ષ પદે પસંદ કરવામાં આવ્યા હતા. ગત લોકસભાની ચૂંટણી સમયે નડ્ડાને ઉત્તર પ્રદેશના પ્રભારી બનાવવામાં આવ્યા હતા, આ ચૂંટણીમાં ભાજપે ૮૦માંથી ૬૨ બેઠકો પર જીત મેળવી હતી જેનો શ્રેય નડ્ડાને પણ મળ્યો હતો.

# વૈશ્વિક લોકશાહી ઈન્ડેક્સમાં ભારત ૧૦ ક્રમ ગબડીને સૌથી નીચા ૫૧મા સ્થાને

• ૨૦૧૯માં ભારતનો સ્કોર ૬.૯૦ નોંધાયો, ૨૦૧૮માં ૭.૨૩ હતોઃ ૧૩ વર્ષમાં ભારતનો સ્કોર સૌથી નીચો

નવી દિલ્હી : ધ ઈકોનોમિસ્ટ ઈંટેલિજેંસ યુનિટ દ્વારા દર દર વર્ષની માફક આ વર્ષે પણ વૈશ્વિક ડેમોક્રેસી ઈન્ડેક્સની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદી ભારત માટે ખરાબ સમાચાર લાવી છે, કેમકે ૨૦૧૯ના વર્ષ માટે જાહેર કરવામાં આવેલી આ યાદીમાં ભારત ૧૦ સ્થાન નીચે ગબડયું છે. જેની સાથે ૨૦૧૯ના વૈશ્વિક ડેમોક્રેસી ઈન્ડેક્સની યાદીમાં ભારત ૫૧મા ક્રમે પહોંચ્યું છે. આ પહેલા ૨૦૧૮ના વર્ષમાં ભારત ૪૧મા સ્થાન પર હતું. ડેમોક્રેસી ઈન્ડેક્સ એટલે કે લોકશાહી સુચક આંક. ત્યારે વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ગણાતા ભારતનું સ્થાન ડેમોક્રેસી ઈન્ડેક્સમાં ગબડવું એ ચિંતાજનક ગણી શકાય. ધ ઈકોનોમિસ્ટે દુનિયાના ૧૬૫ દેશોના ડેમોક્રેસી ઈન્ડેક્સની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ભારતને એક ખામીયુક્ત લાકશાહી ગણાવવામાં આવી છે. સંસ્થાએ દાવો કર્યો છે કે ભારતમાં નાગરિકોની સ્વતંત્રતામાં ઘટાડો થયો છે. જેના કારણે આ યાદીમાં ભારતનું સ્થાન નીચે ગયું છે. આ યાદીમાં વિશ્વના વિવિધ દેશોને ૦થી ૧૦ની વચ્ચે લોકશાહી મુદ્દે સ્કોર આપવામાં આવે છે. ૨૦૧૯ના વર્ષ માટે ભારતનો સ્કોર ૬.૯૦ નોંધાયો છે, જે ૨૦૧૮ના વર્ષમાં ૭.૨૩ હતો. ધ ઈકોનોમિસ્ટે ૨૦૦૬ના વર્ષથી ડેમોક્રેસી ઈન્ડેક્સ આપવાની શરૂઆત કરી છે. ત્યારે ૨૦૦૬થી લઈને અત્યાર સુધી, એટલે કે ૧૩ વર્ષમાં ભારતનો સ્કોર સૌથી નીચો છે.

# જમ્મુ કાશ્મીર માટે સરકારે રૂપિયા ૮૦ હજાર કરોડના પેકેજની જાહેરાત કરી

કાશ્મીર : મોદી સરકારે જમ્મુ અને કાશ્મીર માટે ૮૦ હજાર કરોડના પેકેજની જાહેરાત કરી છે. સરકારે બુધવારે કાશ્મીરના વિકાસ કાર્ય માટે પેકેજની મંજુરી આપી. આ જાણકારી માનવ સંસાધન વિકાસ મંત્રાલયે આપી.

નોંધનીય છે કે, જમ્મુ કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવ્યા બાદ કેન્દ્ર સરકારના ઘણાં મંત્રી જમ્મુ કાશ્મીરની મુલાકાતે છે ત્યાંની વિકાસ પરિયોજનાઓની જાણકારી લેવા જમ્મુ કાશ્મીરની મુલાકાત કરી રહ્યાં છે.

હજુ હાલમાં જ પીયૂષ ગોયલ અને સ્મુતી ઈરાની સહિત ઘણાં મંત્રીઓએ ત્યાંની મુલાકાત કરી અને વિકાસ વિશે જાણકારી મેળવી. જ્યારે બુધવારે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેબિનેટ બેઠકમાં આ મંત્રીઓ પાસેથી કાશ્મીર મુદ્દે ફીડબેક લીધું.

# ડેથ વોરંટ જાહેર થયાના સાત દિવસમાં જ ફાંસીએ લટકાવવા કેન્દ્રની સુપ્રીમ રજૂઆત

• અપરાધી કરતા પીડિતાના હિતોને ધ્યાનમાં રાખીને નિયમો ઘડાવવા સરકારની સુપ્રીમમાં રજુઆત

નવી દિલ્હી : નિર્ભયાના અપરાધીઓને ફાંસીએ લટકાવવાને લઈને તારીખ પે તારીખ પડી રહી છે. આ સ્થિતિ વચ્ચે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એક અરજી કરી છે અને ફાંસીની સજાના કેટલાક ધારાધોરણો નક્કી કરવામાં આવે તેવી અપીલ કરી છે. કેન્દ્રએ દાવો કર્યો છે કે વર્તમાન નિયમો એવા છે કે જેનો દુરુપયોગ કરીને અપરાધી બચવાનો પ્રયાસ કરે છે.

કેન્દ્ર સરકારની આ પિટિશન એવા સમયે સામે આવી છે જ્યારે નિર્ભયાના અપરાધીઓને ફાંસીએ લટકાવવામાં મોડુ થઈ રહ્યું હોવાની ફરિયાદ તેની માતા કરી રહી છે. સરકારે એવો દાવો કર્યો છે કે અપરાધીઓ નિયમોની સાથે રમત રમી રહ્યા છે. અરજીમાં એવી પણ માગણી કરવામાં આવી છે કે જેને ફાંસીની સજા આપવામાં આવી હોય તેને જે અધિકારો આપવામાં આવ્યા છે તે અંગે સુપ્રીમ કોર્ટ પોતાના અગાઉના ચુકાદામાં સુધારા કરે. સાથે જ એવી પણ માગણી કરી છે કે ક્યૂરેટિવ પિટિશનમાં પણ એક સમય મર્યાદા હોવી જરુરી છે.

સરકારે સાથે એવી પણ માગણી કરી છે કે જો કોઈને ફાંસીની સજા આપવામાં આવી હોય અને આવા સંજોગોમાં કોર્ટ દ્વારા ડેથ વોરંટ જારી થઈ જાય પછી માત્ર સાત જ દિવસમાં દયા અરજી કરી શકે તેટલી જ છુટછાટ આપવી જોઈએ. અને જો દયા અરજીને ફગાવી દેવામાં આવે તો તેવા કેસમાં સાત જ દિવસમાં ડેથ વોરંટ પણ જારી થઈ જવું જોઈએ જેથી આવા અપરાધીઓને વહેલા ફાંસીએ લટકાવી શકાય.

# મુંબઈમાં નિરવ મોદીની પેઈન્ટિંગ, કાર સહિતની કિંમતી વસ્તુની હરાજી

મુંબઈ : ભાગેડુ નિરવ મોદીની સંપત્તિને જપ્ત કરી લેવામાં આવી છે, દેશ વિદેશમાં રહેલી નિરવ મોદીની આ સંપત્તિને જપ્ત કર્યા બાદ હવે તેની હરાજી કરવામાં આવી રહી છે. નિરવ મોદીની સંપત્તિને મુંબઈ સ્થિત સેફ્રોનાર્ટ દ્વારા આ હરાજી હાથ ધરવામાં આવશે. આશરે બે જેટલી હરાજી કરવામાં આવી ઔશકે છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, કેન્દ્ર સરકાર વતી આ ઓક્શન હાઉસ દ્વારા હરાજીનું આયોજન છે. આગામી ૨૭મી ફેબ્રુઆરીએ પહેલી હરાજી મુંબઈમાં યોજવામાં આવશે જ્યારે બીજી હરાજી ૩-૪ માર્ચના રોજ યોજવામાં આવશે. આવુ પહેલી વખત થયું છે કે ઈડીએ કોઈ પ્રાઈવેટ ઓક્શન હાઉસને આ જપ્ત કરેલી સંપત્તિનું ઓક્શન કરવા કહ્યું હોય. આ પહેલા ગત વર્ષે માર્ચમાં આ ઓક્શન હાઉસે આઈટી વિભાગ માટે પણ મોદીની પેઈન્ટિંગની હરાજી કરીને ૫૪.૮૪ કરોડ એકઠા કર્યા હતા.

અનુસંધાન પેજ નંબર 04

## જીવલેણ કોરોના વાઇરસ ...

રોગચાળા સાથે કેવી રીતે કામ પાર પાડવું તેની સૂચના આપી છે. યુએસ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ હેલ્થે વાઈરસ વિરોધી રસી પર કામ કરી રહ્યું છે. જાણકારોના મતે કોરોનાવાઈરસના લક્ષણ ન્યૂમોનિયા જેવા છે. પરંતુ તે અત્યંત ચેપી વાઈરસ મનાઈ રહ્યો છે. શરદીના અનેક વાઈરસની જેમ આ વાઈરસ પણ હવા મારફતે ફેલાય છે. મતલબ કે, આ વાઈરસ ખાંસી અને શરદી દ્વારા ફેલાય છે. ઉદાહરણ તરીકે ચીનથી આવતી કોઈ ફ્લાઈટમાં જો એકાદ મુસાફરને પણ આ વાઈરસનો ચેપ લાગ્યો હોય તો વિમાનમાં થોડા સમયમાં જ બીજા અનેક મુસાફરોને આ વાઈરસનો ચેપ લાગી શકે છે.

ખાસ કરીને રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય એવા લોકો અને વૃદ્ધ લોકો આ વાઈરસની ચપેટમાં તુરંત આવી શકે છે. નવો વાઈરસ હોવાને કારણે હજુ સુધી તેની રસી ન શોધાઈ હોય એ સ્વાભાવિક છે. હજુ તો કોરોનાવાઈરસને લગતી વધારે જાણકારી પણ સંશોધકો પાસે નથી, એવામાં રસી શોધાવામાં સમય લાગે એવી શક્યતા છે.

**ક્રોસવર્ડનો ઉકેલ**

**આડી ચાવી :** (૧) શારંગઘર (૫) દેહવટ (૮) રજાકજા (૧૦) પલક (૧૨) મસ (૧૩) મદાર (૧૬) લતા (૧૮) વતાગરો (૨૦) વસવસો (૨૩) રોફ (૨૫) લબાડ (૨૭) જસ (૨૮) કલ્પાંત (૨૯) વામ (૩૧) દશા (૩૨) સદાવડું (૩૪) કાપો (૩૬) રહીમ (૩૭) રળી (૩૮) આળસ

**ઊભી ચાવી :** (૧) શાણપ (૨) ગરક (૩) ધજા (૪) રકમ (૬) હકીમ (૭) ટકોર (૯) જાસલ (૧૧) લલિતા (૧૪) દાનવ (૧૫) દોરો (૧૭) તાવ (૧૮) વમેલ (૧૯) ગરુડ (૨૧) સડક (૨૨) સોબત (૨૩) રોજમદાર (૨૪) ફસ (૨૬) બાબાશાહી (૨૯) વાસ (૩૦) ધાડું (૩૧) દર (૩૩) વળી (૩૪) કાળ (૩૫) પોસ

સીટીઝનશીપ, PR કાર્ડ અને ઇમિગ્રેશન સર્વિસ

તમારા બધા પી.આર. કાર્ડ નવીનકરણ માટે ખોવાયેલ અથવા ચોરાયેલા, સિટીઝનશિપ એપ્લીકેશન્સ એક્સપ્રેસ એન્ટ્રી, વિઝિટર વિઝાને સુપર વિઝા એપ્લીકેશન,ઇન્વીટેશન, લેટર્સ, સ્ટુડન્ટ, સ્પાઉસલ સ્પોન્સરશીપ, પેરેંટલ સ્પોન્સરશિપ, વર્ક પરમિટ એપ્લીકેશન્સ.

એક પ્રોફેસનલ કેર અને યોગ્યતા દ્વારા પ્રોફેશનલ ઇમિગ્રેશન કન્સલ્ટિંગ ફર્મ.

ઘરબેઠા સેવા આપવામાં આવશે.

ખૂબ સ્પર્ધાત્મક અને આકર્ષક દરો.

ACCESS2CANADA

Since 20 Years Easy Access Consultant Inc.

અમે અંગ્રેજી, ગુજરાતી, પંજાબી અને અરેબીક બોલીએ છીએ.

સંપર્ક કરો અલી : 437-225-1070

Office Tel No.289-8853411

Email : alidaredia@hotmail.com

HEAD OFFICE : 214 - 1945 Dundas Street East, Mississauga, ON L4X2T8, Canada.

BRANCH : 1500 Meyerside Drive, Mississauga-Ontario, L5T 1V4; Canada

# ત્રણ દિવસની નરમાઈ બાદ સેનસેક્સ ફરી સુધર્યો, ૪૧,૩૮૬.૪૦ પર બંધ

મુંબઈ : બીએસઈમાં ગુરુવારે સેન્સેક્સ ગઈકાલના ૪૧,૧૧૫.૩૮ના બંધથી ૨૭૧.૦૨ પોઈન્ટ (૦.૬૬ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૪૧,૧૯૧.૫૦ ખૂલી, ઊંચામાં ૪૧,૪૧૩.૯૬ સુધી અને નીચામાં ૪૧,૦૯૮.૯૧ સુધી જઈ અંતે ૪૧,૩૮૬.૪૦ બંધ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ (દ્મજીઈ)નો નિફ્ટી ઈન્ડેક્સ આજે ૭૩.૪૫ પોઈન્ટ વધી ૧૨,૧૮૦.૩૫ ઉપર બંધ થયો હતો. મુંબઈ શેરબજારમાં ત્રણ દિવસની નરમાઈ બાદ રોકાણકારોની નવેસરથી નીકળેલી ભારે લેવાલીના કારણે શેરબજાર સુધર્યું હતું અને મજબૂતાઈ જોવા મળી હતી. શેરબજારમાં આજે માર્કેટ કેપમાં રૂ. ૧.૧૨ લાખ કરોડનો વધારો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૨૩ કંપનીઓ વધી અને ૭ કંપનીઓ ઘટી હતી. આજે માર્કેટ કેપ રૂ.૧૫૯.૩૩ લાખ કરોડ રહ્યું હતું, જે ગઈકાલે રૂ.૧૫૮.૨૧ લાખ કરોડ હતું.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાઈસિસમાં બીએસઈ સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૬૩ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૭૧ ટકા, બીએસઈ મિડકેપ ૧.૦૬ ટકા, બીએસઈ સ્મોલકેપ ૦.૯૫ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૭૪ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૭૭ ટકા, બીએસઈ ઓલકેપ ૦.૭૬ ટકા અને બીએસઈ લાર્જ કેપ ૦.૬૮ ટકા વધ્યા હતા. બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૦ ટકા વધ્યા હતા. સેક્ટરલ ઈન્ડાઈસિસમાં બેઝિક મટિરિયલ્સ ૦.૭૨ ટકા, સીડીજીએસ ૦.૬૯ ટકા, એનર્જી ૦.૨૩ ટકા, એફએમસીજી ૦.૨૬ ટકા, ફઈનાન્સ ૦.૭૮ ટકા, હેલ્થકેર ૦.૭૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૪૮ ટકા વધ્યા હતા.

# છેલ્લા ૧ વર્ષમાં ભારતીય રૂપિયો ડોલર સામે અત્યંત નબળો પડ્યો

નવી દિલ્હી : છેલ્લા એક વર્ષમાં એશિયન દેશોની કરન્સીમાં ભારતીય રૂપિયાનો અત્યાર સુધીનો બદતર દેખાવ રહ્યો છે. જાન્યુઆરી ૨૦૧૯થી અત્યાર સુધીમાં અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં લગભગ બે ટકાનો ઘટાડો થઈ ચૂક્યો છે. જેની સામે થાઈલેન્ડનો બાહત ૬.૩ ટકા, મલેશિયાનો રિંગિટ ૧.૫ ટકા અને ફિલિપાઈન્સનો પેસો ૩ ટકા અમેરિકી ડોલર સામે મજબૂત બન્યા હતા. છેલ્લા એક વર્ષમાં ચાઈનિઝ રેનમિન્બી અમેરિકી ડોલર સામે ૦.૪ ટકા તૂટયો હતો. ઈક્વિનોમિક્સ રિસર્ચ એન્ડ એડવાઈઝરી સિર્વિસિઝના મેનેજિંગ ડિરેક્ટર જી ચોક્કાલિંગમ કહે છે કે, કરન્સીની મજબૂતાઈ અને તે જારી કરનાર દેશના અર્થતંત્રના વિકાસ વચ્ચે સીધો સંબંધ છે. પાકિસ્તાન પાકિસ્તાની રૂપિયાની સ્થિતિ દયનીય બની છે. છેલ્લા ૧૨ મહિનામાં ડોલરની સામે તેનું ૯.૫ ટકા ધોવાણ થયું છે. હાલ ૧૫૪.૪૦ પાકિસ્તાની રૂપિયાની સામે ફક્ત એક ડોલર મળે છે. દક્ષિણ કોરિયા પાકિસ્તાની રૂપિયા પછી દક્ષિણ કોરિયન વોનની સ્થિતિ પણ ગંભીર છે. છેલ્લા એક વર્ષમાં ડોલર સામેના વિનિમય દરમાં વોનમાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. અત્યારે ૧,૧૬૭.૧ વોનની સામે ફક્ત ૧ ડોલર મળે છે.

# જાહેરક્ષેત્રની એકમાત્ર જીવન વીમા કંપની LICની NPA રૂ. ૩૦,૦૦૦ કરોડને પાર

નવી દિલ્હી : સરકારી બેન્કોની નોન-પર્ફોમિંગ એસેટ્સ કૂદકે અને ભૂસકે વધી રહી છે તેમાં કોઈ નવાઈ નથી પરંતુ હંમેશાં સરકાર માટે સંજીવની પુરવાર થતી જાહેરક્ષેત્રની એકમાત્ર જીવન વીમા કંપની એલઆઈસીની એનપીએમાં પણ તોતિંગ વધારો નોંધાયો છે. ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષના પ્રથમ ૬ મહિનામાં સપ્ટેમ્બર ૨૦૧૯ના અંતે એલઆઈસીની એનપીએ રૂપિયા ૩૦,૦૦૦ કરોડને પાર થઈ હતી. તેનો અર્થ એ થયો કે ભારતની એકમાત્ર સરકારી જીવન વીમા કંપનીની એનપીએ એપ્રિલ ૨૦૧૯થી સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી ૬.૧ ટકા પર પહોંચી ગઈ હતી. છેલ્લા પાંચ વર્ષમાં એલઆઈસીની એનપીએ બમણી થઈ ચૂકી છે. પરંતુ ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષના પહેલા ૬ મહિનામાં આ બેન્કોની એનપીએ પણ અનુક્રમે ૭.૩૯ ટકા, ૫.૦૩ ટકા અને ૬.૩૭ ટકા પર પહોંચી છે.

# વૈશ્વિક નિરુત્સાહ : સોનામાં ૫૩નો ઘટાડો, ચાંદી ૪૬,૦૦૦ની અંદર

મુંબઈ: આજની યુરોપિયન સેન્ટ્રલ બૅન્કની નીતિવિષયક બેઠક પૂર્વે વૈશ્રવિક બુલિયન માર્કેટમાં રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે સોનાચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ઘટાડો આવ્યો હતો.

જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ સાત પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરમાં વધારો થતાં ભાવઘટાડો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩ સુધી સિમિત રહ્યો હતો. તેમ જ ચાંદીમાં પણ સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૯૦ ઘટીને રૂ. ૪૬,૦૦૦ની સપાટીની અંદર ઉતરી ગયા હતા.

યુરોપિયન સેન્ટ્રલ બૅન્કની આજની નીતિવિષયક બેઠકની ફળશ્રુતિ પૂર્વે લંડન ખાતે રોકાણકારો સાવચેતીનો અભિગમ અપનાવી નવી લેવાલીથી દૂર રહ્યા હોવાથી આજે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધથી ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૧૫૫૬.૨૦ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ગઈકાલના બંધથી ૦.૧ ટકા ઘટીને ૧૫૫૫.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જોકે, ચીનમાં પ્રસરેલા કોરોના વાયરસની ભીતિને કારણે સોનામાં છૂટીછવાઈ સલામતી માટેની માગ રહેતાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ૩૧ માર્ચ ૨૦૨૦ પછી બેંકોની સ્થિતિ વધુ ગંભીર થવાની શક્યતા : નિષ્ણાંતો

મુંબઈ : નોન-પર્ફોમિંગ એકાઉન્ટ્સ (એનપીએ) દિવસે દિવસે વધી રહ્યાં છે એ જોતાં ૩૧ માર્ચ પછી બેંકોની સ્થિતિ ગંભીર થવાની શક્યતા હોવાનું આર્થિક નિષ્ણાતો માનતા હતા. એક અંદાજ મુજબ અત્યાર પહેલાંજ ૯,૫૦,૦૦૦ કરોડ રૂપિયા જેટલાં નાણાં એનપીએમાં ફસાયેલા હતા. આ પરિસ્થિતિ જોતાં એમ કહી શકાય કે બેંકો એનપીએ નામના ટાઈમ બોમ્બ પર બેઠેલી છે. ગમે ત્યારે આ ટાઈમ બોમ્બનો વિસ્ફોટ થઈ શકે છે. આ પહેલાંના એક અહેવાલ મુજબ ૩,૫૦,૦૦૦ કરોડની લોન પરત ચૂકવાઈ નહોતી. બીજી બાજુ સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડના કર્મચારીઓની લોન તથા ગયાવર્ષના સપ્ટેંબરમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ડૂબી રહેલા અર્થતંત્રને ઊગારવાના પ્રયાસ રૂપે સરળ શરતોએ લોન આપવાના કરેલા આદેશના પગલે એનપીએમાં વધારો થયો હતો.

# ઇસ્લામ ધર્મમાં પડદા (હિજાબ)નું સ્થાન

ભાગ-૨

આ વાતનો સૌથી મોટો પુરાવો છે હજયાત્રા. ઈસ્લામ ધર્મના પાંચ મુળભુત સ્તંભો (અરકાન), જે ફરજીયાત છે, તેમાં ૧. શ્રધ્ધા (ઈમાન), ૨. બંદગી (નમાઝ) ૩. ઉપવાસ (રોઝા), ૪. દાન પુણ્ય (ઝકાત) અને ૫. હજયાત્રા છે. હજયાત્રા સઉદી અરેબીયાના શહેર મક્કામાં વર્ષમાં એકવાર પરિપૂર્ણ કરવામાં આવે છે. આ હજયાત્રાની વિધી દરમ્યાન મુસ્લિમ મહિલાઓ માટે ખાસ આદેશ છે કે તેણીઓ પોતાનું મુખ એટલે કે ચહેરો ખુલ્લો રાખે.

ઉપર આપેલા બે બોધવચનો ૨૪:૩૧ અને ૩૩.૫૯નો ઉપસંહાર એ થાય છે કે મુસ્લિમ મહિલાઓ માટે પડદા (હિજાબ-નીકાબ-બુરખા)નો આદેશ છે અને તે આદેશનો ખુલાસો એ છે કે તેણીઓએ માફકસર અને વાજબી પ્રકારનો પોષાક પરાધીન કરવો જોઈએ કે જેથી તેણીઓના અંગોનું પ્રદર્શન ન થાય, માથું ઢંકાયેલ રહે (માથાના વાળ ન જાહેર થાય) અને શણગાર તથા તેની જગ્યાઓ પારકા પુરુષોની સામે જાહેર ન થાય.

આ સંબંધમાં એ લખવું પણ ઉચિત રહેશે કે કેનેડાની એક મોટી ઈસ્લામી સંસ્થા ''ઈસ્લામીક સુપ્રિમ કાઉન્સીલ ઓફ કેનેડા''ના વડા પ્રોફેસર બદીઉદ્દીન સોહરાવર્દીએ પણ ટોરન્ટો શહેરની એક સ્થાનિક દેશી ટેલીવિઝન ચેનલ પર માર્ચ ૨૦૦૭ના મહિનામાં પોતાના અઠવાડિક વ્યાખ્યાનમાં એ વાતનું અનુમોદન કરેલ છે, જે મેં ઉપર લખેલ છે. તેમણે પણ એ વાત કહેલ છે કે મુસ્લિમ મહિલાઓએ કુરાન મજીદના બોધવચનો અનુસાર પડદો (હિજાબ-નીકાબ-બુરખો) કરવો જોઈએ, અને આ કેવી રીતે કરવો, તે તેણીઓની મરજી પર છે, પરંતુ એ વાતની ખાત્રી સાથે કે તેણીઓના અંગોનું પ્રદર્શન ન થાય, વાળ ઢંકાયેલા રહે, અને શણગાર અને શણગારની જગ્યાઓ પારકા પુરૂષો સામે જાહેર ન થાય, અને તેણીઓ પોતાનું મુખ (ચહેરો) ખુલ્લું રાખી શકે છે, જો તેણીઓ એમ કરવા ચાહે.

આ વિષે બીજી પણ એક મહત્વની વાત જાન્યુઆરી ૨૦૦૭માં ટોરન્ટો શહેરમાં જ બનેલ હતી. એક



સ્થાનિક ઈસ્લામી સંસ્થા ''મિનહાજુલ કુરાન'' ના વડા ડો. મોહંમદ તાહેરૂલ કાદરી જાન્યુઆરી ૨૦૦૭માં પાકિસ્તાનથી ટોરન્ટો આવેલ હતા. સંસ્થાની મીસીસાગામાં આવેલી મસ્જીદમાં વ્યાખ્યાન સમયે તેમણે જોયું કે મસ્જીદમાં જ્યાં મહિલાઓ વ્યાખ્યાન સાંભળવા બેઠી હતી, ત્યાં તેણીઓની અને વ્યાખ્યાન આપનારની વચ્ચે પડદા સમાન વિભાજન (આડભીંત-પાર્ટીશન) રાખવામાં આવેલ હતું. વ્યાખ્યાન દરમ્યાન ડો. તાહેરૂલ કાદરીએ આદેશ આપેલ કે આ વિભાજન ને ન રાખવામાં આવે, જેથી મહિલા શ્રોતાઓ અને વ્યાખ્યાન આપનાર વચ્ચે કોઈ અવરોધ કે અંતરાય ન રહે. તેમણે આદેશ આપેલ કે ભવિષ્યમાં આ વિભાજન - પાર્ટીશન ન હોવું જોઈએ.

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

હજયાત્રા પ્રસંગેના મુસ્લિમ મહિલાઓ માટેના આદેશ તથા ઉપરના બે બનાવોથી એ પુરાવો મળે છે કે મુસ્લિમ મહિલાઓ માટે બુરખો પહેરીને પોતાના પુરા શરીરને ઢાંકી દેવું એ જરૂરી નથી, પરંતુ માફકસર અને વાજબી પોષાક પરાધીન કરવા માટેનો આદેશ છે, જેથી તેણીઓના અંગોનું પ્રદર્શન ન થાય, માથાના વાળ ઢંકાયેલા રહે અને શણગાર અને શણગારની જગ્યાઓ પારકા પુરૂષો સામે જાહેર ન થાય, જે કુરાન મજીદના બોધવચનો અનુસાર છે.

મુસ્લિમ મહિલાઓને બુરખો પહેરીને પુરૂં શરીર ઢાંકી દેવું જોઈએ અને કેવળ આંખોવાળી જગ્યા ખુલ્લી રહેવી જોઈએ (જેથી જોઈ શકાય), આ મત રૂઢીચુસ્ત અભ્યાસીઓનો છે, જેઓ કુરાન મજીદના ઉપર આપેલા બે બોધવચનોનો અર્થ એ પ્રમાણે તારવે છે. આનું ઉદાહરણ સઉદી અરેબીયા અને તાલીબાન સમયનું અફઘાનિસ્તાન છે. અત્રે એ બતાવવું પણ ઉચિત રહેશે કે ટોરન્ટો શહેરના જે બે ધાર્મિક અભ્યાસીઓના પડદા વિષેના તેમના વિચારોના જે ઉદાહરણ આપેલ છે, તેઓ બંનેનો સંબંધ બરેલવી જુથ (મસ્લક)ની સાથે છે. સત્ય તો એ છે કે ઈસ્લામ ધર્મમાં જુથબંધી(મસ્લક પરસ્તી)નું સ્થાનજ નથી. ઈસ્લામ ધર્મને માનનારાઓ મુસ્લિમ અને મોમીન (ઈમાનવાળાઓ) થી જ ઓળખાવા જોઈએ. આ બંને ધાર્મિક અભ્યાસીઓના સંબંધ વિષે લખવાનો હેતુ એ છે કે મુસ્લિમોની એક સંખ્યા બરેલવી જુથવાળાઓને બીજા મુસ્લિમો કરતાં કઈંક વધુ રૂઢિચુસ્ત માને છે. તેમ છતાં આ બંને અભ્યાસીઓએ પડદા વિષે પોતાના વિચારો રૂઢિચુસ્તોનાં વિચારો વિરૂદ્ધ પ્રદર્શિત કર્યા છે, એટલે કે તેમના વિચારો ''પ્રગતિશિલ વિચારો'' છે અને ઈસ્લામ ધર્મના અનુસાર છે.

પડદા (હિજાબ-નીકાબ-બુરખા) વિષે જે ત્રીજું બોધવચન કુરાન મજીદમાં છે, તે કેવળ ઈસ્લામના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના ઘરની મહિલાઓને જ લાગુ પડે છે. આ બોધવચન આ પ્રમાણે છે.

''જ્યારે તમોને પયગંબરની પત્નીઓ પાસેથી કંઈ માંગવું હોય, તો પડદા પાછળથી માંગો, આ તમારા માટે તથા તેણીઓના હ્રદયની શુદ્ધતા માટે વધુ યોગ્ય પદ્ધતિ છે.'' (પ્રકરણ ૩૩, શ્લોક ૫૩નો એક ભાગ)

આ બોધવચનમાં પડદા વિષે સાફ રીતે જે આદેશ આપવામાં આવેલ છે, તે ઈસ્લામના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના ઘરની મહિલાઓ સાથેની લેવડ દેવડ માટેના મામલાઓ માટે છે, અને તેનું કારણ પણ એ બોધવચનમાં આપવામાં આવેલ છે. સત્ય એ છે કે પયગંબર સાહેબ (સ.અ.વ.)ના ઘરની સર્વે મહિલાઓ, તેઓની પત્નીઓ સહિતનું સ્થાન જગતની સર્વે મહિલાઓથી સર્વશ્રેષ્ઠ છે, તેથી તેણીઓની માન મર્યાદા પણ બીજી મહિલાઓ જેવી ન હોવી જોઈએ. માટે તે અનુસાર આ શ્લોક ૩૩:૫૩ના અંતમાં આ મુજબ કહેવામાં આવેલ છે.

''અને એ પણ ઉચિત નથી કે તમે તે (પયગંબર)ના (નિધન) પછી કદાપિ પણ તેની પત્નીઓ સાથે લગ્ન કરો. નિશંસક આ વાત પાલનહાર અલ્લાહની નજીક બહુ ગંભીર છે.'' (પ્રકરણ ૩૩, શ્લોક ૫૩નું અંતિમ વાક્ય)

પડદા (હિજાબ-નીકાબ-બુરખા) વિષે ઉપસંહાર એ છે કે કુરાન મજીદના બોધવચનો અનુસાર મુસ્લિમ મહિલાઓએ પોતાના અંગો, ગુપ્ત ભાગો, શણગાર અને શણગારની જગ્યાઓની રક્ષા કરવાના હેતુને લક્ષમાં રાખીને પડદો જરૂર કરવો જોઈએ અને તે માટે તેણીઓએ માફકસર અને વાજબી પોષાક પરાધીન કરવો જોઈએ.

સમાપ્ત



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**તા.૨૪-૦૧-૨૦૨૦ થી તા. ૩૦-૦૧-૨૦૨૦**

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



## મેષ (અ,લ,ઈ)

આપના આ સપ્તાહમાં દામ્પત્ય જીવનમાં એક બીજાની અનુકૂળતાના કારણે સારી પ્રગતિ કરી શકશો. પણ ધંધાકીય ક્ષેત્રે પ્રગતિમાં હજુ વિલંબ થાય. જે કામ કરવા પાછળ તમે વધુ મહેનત કરશો તે કામ ઉકેલવામાં હજુ વિલંબની સ્થિતિ સર્જાય. કાર્યક્ષેત્રે સહીસિક્કાની બાબતમાં, લખાણની બાબતમાં વિશેષ સાવચેતી રાખવી. પણ આમ, ચતુરાઇ પૂર્વક દરેક કામને ઉકેલી શકશો. પરિવારમાં તમને કયારેક એકલાપણુ લાગશે. વિદ્યાર્થી વર્ગને પણ સફળતા મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે. યાત્રા પ્રવાસમાં સફળતા મળશે.



## વૃષભ (બ,વ,ઉ)

આપના આ સપ્તાહમાં લાગણીશીલ સ્વભાવ, ઉદારવૃત્તિના કારણે કોઇ બનાવટ ન કરી જાય તે બાબતે વિશેષ કાળજી રાખવી. જમીન -મકાનના કાર્યોમાં હજુ ધારેલી સફળતા નહીં મળે. નાજુક પ્રશ્નોમાં ઉતાવળીયા નિર્ણયો કરવા નહીં. મહત્વના કાર્યોમાં વધુ મહેનત ઉઠાવવી પડે. જે કામ કરવા પાછળ તમો વધુ ઉતાવળા બનશો તે કામ વિલંબથી પાર પડે. સ્નેહી મિત્રો સાથે મતભેદનુ વાતાવરણ રહે. નાણાંકીય ભીંસ અનુભવશો. લક્ષ પ્રાપ્તિ માટે અનેક અવરોધોનો સામનો કરવો પડશે.



## મિથુન (ક,છ,ઘ)

આપના આ સપ્તાહમાં કૌટુંબિક સમસ્યા મનને કોરી ખાશે. ભાઈ-બહેન સાથે સંબંધોમાં મધુરતા વધે. નોકરીયાત વર્ગને સ્થળાંતર અથવા સ્થાન પરિવર્તનની ઓફર આવે. જે સ્વીકારી લેવી વધુ હિતાવહ રહેશે. ધંધામાં વધુ લાભ પ્રપ્તિ થાય. દેશ-વિદેશમાં કામ કરવાનો મોકો મળી રહેશે. બ્લડ પ્રેસર અને સંધિવા જેવા રોગો બાબતે તબિયતની કાળજી રાખવી. આત્મવિશ્વાસ સાથે કાર્યો કરવાથી ધારેલી પ્રગતિ થઇ શકશે. મકાન અને જમીનના પ્રશ્નોમાં ઉતાવળીયા નિર્ણયો કરવા નહીં. આમ, સ્વભાવે આનંદી બનશો.



## કર્ક (ડ,હ)

આપના આ સપ્તાહમાં કામકાજની હળવાશને સાનુકૂળતાથી પાર પાડી શકશો. મિત્રવર્ગને મળવાથી મન પ્રસન્ન રહેશે. વિદેશ સ્થિત મિત્રોના શુભ સમાચાર મળે. કાર્યક્ષેત્રે સહકાર્યકર્તાઓનો સહકાર મળી રહેશે. વિદેશી વસ્તુઓથી લાભ થાય. ધાર્મિક ઉત્સવોમાં ભાગ લઇ શકશો. મકાનની ખરીદી કરી શકશો. ધીરાણ મેળવાવમાં સફળતા મળી રહેશે. પરિવારમાં ચાલી રહેલા વિવાદનો અંત આવી શકશે. વ્યવસાયના ક્ષેત્રે વિકાસશીલ આયોજનો કરવા તમારુ મન વધુ વિહવળ બનશે.



## સિંહ (મ,ટ)

આ સપ્તાહમાં તમારી મન:સ્થિતિ સાનુકૂળતાના સંજાગોને કારણે સ્વસ્થ અને પ્રસન્ન રહેશે. કેટલાક મહત્વના કામકાજ આગળ વધતાં જણાય. આર્થિક જાગવાઇ સમયસર થતી રહેશે. બાકી રહેતી રકમો પરત મળવાની સંભાવનાઓ વધુ છે. નિકટ સંબંધીઓ સાથે સંબંધો મધુર રહેશે. દામપત્ય જીવનમાં સર્જાયેલા મતભેદને નિવારી શકશો. કાયદાકીય બાબતમાં વધુ નિષ્ણાંત બનશો. નોકરીયાત વર્ગને કામ કરવામાં ઉત્સાહ જળવાઇ રહેશે. હરિફો, પ્રતિસ્પર્ધીઓ પર વિજય મેળવી શકશો.



## કન્યા (પ,ઠ,ણ)

આપના આ સપ્તાહમાં માનસિક શાંતિનો અનુભવ કરી શકશો. તમારા ધંધાકીય કામકાજને વેગ મળી રહેશે. યાત્રા પ્રવાસના કારણે મન પ્રસન્ન રહેશે. ધાર્યા કાર્યો પાર પાડવામાં વડીલો, મિત્રોનો સહકાર મળી રહેશે. ઘરમાં શુભ માંગલિક પ્રસંગોની ઉજવણી થાય. ગૃ હજીવનમાં મધુરતા જળવાઇ રહેશે. વિદેશી સંબંધોથી લાભ માટે અનુકૂળ સંજાગો સર્જાય. નવીન રોકાણો માટે આર્થિક જાગવાઇ ઉભી કરી શકશો. ભાગીદારીમાં વધુ વિશ્વાસે ચાલવુ કયારેક હાનિકારક બને. કાર્યક્ષેત્રના વિકાસ બાબતે અનુકૂળ યોગો બને છે.



## તુલા (ર,ત)

આપના આ સપ્તાહમાં તમારી મન:સ્થિતિ સાનુકૂળતાના સંજાગોના કારણે સ્વસ્થ અને પ્રસન્ન રહી શકશો. કેટલાક મહત્વના કામકાજા આગળ વધતાં જણાય. આર્થિક જાગવાઇ ઉભી કરી શકસશો. લેણી રકમો, ઉઘરાણી બાબતના કામકાજ સરળતાવાળા રહેશે. નિકટ સંબંધસઓ નુ વલણ સાનુકૂળ રહેશે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદને શાંતિથી પસાર કરી શકશો. કાયદાકીય બાબતમાં નિષ્ણાંત બનશો. નોકરીયાત વર્ગને કામ કરવામાં ઉત્સાહ જળવાઇ રહેશે. હરિફો, પ્રતિસ્પર્ધીઓ પર વિજય મેળવી શકશો.



## વૃશ્રિક (ન,ય)

આપના આ સપ્તાહમાં માનસિક સ્વસ્થતા હણાઇ જાય એવા સંજાગો કંઇને કંઇ બન્યા કરશે. જેથી તમને માનસિક અશાંતિ અનુભવશો. દામ્પત્ય જીવનમાં વિના કારણે મતભેદની સ્થિતિ સર્જાય. કાર્યક્ષેત્રે સહીસિક્કાની બાબતમાં અને લખાણની બાબતમાં વધુ સ્પષ્ટ રહેવુ લાભદાયી રહે. મકાન -મિલ્કતના કેસમાં હજુ નિરાકરણ આવે નહીં. પારવારિક જીવનમાં પણ નાની નાની બાબતોમાં પારવારિક સભ્યો સાથે વૈચારિક મતભેદની સ્થિતિ રહે. આરોગ્ય બાબતે પણ આ સપ્તાહમાં બેદરકારી રાખવી નહીં.



## ધન (ધ,ભ,ફ,ઢ)

આ સપ્તાહમાં તમારા ધંધાકીય કાર્ય અને લાભદાયી તથા પ્રગતિકારક સંજાગોનુ નિર્માણ થશે. નોકરીયાત વર્ગને વિજય સફળતા ના યોગો બને છે. નાણાંકીય મુંઝવણ માંથી બહાર આવી શકશો. મકાન-જમીનના પ્રશ્નો હજુ ગૂંચવતા લાગે. માનસિક રીતે હજુ શાંતિનો અનુભવ થાય નહીં. આમ, જીવનમાં મધુરતા જળવાઇ રહેશે. ઘરમાં શુભ માંગલિક પ્રસંગો ઉજવાય. ધાર્યા કાર્યો પાર પાડવા માટે તત્પર રહેવું. સંતાનની પ્રગતિ જળવાઇ રહેશે. યોગ્ય દિશામાં શ્રેષ્ઠ પુરુષાર્થ કરવાથી લાભની ટકાવારીમાં વધારો થાય.



## મકર (ખ,જ)

આપના આ સપ્તાહમાં શ્રધ્ધા બળમાં વૃધ્ધિ થાય. નવા આયોજન સારી રીતે પાર પાડી શકશો. નવીન કાર્યરચના સાકાર થાય. જીવનજરુરિયાત ની વસ્તુઓની ચીજવસ્તુઓની ખરીદી કરી શકશો. પરિવારમાં સુમેળભયુ વાતાવરણ જળવાઇ રહેશે. લગ્નજીવનમાં સ્નેહ અને લાગણીનુ આધિપત્ય જળવાઇ રહેશે. હરિફો પર વિજય મેળવી શકશો. વ્યવસાય અને વ્યાપાર માટેની મોટી તકો મળી રહેશે. પત્નીના પ્રોત્સાહનથી કાર્યક્ષેત્રે કુશળતાપૂર્વક કામગીરી બજાવી શકશો. સંતાનની ચિંતા હળવી થાય.



## કુંભ (ગ,સ,શ,ષ)

આપના આ સપ્તાહમાં પરિવારમાં થતાં વિખવાદનો અંત આવી શકશે. આશા અને ઉત્સાહ સાથે જે કામ કરવા ઇચ્છતા હશો તે કામ આસાની થી થઇ શકશે. માનસિક ચિંતા ઉકેલાવાથી મનને શાંતિનુ વાતાવરણ મળે. દામ્પત્ય જીવનમાં એક બીજાનુ વલણ પ્રોત્સાહક બને.આર્થિક સમૃધ્ધિમાં વધારો થાય. જાહેર સામાજિક પ્રવૃ ત્તિઓના કારણે માન-સન્માનમાં વધારો થાય. ભાડાના મકાનની ચિંતા જે ઘણા સમયથી ચાલતી હતી તે હવે દૂર થશે. ધંધાકીય આયોજન વિના વિલંબે પાર પડે.



## મીન (દ,ચ,ઝ,થ)

સપ્તાહ દરમ્યાન એટલા વ્યસ્ત રહેશો કે પરિવારના સભ્યો તરફ વધુ ધ્યાન આપી શકાય નહીં. કુંટુંબીજનો સાથે પણ સંબંધોમાં કડવાશ વધે. સહકાર્યકર્તાઓ ના સહકારના અભાવના કારણે મન વધુ વ્યગ્ર બનશે. શત્રુઓ પર વિજય મેળવવામાં મુશ્કેલી નડે. આ જ સુધી જે ઇચ્છા પૂર્તિ કરતાંની સાથે જ પૂરી થતી હતી હવે તેમાં થોડા વિઘ્ને આવે. મસ્તક, આંતરડાની બિમારીમાં રાહત જેવું જણાય નહીં. કોઇ તમારા સરળ સ્વભાવનો ગેરલાભ ન ઉઠાવે તે બાબતે કાળજી રાખવી.

# કુંડળીમાં રહેલા નબળાં ગ્રહોને આ મંત્રજાપો કરી બનાવો વધુ બળવાન

ગ્રહોનાં બીજ મંત્ર ખૂબજ શક્તિમાન હોય છે. જ્યોતિષમાં નવ ગ્રહ જણાવ્યા છે. આ નવ ગ્રહ છે સૂર્ય, ચંદ્દ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ.શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે, કોઈપણ મંત્રની શક્તિ તેનાં બીજ મંત્રમાં સમાયેલી હોય છે.આ મંત્રોથી અશુભ ગ્રહો પણ શુભ થઈ જાય છે. ગ્રહોની શાંતિ માટે આ બીજ મંત્ર કારગાર સાબિત થાય છે. ગ્રહનાં બીજ મંત્રથી જીવનમાં આવનારી તમામ પ્રકારની સમસ્યાઓ દૂર થઈ જાય છે.



૯ ગ્રહમાંથી કોઈ એક ગ્રહ પણ અશુભ સ્થિતિમાં હોય તો માણસને પરેશાનીઓનો સામનો કરવું પડી શકે છે. અશુભ ગ્રહના ખરાબ અસરને ઓછા કરવા માટે તે ગ્રહના મંત્રનો જાપ કરવો જોઈએ. બધા ૯ ગ્રહના જુદાજુદા મંત્ર જણાવ્યા છે. અહીં જાપ કયાં ગ્રહ માટે ક્યાં મંત્રનો જાપ કરવા જોઈએ.

**ૐ સૂર્યાય નમ:**

આ મંત્રનો જાપ કરવાથી સૂર્યના દોષ ઓછા થાય છે. દરરોજ સવારે સૂર્યોદય સમયે ૧૦૮ વખત આ મંત્રનો જાપ કરવો.

**ૐ સોમાય નમ:**

આ મંત્રનો જાપ કરવાથી ચંદ્રના દોષ ઓછા થાય છે. સંધ્યા કાળ સમયે ૧૦૮ વખત આ મંત્રનો જાપ કરવો.

**ૐ ભૌમાય નમ:**

આ મંત્રનો જાપ કરવાથી મંગળના દોષ ઓછા થાય છે. દરરોજ સવારે ૧૦૮ વખત આ મંત્રનો જાપ કરવો.

**ૐ બુધાય નમ:**

આ મંત્રનો જાપ કરવાથી બુધના દોષ ઓછા થાય છે. આખા દિવસમાં ગમે તે સમયે આપ આ મંત્રનો ૧૦૮ વખત જાપ કરી શકો છો.

**ૐ બૃહસ્પતે નમ:**

આ મંત્રનો જાપ કરવાથી ગુરૂ ગ્રહના દોષ ઓછા થાય છે. દરરોજ સંધ્યાકાળે ૧૦૮ વખત આ મંત્રનો જાપ કરવો.

**ૐ શુક્રાય નમ:**

આ મંત્રનો જાપ કરવાથી શુક્ર ગ્રહના દોષ ઓછા થાય છે. સૂર્યોદય સમયે આ મંત્રનો ૧૦૮ વખત જાપ કરવો.

**ૐ શનૈશ્ચરાય નમ:**

આ મંત્રનો જાપ કરવાથી શનિના દોષ ઓછા થાય છે. સંધ્યાકાળ સમયે ૧૦૮ વખત જાપ કરવો.

**ૐ રાહવે નમ:**

આ મંત્રનો જાપ કરવાથી રાહુના દોષ ઓછા થાય છે. મંત્રનો દરરોજ રાત્રે ૧૦૮ વખત જાપ કરવો.

**ૐ કેતવે નમ:**

આ મંત્રનો જાપ કરવાથી કેતુના દોષ ઓછા થાય છે. મંત્રને રાત્રીનાં સમયે ૧૦૮ વખત જાપ કરવો.

# આ ચાર રાશિની યુવતીઓ તમારી જીવન સંગીની બની તો કિસ્મત ચમકી જશે



માણસ જ્યારે થાકીને આવે ત્યારે ઘરમાં તેને શાંતી મળે તેવી ઈચ્છા તો સૌ કોઈની હોય છે. દરેક વ્યક્તિ એવું ઈચ્છે કે તેમનો પાર્ટનર એવો હોય જે તેને ખુબજ પ્રેમ કરે સમજી શકે. કોઈ પોતાની નાની નાની વાતોની કાળજી રાકે તો કેટલી ખુશી મળે. જો તમે પણ આવા પાર્ટનરની તલાશમાં છો તો આજે ખાસ તમારા માટે ૪ રાશિઓ લઈને આવ્યા છીએ જે જો તમારી લાઈફમાં હોય તો સમજો તમારી કિસ્મત ખુલી જાય.

## કુંભ રાશિ

કુંભ રાશિની યુવતીઓનો સ્વભાવ ખુબજ શર્મીલો અને શાંત હોય છે. પ્રેમમાં પડનાર આ રાશિની યુવતીઓ સ્વીકાર કરતા ખચકાય છે. લોકો તેના અંગે કેવું વિચારશે તે પહેલા વિચારી લે છે. પોતાના કેરીંગ નેચરલના કારણે સૌ કોઈનું મન જીતી લેતી હોય છે. સ્વાભિમાનને લઈને હંમેશા રહે છે એલર્ટ. તેમના દયાળુ સ્વભાવના કારણે હંમેશા મદદ કરે છે.

## મિથુન રાશિ

આ રાશિની યુવતીઓ તેના પાર્ટનરની ખુબજ કાળજી રાખે છે. એક વખત પ્રેમમાં પડે પછી ક્યારેય પાછી ફરીને જોતી નથી. ખુશમિજાજ અને કેરિંગ નેચરથી તે પોતાની આસપાસના દરેક સભ્યની લોકપ્રિય હોય છે. પાર્ટનર સાથે બસ એક કપ ચા કે કોફી મળી જાય તો તે ખુશખુશાલ થઈ જાય છે.

## કર્ક રાશિ

જો તમારો પાર્ટનર કર્ક રાશિનો હશે તો તમે સમજો ખુબજ લકી છો. વફાદાર અને ઈમાનદાર સ્વભાવથી હંમેશા તમારો સાથ નિભાવશે. આ રાશિની યુવતીઓ જેને પણ પ્રેમ કરે સમજો તેના પર જાન ન્યૌછાવર કરી દેતી હોય છે. પાર્ટનર જ નહી આખા પરિવારની કાળજી લે છે આ રાશિની યુવતીઓ.

## વૃશ્ચિક રાશિ

આ રાશિની યુવતીઓ તેના પાર્ટનરને ખુબજ સમર્પિત હોય છે. પોતાના પાર્ટનરને એટલો પ્રેમ કરે છે કે તેને કોઈ વાતની કમી નથી રહેતી. ધૈર્ય અને શાંત સ્વભાવથી તે જીતી લે છે સૌ કોઈના મન. ગમે તેવી મુશ્કેલીઓ આવે તે રસ્તો કાઢી લેતી હોય છે. આ રાશિની યુવતી ક્યારેય પણ મુશ્કેલીનો સામનો કરવાથી ડરતી નથી.

## વુમન વર્લ્ડ

### રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે યુપીમાં બનશે દેશનું પ્રથમ કિન્નર વિશ્વવિદ્યાલય



ઉત્તરપ્રદેશના કુશીનગરમાં દેશના પ્રથમ કિન્નર વિશ્વવિદ્યાલયનું ખાતમુહૂર્ત થયું જ્યાં એમને પ્રાથમિકતાતી લઈને ઉચ્ચ શિક્ષણ મફત આપવામાં આવશે. કિન્નર સમાજને મુખ્ય ધારાથી જોડવા માટે અખિલ ભારતીય કિન્નર શિક્ષા સેવા ટ્રસ્ટે આ પહેલા કરી છે. ટ્રસ્ટના અધ્યક્ષ ડો. કૃષ્ણ મોહન અનુસાર આના નિર્માણમાં રૂપિયા ૨૦૦ કરોડનો ખર્ચ થશે. દુનિયાના કોઈ પણ દેશના કિન્નર અહીં પ્રવેશ મેલવી શકે છે.

### સામાજિક કાર્યકર્તા અને નોબેલ પુરસ્કાર વિજેતા મલાલા વિશ્વની લોકપ્રિય કિશોરી



સંયુક્ત રાષ્ટ્ર ક્રિકેટ ઈન રીવ્યુ રિપોર્ટમાં પાકિસ્તાનની સામાજિક કાર્યકર્તા અને નોબેલ પુરસ્કાર વિજેતા મલાલા યુસૂફ જઈને વિશ્વની લોકપ્રિય કિશોરી જાહેર કરી છે. આ સમીક્ષા રિપોર્ટમાં ૨૦૧૦ના મધ્યતી લઈ ૨૦૧૩ના અંત સુધીના કાર્યક્રમોને સામેલ કરવામાં આવ્યા છે. ૨૦૧૪માં મલાલાને નોબેલ પુરસ્કાર (શાંતિ)થી સન્માનિત કરવામાં આવી હતી. એ સૌથી નાની ઉંમરે આ સિદ્ધિ મેળવનાર વ્યકિત છે. તાલિબાની આંતકવાદીઓએ એને ગોળી મારી હોવા છતાં તેણે છોકરીઓના શિક્ષણ માટે કામ કરવાનું ચાલું રાખ્યું. ૨૦૧૭માં યુએને મલાલાને પોતાની શાંતિદૂત પણ બનાવી હતી. ૨૨ વર્ષીય મલાલાની ટીન વોગ મેગેઝિને હમણાં જ કવર પર્સન તરીકે પસંદગી કરી હતી.

### મુળ ઈન્ડિયન યુવતી અંજલિ નાયરે મિસ ટીન વર્જીનિયા તરીકે વિજેતા બની



અમેરિકાના વર્જીનિયામાં સાયન્સ એન્ડ ટેકનોલોજીનો અભ્યાસ કરતી ઈન્ડિયન અમેરિકન યુવતી અંજલિ નાયરે મિસ ટીન વર્જીનિયા તરીકે વિજેતા બન્યા બાદ ૨૦૧૯-૨૦૨૦ની રાષ્ટ્રીય કક્ષાની સૌંદર્ય સ્પર્ધામાં વર્જિનિયાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જેમાં મિસ ટીન સૌંદર્યુ સ્પર્ધાનો તાજ મેળવવા તે નસીબદાર બની હતી. આ અગાઉ તે ૨૦૧૬ની સાલમાં મિસ પ્રિ-ટીન સ્પર્ધામાં ફર્સ્ટ રનર્સ અપ બની હતી. રાષ્ટ્રીય કક્ષાની સૌંદર્ય સ્પર્ધા વિજેતાનો તાજ મેળવ્યા બાદ હવે તે ૨૦૨૦ની સાલમાં અમેરિકાના જુદા જુદા સ્ટેટનો પ્રવાસ કરશે તથા ફોટો શૂટ, ફેશન શો સહિતના પોગ્રામમાં ભાગ લેશે. તેણે નવી પેઢીની યુવતીઓને પ્રેરણા આપવાનું નક્કી કર્યું છે. તેણે એનિમલ વેલ્ફેર ક્ષેત્રે પણ કામ કરવા આતુર હોવાનું જણાવ્યું હતું.

## અપનાવો આ હેલ્થ ટીપ્સ




આદુના તાજા રસમાં આખી મેથીનું પલાળેલું પાણી તેમજ મધ ભેળવીને પીવાથી દમના દરદીને તાત્કાલિક ફાયદો થાય છે. ચોખામાં ચૂનાનો ટુકડો મુકવાથી જીવાત નથી પડતી.

લીંબુ તથા સંતરાની છાલને સુકવી તેનો પાવડર બનાવી શીશીમાં ભરી રાખવો. મલાઈ વગરના દૂધમાં ભેળવીને લગાડવાથી ત્વચા ચમકીલી થાય છે.અઠવાડિયામાં એક વાર કરવું. માઈગ્રેનથી રાહત પામવા કોલીફ્લાવરને છૂંદી એક સુતરાઉ કાપડ પર પાથરી કપાળે મૂકવું. સવારે અથવા સાંજે ગમે ત્યારે મૂકી શકાય. સુકાઈ જાય એટલે નવી પેસ્ટ બાંધવી.

છોલે કે રાજમા પલાળતા ભૂલી ગયા હોય તો ઉકાળેલા પાણીમાં ચપટી સોડા નાખી પલાળી એક કલાક બાદ રાંધી શકાય છે.

ટામેટાના ડિટિંયા પર થોડુ ંમીણ લગાડીને રાખવાથી ટામેટા લાંબા સમય સુધી તાજા રાખી શકાય છે. કારેલાની કડવાશ દૂર કરવા ભાતના ઓસાવેલા પાણીમાં અડધો કલાક પલાળી રાખીને રાંધવા.

ટામેટાનો સૂપ બનાવતી વખતે થોડુ ંગાજર પણ નાખવાથી રંગ તથા સ્વાદ બનને સુધરે છે.

તજનો ભૂક્કો અને હિંગ દુખતા દાંતની પોલાણમાં મુકવાથી રાહત થાય છે. માસિક ધર્મમાં પેટ દુખવાનું મુખ્ય કારણ પેટમાં ભરાવો થતા વાયુનો હોય છે.તેથીઅજમાનું ચુરણ લાભકારી નીવડે છે.૨૦ ગ્રામ અજમાના ચુરણમાં ૧૦ ગ્રામ સિંધવ ભેળવવું આ મિશ્રણ શીશીમાં ભરી રાખવું.માસિક ધર્મ દરમિયાન પેટના દુખાવામાં ત્રણ ગ્રામની માત્રામાં તેનું સેવન કરવાથી રાહત થશે.

ભોજન બાદ વરિયાળી ખાવાથી ભોજન સરળતાથી પચે છે. વરિયાળી ચાવવાથી પેટ હળવું રહે છે. હાથની સુદરતા જાળવી રાખવા માટે મલાઈમાં લીંબુનો રસ ભેળવી આંગળીઓ પર લગાડવું. આ નુસખો નિત્ય સૂતાં પહેલાં અજમાવવો.

## પનીર હાંડી બિરીયાની



**સામગ્રી :** બે કપ બાસમતી ચોખા, ચાર નંગ લવીંગ, ચાર નંગ નાની લીલી એલચી, એક તમાલ પત્ર, પાંચ નંગ આખી મરી, પાંચ સો ગ્રામ પનીર, બે કાંદાની પેસ્ટ, એક ચમચી આદુ-લસણની પેસ્ટ, બે મોટા ચમચા ટામેટાંની પ્યુરી, અડધી ચમચી લાલ મરચાંનો પાઉડર, પા ચમચી હળદર પાઉડર, એક ચમચી ગરમ મસાલા પાઉડર, અડધો કપ દહીં (ફેટેલી), એક મોટો ચમચો બારીક સમારેલો ફુદીનો, બે મોટા ચમચા શુધ્ધ ઘી, એક મોટો ચમચો વરિયાળીનો પાઉડર અને તેલ.

**રીત :** ચોખા ધોઈને ચાર કપ પાણી સાથે લવિંગ, લીલી એલચી, તમાલપત્ર, મરી અને મીઠું નાખી રાંધવા મુકો. ભાત અડધા રંધાય એટલે ઓસાવી લો. કડાઈમાં એક મોટો ચમચો તેલ નાખી કાંદાની પેસ્ટ શેકો, તેમાં ટામેટાંની પ્યુરી નાખો. તેમાં મીઠું, લાલ મરચાં, હળદર, એક ચપટી ગરમ મસાલો નાખી વધુ શેકો, પનીરના નાના નાના ટુકડા કાપી તેમાં નાખી થોડી વધુ વાર શેકો. ગેસ પરથી ઉતારી અલગ રાખી દો. એક હાંડીમાં થોડા રાંધેલા ભાત પાથરો. તેની ઉપર ફેંટેલુ દહીં પાથરો. તેની ઉપર પનીરનું શાક પાથરી શુધ્ધ ઘી, ગરમ મસાલો અને વરિયાળીનું પાઉડર છાંટો. ફરી પાછું ભાતનું થર અને અન્ય સામગ્રી પાથરો. છેલ્લે ભાત પથરાઈ જાય પછી તેના ઉપર બારીક સમારેલો ફુદીનો, તેલમાં શેકેલા કાંદા અને કોથમીર પાથરો. હાંડીને ઢાંકીને ઢાંકણને બાંધેલા લોટ વડે સીલ કરી દમ પર ધીમી આંચ પર સાતથી આઠ મિનિટ રાખો. સ્વાદિષ્ટ હાંડી બિરયાની તૈયાર થઈ જશે.

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | | ૭ |
| | ■ | ૮ | | | ૯ | ■ | | ■ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | |
| ■ | | ■ | ૧૫ | ■ | ૧૬ | ૧૭ | ■ | | ■ |
| ૧૮ | | ૧૯ | | ■ | ■ | ૨૦ | ૨૧ | | ૨૨ |
| | ■ | | ■ | ૨૩ | ૨૪ | ■ | | ■ | |
| ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | | ■ | ૨૮ | | |
| ■ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | ■ | ■ | ■ |
| ૩૧ | ■ | | ૩૨ | | ૩૩ | | ■ | ૩૪ | ૩૫ |
| ૩૬ | | ■ | | ૩૭ | | ■ | ૩૮ | | |

**આડી ચાવી :**

(૧) શારંગપાણિ, વિષ્ણુ (૫)
(૫) બધી દિશામાં, રફેદફે (૪)
(૮) અણધારી આફત (૪)
(૧૦) ક્ષણ, પળ (૩)
(૧૨) બહાનું, મેશ (૨)
(૧૩) આધાર, ભરોસો (૩)
(૧૬) વેલ (૨)
(૧૮) મજૂર, વૈતરો (૪)
(૨૦) અંદેશો, વહેમ (૪)
(૨૩) તેજ, ભપકો (૨)
(૨૫) જૂઠું બોલવાની ટેવવાળું (૩)
(૨૭) કીર્તિ (૨)
(૨૮) કલ્પનો અંત, રડારોળ (૩)
(૨૯) અધમ, ડાબું (૨)
(૩૧) પડતી હાલત (૨)
(૩૨) સમૂળગું, સાથે લાગું (૪)
(૩૪) આંકો, કાપ (૨)
(૩૬) કૃપાળુ, પરમેશ્વર (૩)
(૩૭) ખુશી, હરખ (૨)
(૩૮) એદીપણું, સુસ્તી (૩)

**ઊભી ચાવી**

(૧) ડહાપણ, શાણપણ (૩)
(૨) મગ્ન, લીન (૩)
(૩) નિશાની, વાવટો (૨)
(૪) ચીજ, દાગીનો (૩)
(૬) મુસ્લિમ વૈદ (૩)
(૭) મીઠી ટીકા (૩)
(૯) તકલાદી, દુર્બળ (૩)
(૧૧) જુવાન સુંદર સ્ત્રી (૩)
(૧૪) અસુર, રાક્ષસ (૩)
(૧૫) કંદોરો (૨)
(૧૭) જ્વર, બુખાર (૩)
(૧૮) ઓકી કાઢેલું (૩)
(૧૯) વિષ્ણુનું વાહન (૩)
(૨૧) પાકો રસ્તો (૩)
(૨૨) ...એવી અસર (૩)
(૨૩) દહાડિયો (૫)
(૨૪) નસ, નાડી (૨)
(૨૬) નકામું, બોદલું (૪)
(૨૯) ગંધ, પોળ (૨)
(૩૦) મોટું ટોળું (૨)
(૩૧) કિંમત, દરવાજો (૨)
(૩૩) ઉપરાંત, વધારામાં (૨)
(૩૪) ક્રોધ, દુકાળ (૨)
(૩૫) વિ.સં.નો ત્રીજો માસ (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૫

# તારા વગર હું ક્ષણભર પણ જીવી શકું તેમ નથી

નામ તો એનું આસીતા, પણ ઘરમાં એને સૌ 'આસી' કહીને બોલાવતાં.

અમદાવાદની વિખ્યાત કૉલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી આસીતા વિનયી અને નમ્ર સ્વભાવથી સૌ કોઈની પ્રિય થઈ પડેલી. ઈર્ષાનો પણ તેનામાં સંપૂર્ણ અભાવ. ઉજ્જ્વળ કારકિર્દી એ એનું સૌથી ઊજળું પાસું. હૉસ્ટેલમાં રહેલી આસીતાને એક બપોરે કૉલેજથી પાછી આવી ત્યારે હૉસ્ટેલનાં લેટર બૉક્સમાં એક પત્ર પડેલો. 'મમ્મીએ લખ્યો લાગે છે' મનોમન વિચારતાં તે પત્ર લઈ સીધી રૂમમાં ચાલી ગઈ.

પત્રમાં લખ્યું હતું :

'ચિ. આસી,

કુશળ હોઈશ. ચાર દિવસ માટે ઘેર આવી જાય તો સારું. અભ્યાસ-કાર્ય ચાલતું હશે, પણ અત્રે તારી હાજરી અનિવાર્ય છે. તારા બાપુજીનો આગ્રહ છે.

તારા ભાઈ અમરે યાદ લખાવડાવી છે.

લિ. તારી મમ્મી !'

'લે કર વાત, આ તો પત્ર કે તાર સંદેશો ?' આસીતા પત્રને જોઈ બોલી ઊઠી અને મનમાં વિચારી રહી. 'આ લોકોય કેવાં છે. એક તો ચાલુ કૉલેજે ઘેર બોલાવે છે અને તેમાંયે સસ્પેન્સ. કારણ તો આપ્યું જ નથી. ખરાં છે બધાં !'

બીજા દિવસે બપોરે કૉલેજ ભરીને હૉસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટની રજા લઈ તે સુરત આવવા નીકળી.

દરમિયાન તેનું મન અને મગજ અવનવા વિચારો અને વમળોમાં અટવાઈ રહ્યું. મુસાફરી લાંબી હતી છતાંયે તેની આંખ ઘડીભર માટે પણ મળી શકી નહીં.

'શું એટલા માટે તો મને નહીં બોલાવી હોય ? ના ના. તો પછી ભાઈ-ભાભી ઝઘડ્યાં નહીં હોય ને. આ વખતે ઘણા દિવસે મમ્મીએ પત્ર લખ્યો છે, એટલે કદાચ મમ્મી-પપ્પાને તો બોલવું નહીં પડ્યું હોયને ? પણ એમાં હું શું કરવાની છે ?'

જાતજાતના તર્ક દોડાવતી આસીતા ઘેર પહોંચી ત્યારે ઘરનું આનંદમયી વાતાવરણ જોઈ તેનો ભ્રમ ભાંગી ગયો. એની તેને ખુશી પણ થઈ કે, 'હાશ સબ સલામત છે.'

જાણે કે બધાં આસીતાની જ રાહ જોઈને બેઠાં હોય તેમ સૌ હાજર હતાં.

ભાઈ-ભાભી, મમ્મી-પપ્પા સૌ સાથે બેસીને ગપ્પાં મારી રહ્યાં હતાં.

આસીતાને જોતાં જ, 'તું આવી ગઈ આસી ! ચાલ બહુ સારું થયું !'

અમર બોલી ઊઠ્યો.

ભાભીએ દોડીને તેના હાથમાંથી બૅગ લઈ લીધી. મમ્મીએ તેનો હાથ ચૂમી લીધો. જાડા કાચના ચશ્માંમાંથી ઝીણું ઝીણું જોઈ નજર ફેંકતાં પપ્પા એટલું

જ બોલ્યા : 'કેમ છે બેટા તારી તબિયત ?'

'ફર્સ્ટ ક્લાસ, પપ્પા, પણ કેમ એકદમ મને.'

'એ વાત નિરાંતે કરીશું. હમણાં ચાલો જમી લઈએ.'

મમ્મીએ ઑર્ડર કર્યો. મોડી રાત્રે ફરી સૌ ડ્રોઈંગરૂમમાં ગોઠવાયાં. મમ્મીએ હળવેથી વાત ઉપાડી : 'હવે તારે એક જ વર્ષ બાકી છે ને આસી ?'

'બી.એ. માટે એક વર્ષ, પણ એમ.એ. માટે વધુ બે.' આશ્ચર્ય પામતી હોય એમ આસીતાએ ટૂંકો ઉત્તર વાળ્યો.

'એમ.એ. તો તારી સાસરીમાં જઈને કરજે. અમે તો તને બી.એ. પછી પરણાવી દેવા માગીએ છીએ.' ભાઈ અમરે ધડાકો કર્યો અને આસીતાએ સહેજ ચોંકી ગયાનો ભાવ અનુભવ્યો.

થોડીક ક્ષણો સુધી તેણે આશ્ચર્યજનક મૌન સેવ્યું. તેના પ્રત્યાઘાત માટે સૌની આતુરતા વધી ગઈ. આખરે મમ્મીએ જ ઉમેર્યું : 'હા બેટા, ત્રણ:ચાર જગ્યાએથી પુછાવ્યું છે. પરિવાર સારો છે. બે એન્જિનિયરિંગમાં છે. એક છોકરો આઈ.એ.એસ.ની તૈયારી કરે છે. અમારી ઈચ્છા એને માટે સવિશેષ છે. હવે બધો આધાર તારી પર છે. લે આ તસવીરો.'

તસવીરોને હાથમાં લીધી પણ એ તરફ જોયા વિના જ આસીતા કોઈ વિચિત્ર ભાવે મમ્મી તરફ જોઈ રહી. મમ્મીની આંખોમાં વાત્સલ્ય સિવાય કશું નહોતું. પણ આસીતાની આંખોમાં આટલી બધી સંવેદનશીલતાનાં દર્શન મમ્મીને આજે જ થયાં.

'હમણાં શું ઉતાવળ છે ?' અત્યંત ધીમા પડી ગયેલા સ્વરે આસીતા બોલી.

અત્યાર સુધી ચૂપ બેઠેલા પપ્પાએ કહ્યું : 'કોઈ જ ઉતાવળ નથી બેટા.

હમણાં તો ચાર દિવસ તારે અહીં જ રહેવાનું છે. તારાં ભાભીને વ્રત ઊજવવાનું છે એટલે તારે રહેવાનું જ છે. તારી ઈચ્છા વિરુદ્ધ કશું જ નથી કરવું. એ સિવાય

પણ...' એ વાક્ય અધૂરું જ રહ્યું.

આસીતા ડ્રોઈંગરૂમ છોડી ઉપર ચાલી ગઈ.

પહેલી જ વાર આસીતાનાં વર્તનમાં ન સમજી શકાય તેવો ફેરફાર જોઈ સૌ મૂંઝાઈ રહ્યાં. પણ આસીતાને બળજબરીથી ક્યાંયે વળાવી દેવા માગતા નહોતાં એ કારણે સૌ ચિંતામુક્ત હતાં.

તે રાત્રે મોડા સુધી આસીતાનાં રૂમની લાઈટ ચાલુ રહી. આ બાજુ એની મમ્મીને પણ ઊંઘ નહોતી આવતી. ઊઠીને તેઓ આસીતાના ખંડમાં આવ્યાં.

આસીતા ઊંઘી ગઈ હતી પણ ટેબલ પર માથું મૂકીને, ખુરશીમાં બેઠાંબેઠાં જ. ગાલની નીચે કોઈ પત્ર દબાયેલો હતો.

ધીમેથી તેણે આસીતાના માથે હાથ ફેરવ્યો અને પત્ર તરફ નજર નાખી,

'પ્રિય રાજુ...' એટલું વાંચી શકાતું હતું.

'અરરર... આટલા માટે ! તારી ઈચ્છા વિરુદ્ધ અમે કાંઈ જ કરવાનાં નથી.' મનોમન વિચારતાં તેમણે આસીતાના કપાળે વિખરાઈ ગયેલા વાળને સરખા કર્યા અને આસીતા જાગી ગઈ.




**માફ કરજે. મારે ચાર દિવસ સુધી ઘેર રહેવું પડે તેમ છે. મમ્મીના પત્ર અંગે મેં તને વાત કરી હતી. અહીં બધાંની ઈચ્છા મને પરણાવી દેવાની છે. બેત્રણ છોકરાઓ પણ જોઈ રાખ્યા છે. એમની તસવીરો પણ મારી સામે જ પડી છે. દેખાવમાં ત્રણે જણ સુંદર છે પણ તું મારા હૈયાની વાત જાણે જ છે. ચાર દિવસ માટે તારું મોં ન જોવું એ મારા માટે ચાર જુગ સમાન છે. એમ પણ થાય છે કે કાલે જ પાછી અમદાવાદ આવી જાઉં, પણ ભાભીનું વ્રત ચાલે છે.**

'ઓહ ! તું છે મમ્મી !' તેણે ચોંકી જતાં પૂછ્યું.

'હવે ઊંઘી જા બેટા, રાતનો એક વાગ્યો છે.' કહેતાં તેણે રોશની બુઝાવી દીધી અને તેઓ જાતે પણ આસીતાને સોડમાં લઈ સૂતાં. આજે ફરીથી નાનલી આસી, કાલી કાલી આસી બાળસહજ ભાવે મમ્મીની સોડમાં લપાઈ ગઈ. આખા દિવસમાં તેને અત્યારે જ સાંત્વન મળ્યું હતું.

બાળકીની જેમ વળગી પડેલી આસીને જોઈને મમ્મીના હૈયામાં જાણે કે લાગણીનું ઘોડાપૂર આવ્યું. પોતાની છાતીમાં મોં છુપાવીને દબાવીને સૂતેલી આસીના માથા પર હાથ ફેરવી રહેલી મમ્મી મન સાથે જ વાતો કરતાં કરતાં આસીને વહાલથી પંપાળતાં ઊંઘાડી રહ્યાં.

આસી તો ઊંઘી ગઈ, પણ મમ્મીને ઊંઘ નહોતી. તેમનો જીવ પેલા પત્ર આસપાસ ફરતો હતો. 'આસીને જો રાજુ પસંદ હોય, છોકરો સારા ઘરનો હોય તો આપણને શું વાંધો ?' વિચારતા તેઓ આસીને અલગ કરી બેઠાં થયાં.

સામાન્ય સભ્યતા અને વિવેક છોડીને પણ તેમણે ટેબલ પર પડેલો પત્ર ઉઠાવ્યો અને ધીમેથી બહાર નીકળી ગયાં. ડ્રોઈંગરૂમનો ટેબલ લૅમ્પ જલાવીને તેમણે સસંકોચ પત્રની વિગતો તરફ દૃષ્ટિ ફેંકી.

પત્રમાં લખ્યું હતું :

'પ્રિય રાજુ,

માફ કરજે. મારે ચાર દિવસ સુધી ઘેર રહેવું પડે તેમ છે. મમ્મીના પત્ર અંગે મેં તને વાત કરી હતી. અહીં બધાંની ઈચ્છા મને પરણાવી દેવાની છે. બેત્રણ છોકરાઓ પણ જોઈ રાખ્યા છે. એમની તસવીરો પણ મારી સામે જ પડી છે. દેખાવમાં ત્રણે જણ સુંદર છે પણ તું મારા હૈયાની વાત જાણે જ છે.

ચાર દિવસ માટે તારું મોં ન જોવું એ મારા માટે ચાર જુગ સમાન છે. એમ પણ થાય છે કે કાલે જ પાછી અમદાવાદ આવી જાઉં, પણ ભાભીનું વ્રત ચાલે છે. નજર સમક્ષ તારી જ તસવીર તરવરે છે. તારા માટે હું તલસું છું. રાજુ, તારા વાળમાં ગુંથાઈ જવા માટે મારા હાથ ધ્રૂજી રહ્યા છે અને તું નહીં માને મારા હોષ...'

વાંચતાં વાંચતાં મમ્મીની આંખો એ બધા શબ્દોને માનવા તૈયાર નહોતી.

'જવા દે એ વાત, પણ હું તારી જ છું રાજુ. માત્ર તારી જ. તારા વગર હું ક્ષણભર પણ જીવી શકું તેમ નથી... તારા સમ... મને તો બીક લાગે છે કે શું મને બધાં તારાથી અલગ તો નહીં કરી દે ને ? તારા ખોળામાં માથું મૂકીને સૂવાનો લ્હાવો ઝૂંટવાઈ તો નહીં જાયને !'

પત્ર ત્યાંથી અધૂરો છોડાયો હતો. શાહીથી અધૂરો પણ અશ્રુબિંદુઓના પત્રમાં ઊપસેલાં ટપકાંથી તે ઘણુંબધું કહી દેતો હતો.

રાત્રે જ અમરને તથા એના પપ્પાને ઉઠાડી એ પત્ર વંચાવ્યો. આસીતા આટલી હદે પહોંચશે એવી કોઈએ અપેક્ષા રાખી નહોતી. આખરે આસીતા જાણે નહીં તેમ સવારે અમરને અમદાવાદ રવાના કરવા નિર્ણય લેવાયો.

પત્રને આસીતાના રૂમમાં યથાસ્થાને ગોઠવી દેવાયો. એ વખતે રાત્રિના લગભગ અઢી વાગી ચૂક્યા હતા.

સવારે આસીતા ઊઠે એ પહેલાં જ ગુજરાત એક્સપ્રેસ દ્વારા અમર અમદાવાદ તરફ રવાના થયો.

બપોરે અમર આસીતાની કૉલેજે પહોંચ્યો. તે પ્રિન્સિપાલને મળ્યો પણ આખીયે કૉલેજમાં 'રાજુ' નામનો કોઈ જ વિદ્યાર્થી મળ્યો નહીં. આખરે તે આસીતાની લેડીઝ હૉસ્ટેલ પર ગયો. 'કદાચ અહીંથી કોઈ માહિતી મળી જશે' વિચારતો તે ઑફિસમાં પ્રવેશ્યો. સુપરિન્ટેન્ડેન્ટ ત્યાં હાજર નહોતા. અમરે દોડાદોડ કરતી બે-ત્રણ છોકરીઓમાંથી એકને બોલાવી પૂછ્યું : 'એસ્ક્યુઝ મી પ્લીઝ !'

'યસ... વોટ કેન આઈ ડુ ફોર યુ ?'

'તમે આસીતાને ઓળખો છો ?'

'આસીતા ? ઓહ આશી ! રાજુઝ બીલવેડ ?'

'હા તે જ આસી તમે રાજુને ઓળખો છો ?' અમર ત્વરાથી પૂછી રહ્યો. થોડી ક્ષણો માટે રાજુ માટે આટલી બધી આતુરતાં દર્શાવનાર વ્યક્તિ તરફ ઉત્તર આપનાર આશ્ચર્ય સહિત જોઈ રહી અને બોલી : 'આપ કોણ છો ?'

'હું આસીનો ભાઈ છું — અમર.'

'તમારે રાજુને મળવું છે ?'

'રાજુને ? હા, હા, ક્યાં છે રાજુ ? અહીં આવ્યો છે ?'

અમર ફરીથી ઉતાવળો થયો.

'વેઈટ પ્લીઝ હમણાં જ બોલાવું છું.' કહીને તે ચાલી ગઈ.

અમર તેને જતી જોઈ રહ્યો. તેના મનમાં જાતજાતના ભાવ પેદા થયા.

રાજુ અહીં ક્યાંથી ? જે છોકરો કૉલેજમાં નથી અને છતાંયે આસીના પ્રેમી તરીકે જાણીતો છે... વંડરફુલ તેની અધીરાઈ વધી ગઈ.

થોડીવારમાં એક છોકરી દોડતી દોડતી આવી. 'રાજુ ઈઝ કમિંગ.' કહીને તે ચાલી પણ ગઈ. તરત જ બીજી એક યુવતી ઑફિસમાં પ્રવેશી.

તે બોલી : 'હું રાજુ... આપ ?'

'રાજુ ! તમે રાજુ છો ? કાંઈક ભૂલ થઈ લાગે છે... આઈ એમ સૉરી...

મારે તો આસીના બૉયફ્રેન્ડ રાજુનું કામ છે... આઈ એમ એક્સ્ટ્રીમ્લી સૉરી !'

અમર ગૂંથાઈ ગયો.

'હા ભાઈ હા, હું આસીતાની રૂમપાર્ટનર... રાજુ – રાજુલા.'

બુદ્ધિ બહેર મારી જતી હોય એમ અમર અનુભવી રહ્યો. વાત માની શકાય તેવી નહોતી. છતાંયે હકીકત વધુ નક્કર સ્વરૂપ ધારણ કર્યે જતી હતી.

'આ કેમ બની શકે ?' અમર એકલો એકલો બોલી રહ્યો.

'શું ?' રાજુએ પૂછ્યું.

'આસી પરણવાની ના પાડે છે. તે કહે છે કે, રાજુથી અલગ હું કેવી રીતે રહી શકું ? પણ અમને શું ખબર કે એ તમે હશો ?' અમર બોલી રહ્યો.

'ગાંડી છે એ તો. અહીં મોકલજો, એને હું સમજાવીશ. એ મારી પ્રિય સખી છે.' સહાનુભૂતિપૂર્વક રાજુલા બોલી રહી.

અમર તેની આંખો સામે તાકી રહ્યો. રાજુલાની દૃષ્ટિ જ એવી ગહન હતી કે, કોઈપણ પુરુષ અરે સ્ત્રીને પણ એમાં ડૂબકી ખાવાનું મન થઈ જાય, એમાં ઉન્માદ હતો અને વાત્સલ્ય પણ.

'સૉરી ટુ બોધર યુ.' કહીને અમર ઊઠ્યો અને કંપાઉન્ડ છોડતાં ફરી એકવાર દરવાજે ઊભેલી રાજુલાને તાકતો મનમાં બબડ્યો : 'એક છોકરી પણ છોકરીના પ્રેમમાં પડી શકે છે તે વાત કેમ માની શકાય ?'

રાજુલા હજુયે દરવાજે જ ઊભી હતી. એને પૂછવું હતું કે, 'આસી ક્યારે આવશે ?' પણ તે પૂછી શકી નહીં.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

# ભારતના આર્થિક પ્રતિબંધથી મલેશિયાને વાર્ષિક ૧૧ અબજ ડોલરનું નુકસાન થશે

**• ભારતે મલેશિયામાંથી થતી પામ ઓઈલની આયાત બંધ કરી :મલેશિયાની નિકાસથી ભારતના હિતોને નુકસાન થઈ રહ્યુ હોવાની પણ દલીલ**

નવી દિલ્હી : કાશ્મીર અને સીએએ પર ભારત સરકારની નીતિઓનો વિરોધ કરનારા મલેશિયાની મુશ્કેલીઓ વધી રહી છે. ભારતે મલેશિયામાંથી થતી પામ ઓઈલ આયાત બંધ કરી દીધી છે અને ભારત સરકાર ત્યાંની વધુ વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહી છે. જો આમ થશે તો મલેશિયાને વાર્ષિક ૧૧ અબજ ડોલરથી વધુ નુકસાન થશે.

જો કે ભારત સરકાર દ્વારા આ અંગે અલગ જ કારણ દર્શાવવામાં આવી રહ્યું છે. કેબિનેટ સચિવાલયે વાણિજય મંત્રાલયને મોકલેલા નિર્દેશમાં જણાવવામાં આવ્યું છે કે મલેશિયાની નિકાસથી ભારતના હિતોને નુકસાન થઈ રહ્યું છે.

રિફાઈન્ડ પામ ઓઈલ, ક્રૂડ પામ ઓઈલ, કોપર અને એલ્યુમિનિયમ વાયર, માઈક્રોપ્રોસેસર અને અન્ય કોમ્પ્યુટર તથા ટેલિકોમ વસ્તુઓ, ટર્બોજેટ, એલ્યુમિનિયમ ઈગ્નોટ, એલએનજી વગેરે વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવે તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે ભારત સરકારે મલેશિયાના પામ ઓઈલની આયાત પર પ્રતિબંદ મૂકવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે. કાશ્મીર અને નાગરિકતા સંશોધન કાયદો(સીએએ)ના વિરોધમાં નિવેદન આપનાર મલેશિયા સામે ભારતે કાર્યવાહી કરી છે. મલેશિયાના વડાપ્રધાન મહાતિર મોહમ્મદે કાશ્મીર મુદ્દાથી લઈને સીએએ અંગે ભારત સરકારની જોરદાર ટીકા કરતા ભારત સરકારે આ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. મહાતિરે જણાવ્યું હતું કે નાગરિકતા સંશોધન કાયદો સંપૂર્ણપણે અયોગ્ય છે.

# HSBCનો ઉચ્ચ અધિકારી મહિલા કર્મચારી સાથે રંગરેલિયા પકડાયો

લંડન : દુનિયાભરમાં જાણીતી બેંક એચએસબીસીના એક વરિષ્ઠ અધિકારીના રંગરેલીયા સામે આવી જતા સનસનાટી મચી જવા પામી છે. તેમના પર યૌન ઉત્પીડનના ગંભીર આક્ષેપો પણ લાગ્યા છે. લંડનની એક ટ્રિબ્યૂનલ કોર્ટમાં આ કેસની સુનાવણી ચાલી રહી છે.

૪૮ વર્ષના પરિણીત બોસ પર આરોપ છે કે, તેને બેંકમાં જ કામ કરતી એક કર્મચારી સાથે આડાસંબંધો હતા. જ્યારે એક અન્ય કર્મચારી સાથે પણ ઓફિસના બાથરૂમમાં જ સેકસ સંબંધો બાંધ્યા હતા. એચએસબીસી બેન્કના સ્ટાફ ડિઝિટાઈજેશનના વૈશ્વિક હેડ રોબર્ટ કલેગ પર એ આરોપ છે કે, તેમને સ્ટાફ કર્મચારી સાથે પ્રેમ સંબંધો બાંધી તેનું જીવન બરબાદ કરનો પ્રયાસ કર્યો. કારણ કે મહિલા હવે આડાસંબંધનો વિરોધ કરી રહી હતી. જાણીતિ એચએસબીસી બેંકમાં સ્ટાફ ડિઝિટાઈજેશનના વૈશ્વિક હેડ રોબર્ટ કલેગ હાલ તેમના લફરાના કારણે ચર્ચામાં આવ્યા છે. રોબર્ટે ઓક્ટોબર ૨૦૧૭માં ૩૮ વર્ષની મેડેલિન લકમેન સાથે સેક્સસંબંધો બાંધવાની શરૂઆત કરી હતી. રોબર્ટના ૪ બાળકોનું વિચારીને મેડેલિને આ સેક્સસંબંધો પર પૂર્ણવિરામ મૂકવાનો નિર્ણય લીધો હતો.

# ઈરાકની રાજધાની બગદાદના US દૂતાવાસ પર ત્રણ રૉકેટથી હુમલો

**• સુલેમાનીની હત્યા કરી તે દિવસથી સતત અમેરિકા અને ઈરાન વચ્ચે શાબ્દિક અને શાસ્ત્રીય હુમલા વધ્યા**

બગદાદ : ઈરાકની રાજધાની બગદાદમાં અમેરિકી રાજદૂતાવાસ પર હુમલો થયો હોવાની ઔપચારિક જાહેરાત કરાઈ હતી.

મોસ્ટ સિક્યોર્ડ ગણાતા રાજદૂતાવાસ વિસ્તારમાં ત્રણ રૉકેટ દ્વારા હુમલો થયો હતો. હુમલો થયા બાદ સમગ્ર વિસ્તારમાં ભયસૂચક સાઈરન ગૂંજી ઊઠી હતી. જો કે કોઈ જાનહાનિ થયાના સમાચાર મળ્યા નહોતા. અમેરિકાએ આ હુમલા માટે ઈરાનને જવાબદાર ગણાવ્યું હતું. છેલ્લા થોડા દિવસથી ખાસ કરીને અમેરિકાએ બગદાદ એરપોર્ટ પર હવાઈ હુમલો કરીને ઈરાનના વગદાર લશ્કરી અધિકારી કાસિમ સુલેમાનીની હત્યા કરી તે દિવસથી સતત અમેરિકા અને ઈરાન વચ્ચે શાબ્દિક અને શાસ્ત્રીય હુમલા વધ્યા હતા.

આઠમી જાન્યુઆરીએ ઈરાને મિસાઈલ હુમલો કરતાં ૧૧ અમેરિકી સૈનિકો અને અધિકારીઓ ઈજા પામ્યા હોવાનો દાવો કરાયો હતો. જો કે અમેરિકાએ ૧૧ જણ ઈજા પામ્યા હોવાના ઈરાનના દાવાને નકારી કાઢ્યો હતો.

# ઓસ્ટ્રેલિયામાં બેકાબૂ બની રહેલી આગમાં 3 અમેરિકીના મોત



ઓસ્ટ્રેલિયામાં બેકાબૂ બની રહેલા દાવાનળ પર ગુરુવારે સાઉથ વેલ્સ રૂલર સર્વિસ દ્વારા પાણીનો મારો ચલાવી ઓપરેશન કરવામાં આવી રહ્યું હતું આ દરમિયાન તેમાં જોડાયેલા ત્રણ અમેરિકન જવાનોના મોત થયા હતા. આ જવાનો ટેન્કર ક્રેશ થવાથી સર્જાયેલા અકસ્માતમાં મોતને ભેટ્યા હોવાની વાતને પ્રીમીયર ગ્લેડી બ્રેઝીકેલિયને સમર્થન આપ્યું હતું.

# લગ્નજીવનમાં થતું જાતીય શોષણ



**તનસ્વી તન, મનસ્વી મન**

ડો. મુકુલ ચોક્સી

લગ્નજીવનમાં થતું જાતીય શોષણ એ મુદ્દો ભારતમાં બહુ વિસ્તારની ચર્ચવા યોગ્ય છે. વુમન એમપાવરમેન્ટના આ સમયમાં ‘સેક્સ્યુઅલ એક્સપ્લોઈટેશન વીથીન ધ મેરેજલાઈફ’ની વાત વિગતે ચર્ચાવી જોઈએ. આપણે બાળકોના જાતીય શોષણ અંગેની થતી ચિંતાઓથી વિદિત છીએ. સ્ત્રીઓનું કામકાજના સ્થલે તેમના ઉપરઓ દ્વારા થતું શોષણ પણ જાણીતું છે. પણ લગ્ન જીવનની અંદર, પતિ-પત્નીના શયનખંડમાં બંનેના એકબીજા દ્વારા થતાં શોષણની ગંભીરતા પણ અવશ્ય ઓછી નથી. બેડરૂમ એક્સ્પ્લોઈટેશનના અનેક પ્રકારો, અનેક સ્વરૂપો, અનેક કારણો જોવા-માણવા મળે છે.

સ ા ે ક સ ય ુ અ લ ર એક્સ્પ્લોઈટેશન યા હેરસમેન્ટની વિભાવના સમજતાં પહેલા સેક્સ્યુઅલ ફ્રીડમ (જાતીય સ્વાતંત્ર્ય)ની વિભાવના સમજી લેવી જોઈએ. કોઈપણ વ્યક્તિ તેના કાયદેસરના જીવનસાથી સાથે એકાંતમાં પોતાની કામેચ્છા, પોતાની રીતે સંતોષવા માટે મુક્ત છે. પણ સાથે તેના શૈયાસાથીની જાતીય જરૂરિયાતો તથા તરાહોનો ખ્યાલ પણ રખાવો જોઈએ. હવે આ વણલખ્યો નિયમ જ્યારે પળાથો નથી બેમાંથી એક અસંતુષ્ટ રહે યા બેમાંથી એક પર દબાણ આવે. એને જાતીય પ્રસંગ પીડાદાયક બની જાય તો તેને બેડરૂમ હેરેસમેન્ટ યા બેડરૂમ એક્સ્પ્લોઈટેશન કહી શકાય.

થોડાક ઉદાહરણો જોઈએ. એક લેસ્બિયન છોકરી મા-બાપને જણાવતી નથી કે પોતે સજાતીય છે પછી તે મા-બાપને ખુશ રાખવા લગ્ન કરી લે છે. લગ્ન બાદ તે પતિ સાથે રોમાન્સ, સહશયન કે કામક્રીડા માણી શકતી નથી. પતિ નજીક આવવા જાય ત્યારે તે તેને હડસેલીને દૂર થઈ જાય છે. આ કિસ્સામાં લેસ્બિયન સ્ત્રીને પોતાની જાતીયતા નાપસંદગી દર્શાવવાનો હક છે, પરંતુ આ જાણકારી હોવા છતાં લગ્ન કરીને પછી પતિને પોતાના સેક્સ્યુઅલ રાઈટ્સતી વંચિત રાકવો એ પણ એક સૂક્ષ્મ પ્રકારનું પતિનું સેક્સ્યુઅલ હેરેસમેન્ટ જ કહેવાય. આ જ કિસ્સામાં જો પતિ પોતાના જાતીય હકોની બજવણી માટે વધારે પડતો એગ્રેસીવ થઈને ‘પત્ની શા માટે મને સેક્સ ભોગવવાની ના પાડે?’ એવું કહીને જો તેના ઉપર બળજબરી કરી તો આ બળજબરી પોતે પણ સ્ત્રીનું એક્સ્પ્લોઈટેશન ઈનસાઈડ ધ બેડરૂમ બની જાય છે. આમ આ લગ્ન છેવટે મ્યુચ્યુઅલ એન્ડ પરપેચ્યુઅલ હેરેસમેન્ટ તથા એક્સ્પ્લોઈટેશન બનીને હરી જાય છે. (ક્રમશઃ આવતાં અંક)

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**



**મુંઝવણ**

**પ્રશ્નઃ મારી ગર્લફ્રેન્ડ મને ઓરલ સેક્સ કરાવી આપે છે ત્યારે ક્યારેક મને તેના મોંમાં જ સ્ખલન થઈ જાય છે. તેને વીર્યનો સ્વાદ ગમે છે એટલે તે ગળી જાય છે. શું વીર્ય ગળી જવાથી ગર્ભ રહ ખરો? બીજું, ઓરલ સેક્સથી એચઆઈવી ફેલાવાની શક્યતાઓ કેટલી**

ઉત્તર : મુખમૈથુન દરમ્યાન સ્ત્રી વીર્ય ગળી જાય તો પ્રેગ્નન્સીની કોઈ જ શક્યતાઓ નથી. કેમ કે પાચનતંત્ર અને પ્રજનનતંત્રને કોઈ ડાયરેક્ટ કનેક્શન નથી હોતું. પેટમાં ગયેલું વીર્ય પ્રજનનમાર્ગમાં કોઈ કાળે પહોંચી નથી શકતું ને સ્ત્રીબીજ પેટમાં નથી ઊતરતું. બે વફાદાર પાર્ટનર્સ વચ્ચે મુખમૈથુન કરવાથી એચઆઈવીનો ફેલાવો થવાની શક્યતાઓ નહીંવત્ છે, પરંતુ જો એક પાર્ટનરને ઈન્ફેક્શન હોય તો કાળજી રાખવી જરૂરી બની જાય છે. બેમાંથી બિનચેપી પાર્ટનરને મોમાં છાલાં કે ચાંદાં પડી ગયાં હોય ને લોહી તાજું હોય તો ચેપી વ્યક્તિનાં જનનાંગોમાંથી ઝરતા પ્રવાહીના સંપર્કમાં આવવાથી ઈન્ફેક્શન લાગવાની શક્યતાઓ રહે છે. અજાણી વ્યક્તિ સાથે મુખમૈથુનમાં રાચવાનું રિસ્કી જરૂર છે.

**પ્રશ્નઃ હું ૧૯ વર્ષની યુવતી છું. ૨ મહિના પહેલાં મારાં લગ્ન થયાં છે. મારા પતિનું કહેવું છે કે મારી યોનિમાં કસાવની ખામી છે. આ કારણથી તેમને સેક્સ વખતે આનંદ નથી મળતો. મહેરબાની કરી કોઈ એવા ઘરગથ્થુ ઉપાય બતાવો, જેથી હું આ સમસ્યાથી બહાર આવી શકું.**

ઉત્તરઃ તમારા પત્રથી એ બાબત તરફ ઈશારો થાય છે કે તમે તમારા શ્રોણિપ્રદેશમાં ટિશૂઓમાં નવી ચુસ્તી અને કસાવ લાવવા માંગો છો. યોનિના ટિશૂઓને મજબૂત બનાવવાથી યોનિની ઢીલાશ દૂર થઈ શકે છે અને ચરમ જાતીય સુખની આનંદમયી અનુભૂતિ કરી શકાય છે. આ માટે માત્ર સરળ એવો એક વ્યાયામ કરવો પડશે, જેનાથી પ્યૂબોકાકસીજિયસ ટિશૂઓ ધીરે ધીરે મજબૂત થતાં જાય છે. આ વ્યાયામ ક્યાંય પણ ક્યારે પણ અને કોઈ પણ મુદ્રામાં કરી શકાય છે. બસ, એટલું કરવાનું છે કે મૂત્ર પ્રવાહ રોકવા માટેના ટિશૂઓને અંદરની તરફ એવી જ રીતે ખેંચો જેવી રીતે મૂત્રના આવેગને રોકો છો. ૩ સેકન્ડ સુધી પ્યૂબોકાકસીજિયસ ટિશૂને એ રીતે અંદર જ ખેંચી રાખો. પાછી ફરી ૩ સેકન્ડ માટે શરીરને ઢીલું છોડી દો. હવે એક વાર ફરી પ્યૂબોકાકસીજિયસ ટિશૂને ૩ સેકન્ડ સુધી અંદર ખેંચો, ફરી ૩ સેકન્ડ માટે તેને ઢીલા છોડી દો. ૧૦-૧૦ વખત સવાર-સાંજ આ વ્યાયામ કરો અને ફરી વધારતાં જઈને ૨૫-૨૫ વખત સવાર અને સાંજ કરો. ટેવ પડી જાય પછી ઝડપથી કરવા લાગો. આ વ્યાયામથી ૧૦-૧૨ અઠવાડિયામાં જ તમે તમારી અંદર મોટાં પરિવર્તનનો અનુભવ કરવા લાગશો. આમ કરતાં રહેવાથી તમારા શ્રોણિકગુહાનાં અંગોને યોગ્ય આધાર મળતો રહેશે.

**પ્રશ્ન : નમસ્તે સર, મારી ઉંમર ૨૩ વર્ષ છે. મારો પ્રશ્ન એ છે કે મને પેનિસની ઉપર ઝીણી ઝીણી ફોલ્લીઓ થઇ છે, ત્યાં ખૂબ જ ચળ આવે છે. મારે જાણવું છે આ ક્યાં કારણસર થયું હશે, શું આગળ જતાં આના કારણે મને સેક્સલાઇફમાં કોઇ તકલીફ નહીં થાયને?**

જવાબ : આવું ઈન્ફેક્શનના કારણે થયું હોય. સ્વચ્છતાને મહત્ત્વ આપો. તે ભાગને બને તેટલો સ્વચ્છ રાખો, અને આ સમસ્યા અંગે આંખ આડા કાન ન કરશો, કોઈ સારા ડોક્ટરને બતાવીને આ સમસ્યા માટેની ઈન્ફેક્શનની દવા લઈ લો. એન્ટિ ફંગલ ક્રીમ લગાવી શકાય, પરંતુ ડોક્ટરને બતાવવું જરરી છે. રહી વાત આ સમસ્યાના કારણે સેક્સમાં તકલીફ થવાની તો હા, તમારું ઈન્ફેક્શન તમારા પાર્ટનરની યોનિને પણ અસર કરી શકે છે. અને ઈન્ફેક્શન હોય ને સેક્સ કરશો તો બને કે તેમાં વધારો પણ થઈ શકે. માટે આ બાબતે ડોક્ટરને બતાવીને ચોક્કસ તેનું નિદાન કરાવી લેવું જોઈએ.



ભૂતપૂર્વ સુકાની તથા સિનિયર ઓફ સ્પિનર સના મીરની આગામી મહિને ઓસ્ટ્રેલિયામાં રમાનારા વિમેન્સ ટીર૦ વર્લ્ડ કપ માટેની પાકિસ્તાનની ટીમમાંથી બાદબાકી કરી દેવામાં આવી છે. ઇન્ટરનેશનલ તથા સ્થાનિક ટૂર્નામેન્ટમાં તેના ખરાબ પ્રદર્શનના કારણે તેને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નથી. મુખ્ય પસંદગીકાર મુમતાઝે જણાવ્યું હતું કે સનાને ટીમની બહાર કરવાનો નિર્ણય કપરો હતો, પરંતુ ટીર૦ ફોર્મેટમાં તે અપેક્ષા મુજબનો દેખાવ કરવામાં નિષ્ફળ રહી છે.



## ભારતે ઓસી. સામેની ત્રણ વન-ડેની સિરીઝ પર ૨-૧થી કબજો જમાવ્યો

બેંગ્લુરૂ : ભારતે ઓસ્ટ્રેલિયાને ત્રીજી અને નિર્ણાયક એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં રવિવારે ૭ વિકેટથી હાર આપીને ૩ મેચોની સિરીઝ પર ૨-૧ થી કબજો કરી લીધો છે. બેંગ્લુરૂના કે.એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રવિવારે રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરીને ૫૦ ઓવરમાં ૯ વિકેટ પર ૨૮૬ રન બનાવ્યાં હતા. ભારતને મેચ અને સિરિઝ જીતવા માટે ૨૮૭ રનનો ટાર્ગેટ મળ્યો હતો. ટીમ ઈન્ડિયાએ ૪૭.૩ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૨૮૯ રન કરી લીધા હતા. હિટમેન રોહિત શર્માએ સૌથી વધારે ૧૧૯ રન બનાવ્યા હતા.

# ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં સેમસન, પૃથ્વી શૉ સામેલ કરાયા

નવી દિલ્હી : ભારતીય ડાબોડી ઓપનર શિખર ધવન ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી અને અંતિમ વન-ડે દરમિયાન ખભામાં થયેલી ઈજાના કારણે ન્યૂઝીલેન્ડમાં રમાનારી ટીર૦ તથા વન-ડે શ્રોણીમાંથી બહાર થઈ ગયો છે. ધવનના સ્થાને પાંચ મેચની ટીર૦ ઈન્ટરનેશનલ શ્રોણી માટે વિકેટકીપર બેટ્સમેન સંજૂ સેમસનનો તથા ત્રણ વન-ડેની શ્રોણી માટે પૃથ્વી શૉનો ભારતીય ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ બંને ખેલાડીઓ હાલમાં ભારત-એ ટીમ તરફથી ન્યૂઝીલેન્ડનો પ્રવાસ ખેડી રહ્યા છે. બીસીસીઆઈએ જણાવ્યું હતું કે ધવનના ખભાનો એમઆરઆઈ સ્કેન કરાવવામાં આવ્યો હતો અને તેને ગ્રેડ-૨ લેવલની ઈજા થઈ છે. તેના હાથે પ્લાસ્ટર પટ્ટો રાખવામાં આવ્યો છે અને તેને કેટલોક સમય આરામ કરવાની સલાહ આપી છે.



**ભારતીય ટીર૦ ટીમ :** વિરાટ કોહલી (સુકાની), રોહિત શર્મા, સંજૂ સેમસન, લોકેશ રાહુલ, શ્રોયસ ઐયર, મનિષ પાંડે, રિષભ પંત, શિવમ દુબે, કુલદીપ યાદવ, યુજવેન્દ્ર ચહલ, વોશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, નવદીપ સૈની, રવીન્દ્ર જાડેજા, શાર્દુલ ઠાકુર.

**ભારતીય વન-ડે ટીમ :** વિરાટ કોહલી (સુકાની), રોહિત શર્મા, પૃથ્વી શૉ, લોકેશ રાહુલ, શ્રોયસ ઐયર, મનીષ પાંડે, રિષભ પંત, શિવમ દુબે, કુલદીપ યાદવ, યુજવેન્દ્ર ચહલ, રવીન્દ્ર જાડેજા, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, નવદીપ સૈની, શાર્દુલ ઠાકુર, કેદાર જાધવ.

શિખર ધવન માટે ઓસ્ટ્રેલિયન ટીમ ખરાબ સાબિત થઈ રહી છે. આ પહેલાં ઈંગ્લેન્ડ ખાતે રમાયેલા ૨૦૧૯ના વર્લ્ડ કપની લીગ મેચમાં તે ઓસ્ટ્રેલિયા સામે ઈજાગ્રસ્ત થઈને પૂરી ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. તે સમયે તેને અંગૂઠામાં ફ્રેક્ચર થયું હતું.

તાજેતરમાં બીજી વન-ડેમાં પણ તેને પેટ કમિન્સનો બાઉન્સર પાંસળીમાં વાગ્યો હતો. અને તેને તબીબી સહાય લેવી પડી હતી. તેણે પ્રથમ બે મેચમાં ૯૬ તથા ૭૪ રનની ઈનિંગ્સ રમી હતી. ત્રીજી મેચમાં તે બેટિંગ કરવા મેદાનમાં ઊતર્યો નહોતો.

## ઇંગ્લેન્ડે આફ્રિકાને ઇનિંગ્સ અને ૫૩ રનથી હરાવ્યું, શ્રેણીમાં ૨-૧ની લીડ લીધી

પોર્ટ એલિઝાબેથ : ઈંગ્લેન્ડે યજમાન સાઉથ આફ્રિકાને ત્રીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પાંચમા તથા અંતિમ દિવસે એક ઈનિંગ્સ અને ૫૩ રનથી પરાજય આપીને ચાર મેચની શ્રોણીમાં ૨-૧ની લીડ મેળવી લીધી હતી. સાઉથ આફ્રિકા માટે કેશન મહારાજ (૭૧) તથા ડેન પીટરસને અણનમ ૩૯ રનની ઈનિંગ્સ રમી હતી અને બંનેએ ૯૯ રનની ભાગીદારી નોંધાવી હતી. ઈંગ્લેન્ડે પ્રથમ દાવને નવ વિકેટે ૪૯૯ રનના સ્કોરે ડિકલેર કર્યો હતો. સાઉથ આફ્રિકા પ્રથમ દાવમાં ૨૦૯ તથા બીજા દાવમાં ૨૩૭ રનના સ્કોરે સમેટાઈ ગઈ હતી. સેન્ચ્યુરિયનમાં પ્રથમ ટેસ્ટ હાર્યા બાદ ઈંગ્લેન્ડે કેપટાઉન ટેસ્ટમાં ૧૮૯ રનથી વિજય હાંસલ કર્યો હતો. ત્રીજી ટેસ્ટમાં પણ તેણે યજમાન ટીમ ઉપર પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો.

# રોહિત શર્માએ વન-ડેમાં ઝડપી ૯,૦૦૦ રન પૂરા




બેંગ્લુરૂ : ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડેમાં ભારતીય ઓપનર રોહિત શર્માએ એક મોટી ઉપલબ્ધિ હાંસલ કરીને ગાંગુલી અને સચિનને પાછળ રાખી દીધા છે. રોહિત શર્માએ વનડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૯૦૦૦ રન પૂરા કરી લીધા છે. રોહિતે ૨૧૭ ઈનિંગમાં આ રેકોર્ડ સર્જ્યો હતો. ૯૦૦૦ રન પૂરા કરીને રોહિતે સચિન તેંડુલકર અને બ્રાયન લારા જેવા દિગ્ગજ ક્રિકેટરોથી આગળ નીકળી ગયો છે. રોહિત રાજકોટમાં પણ શાનદાર ફોર્મમાં નજરે ચડ્યો હતો અને તેણે ૪૨ રન બનાવ્યા હતા. રોહિતે ગાંગુલી, તેંડુલકર અને બ્રાયન લારાને પાછળ રાખી દીધા છે. રોહિતે તેની ૨૧૭મી ઈનિંગમાં આ ઉપલબ્ધિ મેળવી હતી. ગાંગુલીએ ૨૨૮, સચિને ૨૩૫ અને લારાએ ૨૩૯ ઈનિંગમાં ૯,૦૦૦ રન બનાવ્યા હતા. વનડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી ઝડપી ૯૦૦૦ રન પુરા કરવાનો રેકોર્ડ ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીને નામે છે. કોહલીએ ૧૯૪ ઈનિંગમાં આ ઉપલબ્ધિ હાંસલ કરી હતી.

| વનડેમાં સૌથી ઝડપી ૯,૦૦૦ રન |
| --- |
| વિરાટ કોહલી (ભારત)૧૯૪ ઈનિંગ |
| એબી ડિવિલિયર્સ (દ.આફ્રિકા)૨૦૫ ઈનિંગ |
| રોહિત શર્મા (ભારત)૨૧૭ ઈનિંગ |
| સૌરવ ગાંગુલી (ભારત)૨૨૭ ઈનિંગ |
| સચિન તેંડુલકર (ભારત)૨૩૫ ઈનિંગ |
| બ્રાયન લારા (વિન્ડીઝ)૨૩૯ ઈનિંગ |

**સ્મિથે કેરિયરની ૯ મી સદી ફટકારી હતી. પોતાની ઈનિંગ દરમિયાન સ્મિથે ૪૦૦૦ રન પૂરા કર્યા હતા. સ્મિથે છેલ્લી સદી ૧૯ જાન્યુઆરી ૨૦૧૭ ના દિવસે પાકિસ્તાનની સામે ફટકારી હતી**

## વિરાટ કોહલી સૌથી ઝડપી ૫,૦૦૦ રન પૂરા કરનાર કેપ્ટન બન્યો

કેપ્ટન વિરાટ કોહલીએ પણ એક મોટો વર્લ્ડ રેકોર્ડ કર્યો છે. વિરાટ કોહલી વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કેપ્ટન તરીકે સૌથી વધારે ઝડપી ૫,૦૦૦ રન પૂરા કરનાર દુનિયાનો પહેલો ખેલાડી બની ગયો છે. વિરાટ કોહલીએ ૧૦૦ કરતા પણ ઓછી ઈનિંગમાં આ રેકોર્ડ કર્યો હતો. ઓસ્ટ્રેલિયા સામેની વનડે સિરિઝની છેલ્લી મેચમાં ૧૭ મો રન બનાવીને વિરાટ કોહલી ૫૦૦૦ રનનો આંકડો પૂરો કરી લીધો છે. વિરાટ કોહલી પહેલા આ રેકોર્ડ મહેન્દ્રસિંહ ધોનીને નામે નોંધાયેલો હતો. ધોનીએ ૧૨૭ ઈનિંગમાં ૫૦૦૦ રન બનાવ્યાં હતા. વિરાટ કોહલી કેપ્ટન તરીકે અત્યાર સુધી ૨૧ સદી પણ કરી ચૂક્યો છે

## વિશ્વ આર્ચરી ફેડરેશને શરતો સાથે ભારત પર મૂકેલો પ્રતિબંધ હટાવ્યો

કોલકત્તાઃ ભારતીય આર્ચરીને ટોક્યો ઓલિમ્પિકની તૈયારીઓને તે સમય બળ મળ્યું જ્યારે આ રમતની વૈશ્વિક સંસ્થા વર્લ્ડ આર્ચરીએ ભારતીય આર્ચરી સંઘની ચૂંટણીના એક સપ્તાહની અંદર ગુરૂવારે તેના પર લાગેલો પ્રતિબંધ શરતો સાથે હટાવી દીધો છે. પ્રતિબંધ હટાવતા વિશ્વ આર્ચરીએ ભારતીય સંઘને આદેશ આપ્યો કે તે ખેલાડીઓની સદસ્યતાને લઈને પોતાના બંધારણમાં ફેરફાર કરે, સંચાલન સાથે જોડાયેલા મુદ્દાનો ઉકેલ લાવે અને વ્યૂહાત્મક યોજના તૈયાર કરે.

આ સાથે એએઆઈને આ મુદ્દા પર ત્રિમાસીક પ્રતિ રિપોર્ટ આપવાનું પણ કર્યું છે. વિશ્વ આર્ચરીએ એક નિવેદનમાં કહ્યું, 'સંસ્થાએ ૧૮ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં થયેલી ચૂંટણી બાદ ભારતીય આર્ચરી સંઘ પર પ્રતિબંધ લાગેલો પ્રતિબંધ શરતો સાથે હટાવી દીધો છે. કાર્યકારી બોર્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.'

નિવેદન અનુસાર, '૨૩ જાન્યુઆરી ૨૦૨૦થી ભારતીય આર્ચરોને વિશ્વ આર્ચરીની સ્પર્ધામાં ભાગ લેવાની મંજૂરી હશે. મહાસંઘને નિર્દેશ આપવામાં આવે છે કે તે પોતાના બંધારણમાં ફેરફાર કરતા ખેલાડીની સદસ્યતા પર સ્થિતિ સ્પષ્ટ કરે, વ્યૂહાત્મક યોજના બનાવે અને સંચાલન સાથે જોડાયેલા મુદ્દાનો ઉકેલ લાવે.'

## શારાપોવા સતત ત્રીજા ગ્રાન્ડસ્લેમના પ્રથમ રાઉન્ડમાં પરાસ્ત



મેલબોર્ન : પાંચ વખતની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન રશિયાની મારિયા શારાપોવાને કબૂલાત કરી હતી કે ઓસ્ટ્રેલિયન ઓપનના પ્રથમ રાઉન્ડમાં હાર્યા બાદ તે આગામી વર્ષે અહીં રમશે કે નહીં તે જાણતી નથી. વિશ્વની ભૂતપૂર્વ પ્રથમ ક્રમાંકિત શારાપોવાને ક્રોએશિયાની ૧૯મી ક્રમાંકિત ડોના વેકિચે ૬-૩, ૬-૪થી હરાવી હતી. આમ શારાપોવા છેલ્લા ત્રણ ગ્રાન્ડસ્લેમમાં સતત પ્રથમ રાઉન્ડમાં જ હારી છે. ૨૦૦૮માં મેલબોર્ન પાર્ક ખાતે ચેમ્પિયન બનેલી શારાપોવાને આ વખતે વાઈલ્ડકાર્ડ આપવામાં આવ્યું હતું. રશિયન ખેલાડી પ્રતિબંધિત દવાઓનું સેવનમાં દોષિત સાબિત થયા બાદ ટેનિસમાં પુનરાગમન કર્યા પછી સતત ખરાબ ફોર્મ તથા ફિટનેસની સમસ્યાનો સામનો કરી રહી છે.

## ઓસ્ટ્રેલિયનઓપન : સેરેના વિલિયમ્સ ૨૦માંથી ૧૯મી વખત ત્રીજા રાઉન્ડમાં

મેલબોર્ન : વિશ્વની આઠમી ક્રમાંકિત અમેરિકાની સેરેના વિલિયમ્સે એક કલાક ૧૮ મિનિટ સુધી રમાયેલી મેચમાં તમારા ઝિદાનસેકને હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો. ઓસ્ટ્રેલિયન ઓપનમાં સેરેના ૨૦ વખત રમી છે અને તે ૧૯મી વખત ત્રીજા રાઉન્ડમાં પ્રવેશવા ઉપરાંત મેલબોર્ન પાર્ક ખાતે તેણે સતત સાતમો વિજય પણ હાંસલ કર્યો હતો. સેરેનાએ ઝિદાનસેક સામે ૨૫ વિનર્સ ફટકારવા ઉપર સાત એસ પણ નોંધાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાની માર્ગરેટ કોર્ટના વિક્રમી



૨૪ ગ્રાન્ડસ્લેમના રેકોર્ડને સરભર કરવાના લક્ષ્યાંક સાથે રમી રહેલી સેરેનાનો આગામી મુકાબલો ચીનની ૨૭મી ક્રમાંકિત વાંગ કિયાંગ સામે થશે. કોકો ગોફે અનુભવી ખેલાડી સોરાના ક્રિસ્ટિયૂને પ્રથમ સેટ ગુમાવ્યા બાદ ૪-૬, ૬-૩, ૭-૫થી હરાવી હતી.

## રોઝર ફેડરરનો મેલબોર્ન પાર્કમાં ૯૯મો વિજય, ૧૦૦માં વિજયથી એક કદમ દૂર

મેલબોર્ન : ટેનિસ જગતમાં 'સ્વિસ એક્સપ્રેસ' તરીકે જાણીતા બનેલા રોજર ફેડરરે ઓસ્ટ્રેલિયન ઓપનના બીજા રાઉન્ડમાં ફિલિપ ક્રાઝિનોવિચને ૬-૧, ૬-૪, ૬-૧થી હરાવીને પ્રથમ બે રાઉન્ડમાં નહીં હારવાના ૪૧-૦ના રેકોર્ડને અકબંધ રાખ્યો હતો. એક કલાક ૩૨ મિનિટ સુધી રમાયેલા મુકાબલામાં ફેડરરે ક્રાઝિનોવિચ સામે ૪૨ વિનર્સ ફટકાર્યા હતા અને તેણે હરીફ ખેલાડી સામે રમેલા તમામ ચારેય મુકાબલા જીત્યા છે. આ સાથે ફેડરર ૨૧મી વખત ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ્યો છે. સ્વિટ્ઝર્લેન્ડનો દિગ્ગજ ખેલાડી ફેડરર ઓસ્ટ્રેલિયન ઓપનમાં ૧૦૦મો વિજય



મેળવવાથી માત્ર એક કદમ દૂર છે. મેલબોર્ન પાર્ક ખાતે તેણે અત્યાર સુધીમાં ૯૯ વિજય અને ૧૪ પરાજયનાં પરિણામ મેળવ્યાં છે.જો તે ત્રીજા રાઉન્ડમાં વિજય હાંસલ કરશે તો ઓસ્ટ્રેલિયન ઓપનમાં ૧૦૦ વિજય મેળવનાર પ્રથમ ખેલાડી બનવાની સિદ્ધિ મેળવશે.

# યુએસમાં ગુમ થયેલી ગુજરાતી યુવતીનો ભેદી સંજોગોમાં કારમાંથી મૃતદેહ મળ્યો

ઈલિનોઈસ : વિદેશોમાં ગુજરાતીઓનાં રહસ્યમય રીતે મોત વધી રહ્યાં છે. ત્યારે અમેરિકામાંથી એક મહત્વપૂર્ણ સમાચાર મળ્યા હતા. અમેરિકામાં ગત ૩૦ ડિસેમ્બરે ગુમ થયેલી મૂળ ભારતીય મહિલાનો રહસ્યમય સંજોગોમાં પોતાની કારની ડેકીમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો છે. અમેરિકાનાં ઈલિનોઈસના શાઉબર્ગ કાઉન્ટીમાં રહેનાર ૩૪ વર્ષીય ગુજરાતી મૂળની સુરીલ ડબ્બાવાલા ગુમ થયાનાં બે સપ્તાહ પછી તેની જ કારમાંથી તેનો મૃતદેહ મળ્યો હતો. ગુજરાતી મૂળની સુરીલ ડબ્બાવાલાના પરિવારજનોએ એક જાન્યુઆરીએ તે ગુમ થયાની ફરિયાદ



દાખલ કરાવી હતી. અમેરિકાના શિકાગોની લોયોલા યુનિવર્સિટીમાંથી એમબીએ થયેલી ૩૪ વર્ષીય સુરીલ એક જાણીતા ડોક્ટર અશરફ ડબ્બાવાલાની પુત્રી હતી. સ્થાનિક મીડિયામાં પરિવારજનોએ જણાવ્યું હતું કે, સુરીલ ૩૦ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ઈલિનોઈસના શોમબર્ગના પોતાના ઘરે પાછી ન આવતા સુરીલ ડબાવાલાના પરિવારે પોલીસને જાણ કરી હતી. સ્થાનિક પોલીસનાં જણાવ્યાં પ્રમાણે, પરિવારની ફરિયાદ તેમને મળી છે. જેમાં પરિવારે જણાવ્યું છે કે, સુરીલ કસરત કરવા જીમમાં ગઈ હતી. તેને છેલ્લે પોતાની કાર ચલાવતા દેખાઈ હતી. મૂળ ગુજરાતના રહેવાસી અશરફે પોતાની પુત્રીની જાણકારી આપનારને ૧૦ હજાર ડોલર (લગભગ ૧૭ લાખ રૂપિયા)નું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. તેમણે ખાનગી તપાસ એજન્સીઓને પણ પોતાની પુત્રીને શોધવાની જવાબદારી સોંપી હતી.

# ઈરાને ડોનાલ્ડ ટ્રમ્પના માથે ૩૦ લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યુ

**• ઈરાને ઈરાકની રાજધાની બગદાદના હાઈ સિક્યુરિટી ઝોનમાં આવેલા અમેરિકન દૂતાવાસ પર રોકેટ છોડયા**

બહેરીન : અમેરિકા અને ઈરાન વચ્ચે સંબધો વધુ ખરાબ થઈ રહ્યાં છે. ફરી એક વખત ઈરાનના કાયદાવિદ હમજેઈએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યા કરનારને ૩૦ લાખ ડોલરનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.

આ અગાઉ ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખોમેનેઈએ તેહરાનમાં જણાવ્યું હતું કે ટોચના આઈઆરજીસી જનરલ કાસિમ સુલેમાનીની હત્યાથી અમેરિકાના આતંકવાદી સ્વભાવ ખુલ્લો પડી ગયો છે. જ્યારથી અમેરિકાએ કાસીમ સુલેમાનીની હત્યા કરી છે ત્યારબાદથી બંને દેશો વચ્ચે તંગદિલી જારી છે. કાસિમ સુલેમાનીના મોત પછી ઈરાને ઈરાકમાં અમેરિકાના સૈન્ય બેઝ પર મિસાઈલથી હુમલો કર્યો હતો. ત્યારબાદ ઈરાનને ડર હતો કે અમેરિકા બદલો લેવા માટે ફરી એક વખત તેના પર હુમલો કરશે. આ જ વાતને ધ્યાનમાં રાખીને તેણે સૈનિકો તૈનાત રાખ્યા હતાં.

યુક્રેનનું યાત્રી વિમાન જ્યારે ઈરાનના સૈન્ય બેઝ પાસેથી પસાર થયું તો તેણે તેને નિશાન બનાવ્યું હતું.

# યઝીદીઓ પર અત્યાચાર કરનાર આમિર ISનો નવો ચીફ બન્યો

**• આમિર આઈએસ જે હુમલા કરતું હતું સંચાલન કરતો હતો**

ઈરાક : આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટના નવા સરદારની ઓળખ આખરે છતી થઈ ગઈ છે. બ્રિટિશ મીડિયા રિપોર્ટ પ્રમાણે આઈએસની કમાન હવે આમિર મહોમ્મદ અબ્દુલ રહેમાન અલ મવલી ને સોંપવામાં આવી છે.આ રિપોર્ટમાં ગુપ્તચર એજન્સીઓના હવાલાથી કહેવાયુ છે કે, આમિર મહોમ્મદ ઈસ્લામિક સ્ટેટના સ્થાપકો પૈકીનો એક છે. ઈરાકમાં યઝીદી લઘુમતીઓ પર થયેલા અત્યાચારની આગેવાની તેણે જ લીધી હતી. દુનિયાભરમાં ઈસ્લામિક સ્ટેટ દ્વારા જે પણ આતંકવાદી હુમલા થતા હતા તેનુ સંચાલન અને દેખરેખ પણ તે જ રાખતો હતો. ગયા ઓક્ટોબર મહિનામાં અમેરિકન કમાન્ડોના હુમલામાં અલ બગદાદીનુ મોત થયા બાદ સંગઠને પોતાના નવા ચીફ તરીકે અબુ ઈબ્રાહિમ અલ હાશિમી અલ કુરેશીના નામનો પ્રસ્તાવ મુક્યો હતો. જોકે કેટલાક સમીક્ષકોનુ માનવુ છે કે, બગદાદીના માર્યા ગયા બાદ હવે આતંકી સંગઠન કોઈ ખતરો ઉઠાવવા માંગતુ નથી. જેથી નવા ચીફની જાહેરાત કરવામાં આવી નથી.આ નામનો પ્રસ્તાવ ગુપ્તચર એજન્સીઓને ગેરમાર્ગે દોરવા કરાયો હતો.

# નેપાળમાં રિસોર્ટમાંથી ૮ ભારતીયોના મૃતદેહ મળ્યા, ગેસ લીકેજની આશંકા

કાઠમંડુ : પાડોશી દેશ નેપાળની રાજધાની કાઠમાંડૂથી ૨૦૧ કિલોમીટર દૂર આવેલા પોખરામાં ૮ ભારતીય નાગરિકોનાં મોત થઈ ગયા છે. મળતી માહિતી અનુસાર આ નાગરિકોમાં ૪ બાળકો સામેલ છે.

એક રિપોર્ટ અનુસાર જે હોટલમાં તમામ રોકાયા હતા તેમાં શંકાસ્પદ રીતે ગેસ લીક થવાના કારણથી તેઓ બેભાન થઈ ગયા અને તેમનું મોત થઈ ગયું. તમામ ભારતીય નાગરિકોને તાત્કાલિક હૉસ્પિટલ લઇ જવામાં આવ્યા જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા.

આ ઉપરાંત અહીંનાં એસપી સુશીલ સિંહ રાઠોડે કહ્યું કે, ‘‘મૃતકોમાં ૩૯ વર્ષનાં પ્રવિણ કુમાર નાયર, ૩૪ વર્ષિય શરણ્ય, ૩૯ વર્ષિય રંજીત કુમાર, ૩૪ વર્ષિય ઈંદૂ રંજીત, ૯ વર્ષિય શ્રી ભદ્ર, ૯ વર્ષિય અબિનબ સોરાયા, ૭ વર્ષિય અબી નાયર અને ૨ વર્ષિય રંજીત સામેલ થેછે.

કેરલનાં પોખરાનાં રહેવાસી હતા. તેઓ પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન મકવાનપુર જિલ્લાનાં એક રિસોર્ટમાં રોકાયા હતા. સોમવાર રાત્રે તમામ રિસોર્ટ પહોંચ્યા. હોટલનાં મેનેજરે જણાવ્યું કે રૂમ ગરમ કરવા માટે ગેસ હીટર ઑન કરી દીધું. ૧૫ લોકોનાં આ ગ્રુપે ૪ રૂમ બૂક કરીને રાખ્યા હતા. ૮ રૂમ હતા અને બાકીનાં લોકો અલગ અલગ રૂમમાં હતા. મેનેજરે કહ્યું કે, ‘‘તમામ દરવાજા અને બારીઓ અંદરથી બંધ હતી.’’ પોલીસે શક વ્યક્ત કર્યો છે કે તમામનાં મોત વેન્ટિલેશનની ઉણપનાં કારણે થયા છે.

આ ઘટનામાં કેરલનાં મુખ્યમંત્રી પિનારાઈ વિજયને વિદેશ મંત્રી જયશંકરમે પત્ર લખીને પોતાના મંત્રાલયથી ૮ લોકોનાં પરિવારોને સહાયતા પ્રદાન કરવા માટે હસ્તક્ષેપ કરવાનો અનુરાધ કર્યો છે.

# દુબઈમાં ભારતીય દુકાનદારને ૫૪ હજાર ડોલર અને લકઝરી કારની લોટરી લાગી

**• શ્રીજીત ઈનફીનિટી મેગા રફાલમાં વધુ એક ભારતીય વિજેતા દસ વર્ષથી નિયમીત રીતે લોટરીની ટિકિટ ખરીદતો**

દુબઈ : દુબઈમાં એક દુકાન ચલાવતા ભારતીયની દસ વર્ષની મહેમત ફળી અને દુબઈ રફાલમાં એણે એક લકઝરી કાર તેમજ ૫૪ ૦૦૦ ડોલર જીત્યા હતા.શ્રીજીત નામનો આ દુકાનદાર છેલ્લા દસ વર્ષથી નિયમીત રીતે રફાલ લોટરીની ટિકિટો ખરીદતો હતો. અંતે એક દાયકાની એની મહેનત ફળી અને રાતોરાત કરોડપતિ બની ગયો હતો. ૨૫માં દુબઈ શોપિંગ ફેસ્ટીવલનો ભાગ એટલે ઈનફિનીટી મેગા રફાલ અને શ્રીજીતને ક્યુએક્સ૫૦ કાર અને બે લાખ દિરહામની લોટરી લાગી હતી. આ જેકપોટ જીત્યા પછી શ્રીજીતે કહ્યું હતું કે ’ આ સમાચાર સાંભળ્યા ત્યારે મને મારા કાન પર વિશ્વાસ આવતો ન હતો.છેલ્લા દસ વર્ષથી



કોઈ દિવસ તો જેકપોટ લાગશે એવી આશા સાથે હું નિયમીત રીકે રફાલની ટિકિટ ખરીદું છું. આ જીત મારા માટે ખૂબ મહત્ત્વની છે. હવે હું માનવા લાગ્યો છું કે સપના સાચા પણ પડે છે. મારા બે પુત્રો છે અને ત્રીજો આવવાની તૈયારીમાં છે. આ પૈસાથી તેમના ઉજવળ ભવિષ્યની કામના રાખું છું’એમ તેમણે કહ્યું હતું.

# વિશ્વમાં ૪૭ કરોડથી વધુ લોકો બેકાર, સામાજિક અશાંતિ વધી જશેઃ યુએન

જીનિવા : વિશ્વમાં હાલમાં ૪૭ કરોડથી વધુ લોકો બેકાર છે અથવા તેમને પૂરતું કામ મળી રહ્યું નથી તેમ સંયુક્ત રાષ્ટ્ર(યુએન)એ જણાવ્યું છે. યુએનએ ચેતવણી આપી છે કે યોગ્ય નોકરીઓની સંખ્યા ઘટતી જશે તો સામાજિક અશાંતિ સર્જાશે. યુએનના ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના અનુસાર છેલ્લા દાયકાના મોટા ભાગના સમયમાં બેકારીનો દર સ્થિર રહ્યો છે. ગયા વર્ષે વિશ્વમાં બેકારીનો દર ૫.૪ ટકા હતો. ચાલુ વર્ષે પણ આ દરમાં કોઈ ફેરફાર થવાની શક્યતા નથી. એક તરફ સતત વધી રહેલી વસ્તી અને બીજી તરફ અર્થતંત્રમાં મંદીને પગલે ચાલુ વરેષે પણ બેકારોની સંખ્યામાં વૃદ્ધિ જોવા મળશે. ચાલુ વર્ષે બેકાર તરીકે નામ નોંધાવનારા લોકોની સંખ્યા વધીને ૧૯.૦૫ કરોડ થઈ જશે. જે ગયા વર્ષે ૧૮.૮ કરોડ હતી. આઈએલઓના વાર્ષિક વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલૂક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વમાં ૨૮.૫ કરોડ લોકો એવા છે જેમની પાસે પૂરતું કામ નથી. આઈએલઓના વડા ગુય રાયડરે જીનિવામાં પત્રકારોને જણાવ્યું હતું કે વિશ્વમાં વધી રહેલી બેકારી ખૂબ જ ચિંતાની વાત છે. તેમણે જણાવ્યું હતું કે જો બેકારીનું પ્રમાણ વધશે તો લેબેનોન અને ચિલેમાં થઈ રહેલા દેખાવો વિશ્વના અન્ય ભાગોમાં પણ જોવા મળશે.

# બ્રેક્ઝિટ ખરડાને બ્રિટિશ સંસદની બહાલી, યુરોપિ. યુનિયનની બહાર

લંડન : બ્રિટિશ સંસદે આખરે બ્રેક્ઝિટ ખરડાને મંજૂરી આપી દીધી હતી. હવે બ્રિટન યૂરોપિયન યૂનિયન છોડી દઈ શકશે. જો કે હજુ મહારાણી એલિઝાબેથની ઔપચારિક મંજૂરની વાટ જોવાઈ રહી હતી. વાસ્તવમાં આ મુદ્દેજ થોડા સમય પહેલાં સંસદીય ચૂંટણી કરવી પડી હતી જેમાં બોરિસ જ્હોન્સનના પક્ષને જંગી બહુમતી મળી હતી. ૩૧મી જાન્યુઆરીની મધરાતે બ્રિટન યૂરોપિયન યૂનિયનના જોડાણથી મુક્ત થશે.એ પહેલાં વડા પ્રધાન રાત્રે ૧૧ વાગ્યે રાષ્ટ્રજોગું પ્રવચન કરશે. એ પહેલાં તેમના પ્રધાનમંડળની એક ઈમર્જન્સી બેઠક પણ યોજાશે. સ્કોટલેન્ડ, નોર્ધર્ન આયર્લેંડ અને વેલ્સ સહિત બ્રિટનના તમામ વિસ્તારોને રાષ્ટ્રીય એકતા અંગેનો સંદેશો આપવા પ્રધાન મંડળની આ બેઠક યોજાવાની છે. બ્રિટનની સંસદનું નીચલું ગૃહ એટલે કે હાઉસ ઑફ કોમન્સ અત્યાર અગાઉ જ આ ખરડાને મજૂરી આપી ચૂક્યું હતું. હવે હાઉસ ઑફ લોર્ડ્ઝે પણ મંજૂરી આપી હતી. આમ બ્રેક્ઝિટના માર્ગમાં રહેલા તમામ અવરોધો દૂર થયા હતા. જો કે હાઉસ ઑફ લોર્ડ્ઝમાં થોડાંક સૂચનો રજૂ થયાં હતાં જેમાં બાળ શરણાર્થી જેવા મુદ્દાનો સમાવેશ થયો હતો.

# ૮૩ દેશનાં CEOનાં મતે અમેરિકા, ચીન, જર્મની બાદ ભારતનું બજાર સૌથી શ્રેષ્ઠ

**• અમેરિકામાં આગામી ૧૨ મહિનામાં વૃધ્ધીની દ્રષ્ટીએ ટોચનું બજાર છ**

વોશિંગ્ટન : દુનિયાભરની કંપનીઓ માટે વૃધ્ધીની દ્રષ્ટીએ ભારત ચોથો સૌથી મોટું બજાર છે, એક વૈશ્વિક સર્વેક્ષણમાં ૯ ટકા સીઈઓએ અમેરિકા,ચીન,અને જર્મની બાદ ભારતને ચૌથું સૌથી સારૂ બજાર માન્યું છે.

બીજી તરફ ભારતે ૪૦ ટકા સીઈઓએ ભરોસો વ્યક્ત કર્યો છે કે ૨૦૨૦માં તેમની કંપનીની આવકમાં વૃધ્ધી થશે, ચીનમાં સૌથી વધું ૪૫ ટકા અધિકારીઓની આવકમાં વૃધ્ધીની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વિશ્વ આર્થિક મંચની વાર્ષિક બેઠક દરમિયાન પીડબલ્યુસીનો આ વૈશ્વિક સીઈઓનું સર્વેક્ષણ જારી કરવામાં આવ્યું છે, આગામી વર્ષમાં કંપનીની વૃધ્ધીને લઈને મોટાભાગનાં સીઈઓનું વલણ બહું સકારાત્મક નથી, માત્ર ૨૭ ટકા સીઈઓએ સ્વિકાર્યું કે આગામી ૧૨ મહિનામાં કંપનીની વૃધ્ધીનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. સર્વેક્ષણમાં ૮૩ દેશોનાં લગભગ ૧૬૦૦ સીઈઓનો સમાવેશ કરાયો છે.

પીડબલ્યૂસીએ કહ્યું કે ૩૦ ટકા સીઈઓનું માનવું છે કે અમેરિકામાં આગામી ૧૨ મહિનામાં વૃધ્ધીની દ્રષ્ટીએ ટોચનું બજાર છે, જ્યારે ચીન તેમાં ફક્ત ૨૯ ટકા પર છે, તે ઉપરાંત ટોચનાં પાંચ દેશોમાં જર્મની (૧૩ ટકા) ભારત (૯ ટકા) અને બ્રિટન(૯ ટકા) છે.

સસ્તી ટિકીટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન

ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ

LOWEST FARES GUARANTEED

Rank One Travels & Tours

SPECIAL SEAT SALE

www.rankonetravels.com

એર ઈન્ડિયાની ફ્લાઈટમાં સૌથી સસ્તા દરે મુસાફરી કરો



FARES TO

MUMBAI, AHMEDABAD, VADODRA, KOLKATA, DELHI, BANGALURU, CHENNAI, HYDERABAD

AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES - CRUISES - INSURANCE

CALL US TODAY!

905.672.5300 I 1-866.929.5300

Email: rajesh@rankonetravels.com

tico.ca LIC: 50021002

49, Hillcrest Avenue, Unit - 203, Brampton L6W 4V4

CLIA CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com

Website: www.century21.ca/niraj.pancholi

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience

Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



MOTEL KING : Specializing in Selling MOTELS with Proven Record

MOTELS FOR SALE

12 Room Motel Renovated, Hwy 7, 1 hr from Peterborough Asking $750,000
14 Room Motel & Restaurant near Sudbury VTB available Asking $699,000
16 Room Motel, Rest & Banquet Hall near Sault Ste. Marie Asking $1.1M
18 Room Motel Renovated, Near Pembroke Asking $799,000
27 Room Motel Near USA border, 3 hrs West of GTA Asking $1.7M
27 Room Motel Near Thunder Bay Airport Asking $2.2M
41 Room Motel Near Hwy 401 & USA border, 3 hrs East of GTA Asking $2.2M
42 Room Motel Northern Ontario, Inside corridor Asking $1.3M

FRANCHISE MOTELS & HOTELS FOR SALE

35+ Room Franchise Motel 3 hrs north of GTA Asking $2.5M
40+ Room Franchise Motel & Rest. Northern Ontario Asking $3.8M
50+ Room Franchise Motel 2 hrs north of GTA Asking $3.2M
50+ Room Franchise Motel in New Burnswick Asking $3.2M
50+ Room Franchise Motel & Rest. 3 hrs East of GTA Asking $4.5M
50+ Room Top Brand Franchise Hotel 2 hrs form GTA Asking $13M
Coming up: Franchise Hotel in tourist destination Asking under $5M

OTHER MOTELS FOR SALE IN ONTARIO

Small to Medium size Motels Prices b/w $600K to $5M
Down Payment: 25% to 50% Require, I will assist you to get a Bank loan.
Principal Buyers Only. Call for personal meeting.

OTHER BUSINESSES / COMMERCIAL PROPERTIES

OUR TEAM IS SELLING OTHER BUSINESSES: If you are thinking to sell your business or commercial property, such as ..... Plaza, Apartment Building, Food Franchise, Restaurant, Gas Station, Medical clinics & other businesses. Please contact us;we will visit your property to do freemarket evaluation.

IMMDEDIATE REQUIREMENT FOR MOTELS IN BELOW AREA
For Real & Genuine Buyers with provable down payment

Ajax, Oshawa, Peterborough, Kingston, Ottawa
Kitchener, Waterloo, Guelph, Cambridge, London
Barrie, Orillia, Collingwood, Sudbury, North Bay
Burlington, St Catharines, Niagara Falls

URGENT LISTING REQUIRE: MOTELS & HOTELS

Any Size, Any Price, Anywhere, Franchise or Non Franchise.....
I have many qualified Buyers/Investors looking to close the deal in Spring 2020.
If you are thinking to sell fast &professionally, please call me ASAP to view your property & evaluate market price.

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke